વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થી માટે અત્યંત ઉપયોગી સાપ્તાહિક

# વર્તમાન પ્રવાહો

**APRIL** | **E-COPY**

**01/04/2024 to 30/04/2024**









**BRAHMOS**




મધ્યપ્રદેશના 6 નવા સ્થળોનો યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની કામચલાઉ યાદીમાં સમાવેશ

હિમાચલપ્રદેશના ધર્મશાલા સ્ટેડિયમને મળશે ભારતની પ્રથમ 'હાઈબ્રિડ પિચ'

કચ્છમાં ખોદકામથી 5200 જૂની હડપ્પન વસાહત મળી

ભારતે બ્રહ્મોસ મિસાઈલની પ્રથમ બેચ ફિલિપાઈન્સને આપી


પેજ નં. 13 — ત્રિપુરા : માતાબારી પેડા પ્રસાદ, રિગ્નાઈ પચરા ટેક્સટાઈલને GI ટેગ મળ્યો

પેજ નં. 15 — એન્ટાર્કટિકામાં ભારતની નવી પોસ્ટ ઓફિસ

પેજ નં. 24 — ઓપરેશન મેઘદૂત



GPSC-I/II | GPSC-III | નાયબ મામલતદાર
PSI-ASI | CONSTABLE | તલાટી | બિન સચિવાલય
BANK | SBI | IBPS | SSC | RAILWAY

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

# અનુક્રમણિકા


| ક્રમ | મુદ્દાઓ | પાના નંબર |
|---|---|---|
| | **મહિનાના મુખ્ય મુદ્દાઓ :** | |
| 1 | કેન્દ્ર તરફથી આપત્તિ રાહત ભંડોળ | 06 |
| 2 | ઔદ્યોગિક આલ્કોહોલ પર આબકારી જકાત લાદવાની રાજ્ય સરકારોની સત્તા પર વિવાદ | 07 |
| 3 | પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (સુધારા) નિયમો, 2024 | 08 |
| 4 | મધ્યપ્રદેશના 6 નવા સ્થળોનો યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની કામચલાઉ યાદીમાં સમાવેશ | 08 |
| | **આંતરરાજ્ય** | |
| 5 | ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ્સ | 11 |
| 6 | ભારતમાં નવી સેટેલાઈટ – આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ | 11 |
| 7 | IAU એ ચંદ્રયાન – 3 ના લેન્ડિંગ સાઈટના ‘શિવ–શક્તિ’ નામને મંજૂરી આપી | 12 |
| 8 | અરૂણાચલપ્રદેશ અને નાગાલેન્ડમાં AFSPA નું વિસ્તરણ | 12 |
| 9 | ત્રિપુરા : માતાબારી પેડા પ્રસાદ, રિગ્નાઈ પચરા ટેક્સટાઈલને GI ટેગ મળ્યો | 13 |
| 10 | કોડાઈકેનાલ સૌર વેધશાળાના 125 વર્ષ | 13 |
| 11 | આસામ, મેઘાલય અને ઉત્તરપ્રદેશના કેટલાક ઉત્પાદનોને GI ટેગ પ્રદાન કરવામાં આવ્યા | 14 |
| 12 | ઉત્તરાખંડના ઉચ્ચ જોખમી હિમનદી સરોવરોનું મૂલ્યાંકન કરવા નિષ્ણાત ટીમો | 14 |
| 13 | ઈ–કોમર્સ ફૂડ બિઝનેસ ઓપરેટરોને FSSAI ના નિર્દેશો | 15 |
| 14 | ભારતે ચીનની નામ બદલવાની રણનીતિની સ્પષ્ટ નિંદા કરી | 15 |
| 15 | એન્ટાર્કટિકામાં ભારતની નવી પોસ્ટ ઓફિસ | 15 |
| 16 | આબોહવા પરિવર્તનની પ્રતિકુળ અસરો સામે અધિકાર, જીવન અને સમાનતાના અધિકારોનો ભાગ : SC | 16 |
| 17 | SWAMIH ફંડ | 16 |
| 18 | વાયનાડ અભ્યારણ્યમાં આગથી 100 હેક્ટર જમીનનો નાશ | 16 |
| 19 | ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ મેળવતા વિદેશીઓની સંખ્યામાં વધારો અંગે કેન્દ્રએ તપાસનો આદેશ આપ્યો | 17 |
| 20 | ભારત નવા મિલિટરી એટેચ સાથે વ્યૂહાત્મક સંબંધો અને શસ્ત્રોની નિકાસનું વિસ્તરણ કરે છે | 17 |
| 21 | મધ્યપ્રદેશ કેન્દ્રના ગ્રીન ક્રેડિટ પ્રોગ્રામના અમલીકરણમાં અગ્રેસર | 18 |
| 22 | FY24 માં ભારતની કઠોળની આયાત 6 વર્ષની ઉંચી સપાટીએ પંહોચી | 18 |
| 23 | ઉમેદવારોને મતદારો સામે ગોપનીયતાનો અધિકાર છે : સુપ્રીમ કોર્ટ | 18 |
| 24 | મોન્સૂન સીઝન 2024 : ભારતમાં સામાન્ય કરતાં વધુ વરસાદ પડશે | 19 |
| 25 | IISc એ સ્વસ્થ વૃદ્ધત્વ માટે ‘Longevity India Initiative’ શરૂ કર્યું | 20 |
| 26 | ભારતીય મસાલા બ્રાન્ડ્સમાં ઈથિલિન ઓક્સાઈડનું દૂષણ | 20 |
| 27 | ગ્રેટ નિકોબાર આઈલેન્ડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ | 20 |
| 28 | નાબાર્ડ ગ્રીન ફાઈનાન્સિંગ દ્વારા ‘ક્લાઈમેટ સ્ટ્રેટજી 2030’ શરૂ કરી | 21 |
| 29 | ભારતીય નૌકાદળના મહિલા અધિકારીઓએ ઐતિહાસિક ટ્રાન્સઓસેનિક અભિયાન પૂર્ણ કર્યું | 21 |
| 30 | લદ્દાખમાં નિમ્મુ – પદમ – દારચા માર્ગ | 22 |
| 31 | CPCRI નારિયેળ અને કોકોની ખેતી માટે નવી જાતો રજૂ કરે છે | 22 |


Banking Academy

| | | |
|---|---|---|
| 32 | પારાદ્વીપ બંદર | 22 |
| 33 | મધ્યપ્રદેશમાં ભારતનું પ્રથમ સ્મોલ – સ્કેલ LNG યુનિટ | 23 |
| 34 | કલ્લાકાડલ (Kallakkadal) | 23 |
| 35 | CSIR મુખ્યાલય ખાતે ભારતની સૌથી મોટી ક્લાઈમેટ ક્લોક સક્રિય થઈ | 24 |
| 36 | ઓપરેશન મેઘદૂત | 24 |
| | **ગુજરાત** | |
| 37 | IREDA દ્વારા ગ્રીન એનર્જી પ્રોજેક્ટ્સને ટેકો આપવા માટે ગિફ્ટ સિટી ખાતે ઓફિસ શરૂ કરવામાં આવી | 26 |
| 38 | રાજય શિક્ષણ મંત્રી પ્રફૂલ પાનશેરિયાના હસ્તે 'શિક્ષા રિફોર્મનું ' લોન્ચિંગ | 26 |
| 39 | કચ્છમાં ખોદકામથી 5200 જૂની હડપ્પન વસાહત મળી | 26 |
| 40 | કચ્છમાંથી વાસુકી નાગના અવશેષો મળી આવ્યા | 27 |
| | **આંતરરાષ્ટ્રીય** | |
| 41 | કંબોડિયામાં 5,000 થી વધુ ભારતીયો ફસાયા, સાયબર છેતરપિંડી કરવાની ફરજ પડી | 28 |
| 42 | કાચાથીવુ ટાપુ (Katchatheevu Island) | 28 |
| 43 | બલ્ગેરિયા અને રોમાનિયા આંશિક રીતે યુરોપના શેંગેન વિસ્તારમાં જોડાયા | 29 |
| 44 | UK અને US એ AI સેફ્ટી એગ્રીમેન્ટ કરાર પર હસ્તાક્ષર કર્યા | 29 |
| 45 | કોચીન શિપયાર્ડે યુએસ નેવી સાથે માસ્ટર શિપયાર્ડ સમારકામ કરાર પર હસ્તાક્ષર કર્યા | 30 |
| 46 | ભારત – પેરુ વેપાર કરાર વાટાઘાટોનો 7 મો રાઉન્ડ દિલ્હીમાં પૂર્ણ થયો | 30 |
| 47 | તાઈવાનમાં ભારે ધરતીકંપ : રીંગ ઓફ ફાયર | 30 |
| 48 | ઈરાન – ઈઝરાયેલ સંઘર્ષ : વિશ્વ પર તેની અસર | 31 |
| 49 | ભારતે બ્રહ્મોસ મિસાઈલની પ્રથમ બેચ ફિલિપાઈન્સને આપી | 32 |
| 50 | નેપાળે પ્રથમ આંતરરાષ્ટ્રીય રેઈન્બો ટુરિઝમ કોન્ફરન્સનું આયોજન કર્યુ | 32 |
| 51 | ટાઈગર લેન્ડસ્કેપ માટે સસ્ટેનેબલ ફાઈનાન્સ કોન્ફરન્સ | 32 |
| 52 | Project Nimbus | 33 |
| 53 | UK એ આશ્રય શોધનારાઓને રવાન્ડામાં દેશનિકાલ કરવા માટેનું બિલ પસાર કર્યુ | 33 |
| 54 | સાલાસ વાય ગોમેઝ (Salas Y Gomez) | 33 |
| | **અર્થવ્યવસ્થા** | |
| 55 | ડિજિટલ ઈન્ડિયા ટ્રસ્ટ એજન્સી (DIGITA) | 35 |
| 56 | T + 0 ટ્રેડિંગ સેટલમેન્ટ સાયકલ | 35 |
| 57 | IRDAI એ 'બીમા સુગમ' માર્કેટપ્લેસની સ્થાપનાને મંજૂરી આપી | 36 |
| 58 | Meme Coins શું છે? | 36 |
| 59 | RBI મોનેટરી પોલિસી, રેપો રેટ સાતમી વખત સ્થિર રહેશે | 36 |
| 60 | ભારતમાં UPI ટ્રાન્ઝેક્શનમાં 56% નો વધારો | 37 |
| 61 | ભારત બિલપે SBI NCMC કાર્ડ રિચાર્જને સક્ષમ કરશે | 37 |
| 62 | CBDT એ FY24 માં 125 એડવાન્સ પ્રાઈસિંગ એગ્રીમેન્ટ્સના રેકોર્ડ નંબર પર હસ્તાક્ષર કર્યા | 38 |
| 63 | ગ્રીડ – ઈન્ડિયાને મિની રત્ન કંપનીનો દરજ્જો મળ્યો | 38 |
| | **યોજના, પોર્ટલ અને એપ્લિકેશન** | |
| 64 | ગગનયાન ક્રૂને મદદ કરવા માટે SAKHI એપ | 39 |
| 65 | મનરેગા યોજના હેઠળ વેતન દરોમાં સુધારો | 39 |
| 66 | C – Vigil એપ્લિકેશન | 39 |
| 67 | CDP – SURAKSHA : બાગાયત સબસિડી માટેનું ડિજિટલ પ્લેટફોર્મ | 40 |

| | રિપોર્ટ અને ઈન્ડેક્સ | |
|---|---|---|
| 68 | ઈન્ડિયા ટીબી રિપોર્ટ 2024 | 42 |
| 69 | ઈન્ડિયા એમ્પ્લોયમેન્ટ રિપોર્ટ 2024 | 42 |
| 70 | ભારત ડિજિટલી વિતરિત સેવાઓના ચોથા સૌથી મોટા નિકાસકાર તરીકે ઉભરી આવ્યું : WTO રિપોર્ટ | 43 |
| 71 | વર્લ્ડ સાયબર ક્રાઈમ ઈન્ડેક્સ | 44 |
| 72 | 2024 પ્લાસ્ટિક ઓવરશૂટ ડે રિપોર્ટ | 44 |
| 73 | ભારતીય હિમાલયમાં ગ્લેશિયર લેક્સનું નોંધપાત્ર વિસ્તરણ : ISRO રિપોર્ટ | 45 |
| 74 | ગ્લાયકેમિક ઈન્ડેક્સ (GI) અને ગ્લાયકેમિક લોડ (GL) | 45 |
| 75 | Hurun Rich List 2024 : મુંબઈ ત્રીજા સ્થાને | 45 |
| 76 | એશિયા ડેવલપમેન્ટ આઉટલુક રિપોર્ટ – 2024 | 46 |
| 77 | UNFPA સ્ટેટ ઓફ વર્લ્ડ પોપ્યુલેશન રિપોર્ટ | 46 |
| 78 | વૈશ્વિક હેપેટાઈટિસ રિપોર્ટ 2024 | 47 |
| 79 | ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ વિશ્વનું 10 મું સૌથી વ્યસ્ત એરપોર્ટ | 47 |
| 80 | Trends in World Military Expenditure, 2023 રિપોર્ટ : SIPRI | 48 |
| 81 | QS World University Ranking by Subject 2024 | 48 |
| | પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી | |
| 82 | એન્ટાર્કટિક સર્કમ્પોલર કરંટ (ACC) | 49 |
| 83 | PSLV ઓર્બિટલ એક્સપેરિમેન્ટલ મોડયુલ – 3 | 49 |
| 84 | LCA તેજસ માર્ક 1 A ફાઈટર એરક્રાફ્ટની પ્રથમ ઉડાન | 50 |
| 85 | ભારત, મોઝામ્બિક અને તાંઝાનિયા ત્રિપક્ષીય ક્વાયત IMT TRILAT – 2024 | 50 |
| 86 | ઈલેક્ટ્રોએન્સફાલોગ્રામ (EEG) ની શોધની 100 મી વર્ષગાંઠ મનાવવામાં આવી | 51 |
| 87 | ગુરુના ચંદ્ર કેલિસ્ટો પર ઓઝોન હોવાના પુરાવા મળ્યા | 51 |
| 88 | Open AI નું Voice Engline મોડલ | 51 |
| 89 | ભારતને ઈગ્લા–એસ મેન પોર્ટેબલ એર ડિફેન્સ સિસ્ટમ (MANPADS) ની પ્રથમ બેચ મળી | 52 |
| 90 | ડાર્ક એનર્જી સ્પેક્ટ્રોસ્કોપિક ઈન્સ્ટ્રુમેન્ટ (DESI) | 52 |
| 91 | વિશ્વનું સૌથી શક્તિશાળી લેસર રોમાનિયામાં વિકસિત | 52 |
| 92 | ભારતનો પહેલો Military – Grade Geospatial સેટેલાઈટ TSAT-1A ખાનગી ક્ષેત્ર દ્વારા લોન્ચ | 53 |
| 93 | ભારતીય સેનાના ત્રિશક્તિ કોર્પ્સે સિક્કિમમાં મિસાઈલ ફાયરિંગ ક્વાયત હાથ ધરી | 53 |
| 94 | ભારત અને યુએસ 'ઈન્ડિયન ઓસન ઓબ્ઝર્વિંગ સિસ્ટમ' ફરીથી સક્રીય કરશે | 54 |
| 95 | એરો એરિયલ ડિફેન્સ સિસ્ટમ | 54 |
| 96 | DRDO અને ભારતીય સેનાએ સ્વદેશી MPATGM વેપન સિસ્ટમનું સફળ પરીક્ષણ કર્યુ | 55 |
| 97 | IISc વૈજ્ઞાનિકોએ પાણીમાંથી માઈક્રોપ્લાસ્ટિકને દૂર કરવા માટે ટકાઉ હાઈડ્રોજેલ વિકસાવ્યું | 55 |
| 98 | Hubble Tension | 55 |
| 99 | નાઈજીરીયાએ Men5CV મેનિન્જાઈટિસની રસી બહાર પાડી | 56 |
| 100 | Gaia BH3 : આકાશગંગામાં સૌથી વિશાળ તારાકીય બ્લેક હોલ | 56 |
| 101 | IIT કાનપુર અને AFMS સૈનિકોના સ્વાસ્થ્ય માટે સંયુક્ત રીતે ટેક્નોલોજી વિકસાવશે | 57 |
| 102 | Euvichol – S : WHO એ નવી ઓરલ કોલેરા વેક્સિનને મંજૂરી આપી | 57 |
| 103 | ભારતીય નૌકાદળના સબમર્સિબલ પ્લેટફોર્મ 'SPACE' નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું | 57 |
| 104 | Meta એ Llama 3 દ્વારા સંચાલિત એડવાન્સ AI આસિસ્ટ લોન્ચ કર્યુ | 58 |


Banking Academy

| | | |
|---|---|---|
| 105 | રોસ આઈસ શેલ્ફ | 58 |
| 106 | Crystal Maze 2 : IAF એ એર– લોન્ચ બેલેસ્ટિક મિસાઈલનું સફળતાપૂર્વક પ્રક્ષેપણ કર્યુ | 59 |
| 107 | DRDO એ સૌથી હલકું બુલેટ પ્રૂફ જેકેટ વિકસાવ્યું | 59 |
| 108 | NASA નું એડવાન્સ્ડ કમ્પોઝિટ સોલર સેઈલ સિસ્ટમ મિશન (ACS3) | 59 |
| 109 | માઈક્રોસોફ્ટનું નવું ઈમેજ – ટુ – વિડિયો AI મોડલ VASA – 1 | 60 |
| 110 | IIT ગુવાહાટીએ નવીન 3D પ્રિન્ટેડ ડમી બેલેટ યુનિટ વિકસાવ્યું | 60 |
| 111 | WHO એ CoViNet લોન્ચ કર્યુ | 60 |
| 112 | ગગન શક્તિ 2024 | 61 |
| 113 | DRDO એ પશ્ચિમ બંગાળમાં પરીક્ષણ કેન્દ્ર માટે પ્રોજેક્ટ શરૂ કર્યો | 61 |
| 114 | 'મધર ઓફ ડ્રેગન' ધુમકેતુ | 62 |
| 115 | Exercise DUSTLIK : ભારત – ઉઝબેકિસ્તાન | 62 |
| 116 | પૂર્વી લહેર ક્વાયત (Exercise Poorvi Lehar) | 62 |
| 117 | NASA નું ડ્રેગનફલાય રોટરક્રાફ્ટ મિશન | 63 |
| | **રમત–જગત** | |
| 118 | ડી ગુકેશ 2024 FIDE કેન્ડીડેટ્સ ચેસ ટુર્નામેન્ટ જીત્યો | 65 |
| 119 | સૌરવ ઘોષાલે પ્રોફેશનલ સ્કવોશમાંથી નિવૃતિ લેવાની જાહેરાત કરી | 65 |
| 120 | હિમાચલપ્રદેશના ધર્મશાલા સ્ટેડિયમને મળશે ભારતની પ્રથમ 'હાઈબ્રિડ પિચ' | 65 |
| 121 | હોકી ઈન્ડિયા એવોર્ડ 2023 | 66 |
| 122 | એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ 2024 | 66 |
| | **નિમણૂક, વ્યકિત, પુસ્તક અને નિધન** | |
| 123 | જસ્ટિસ અનિરુદ્ધ બોઝ નેશનલ જ્યુડિશિયલ એકેડમીના ડિરેક્ટર તરીકે નિયુક્ત | 67 |
| 124 | ભારતીય ઉદ્યોગ સાહસિક ગોપીચંદ થોટાકુરા બ્લુ ઓરિજિન સ્પેસ મિશનમાં જોડાશે | 67 |
| 125 | ડો. નઈમા ખાતૂન AMU ના પ્રથમ મહિલા વાઈસ ચાન્સેલર બન્યા | 68 |
| 126 | પ્રોફેસર જયંત મૂર્તિના નામ પરથી એસ્ટરોઈડનું નામ | 68 |
| 127 | NIA ના નવા ડિરેક્ટર જનરલ તરીકે સદાનંદ દાતેની નિમણૂક કરવામાં આવી | 68 |
| 128 | ગોડ પાર્ટિકલની શોધ માટે જાણીતા પીટર હિગ્સનું નિધન | 69 |
| 129 | નલીન પ્રભાતની NSG ના ડિરેક્ટર જનરલ તરીકે નિમણૂક | 69 |
| | **એવોર્ડ અને પુરસ્કાર** | |
| 130 | ભારતની ચંદ્રયાન – 3 મિશન ટીમને 2024 નો જહોન એલ. 'જેકે' સ્વિગર્ટ જુનિયર એવોર્ડ આપવામાં આવ્યો | 70 |
| 131 | મિસ AI : આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પ્રભાવકો માટે વિશ્વની પ્રથમ સૌંદર્ય સ્પર્ધા | 70 |
| 132 | અમિતાભ બચ્ચનને લતા દીનાનાથ મંગેશકર એવોર્ડ 2024 થી સન્માનિત કરવામાં આવશે | 70 |
| 133 | REC લિમિટેડે SKOCH ESG એવોર્ડ 2024 જીત્યો | 71 |
| 134 | માલ્કમ એડિશેશિયા એવોર્ડ 2024 | 71 |
| 135 | પાવુલુરી સુબ્બા રાવને અવકાશ વિજ્ઞાન યોગદાન માટે આર્યભટ્ટ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા | 72 |
| | **મહત્વના દિવસો** | |
| 136 | 01 - એપ્રિલ : રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) નો સ્થાપના દિવસ | 74 |
| 137 | 02 - એપ્રિલ : વિશ્વ ઓટીઝમ જાગૃતિ દિવસ (World Autism Awareness Day) | 74 |
| 138 | 05 - એપ્રિલ : રાષ્ટ્રીય દરિયાઈ દિવસ (National Maritime Day) | 75 |

| | | |
|---|---|---|
| 139 | 07 - એપ્રિલ : વિશ્વ આરોગ્ય દિવસ | 75 |
| 140 | 10 - એપ્રિલ : વિશ્વ હોમિયોપેથી દિવસ | 75 |
| 141 | 11 - એપ્રિલ : રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ (National Safe Motherhood Day) | 75 |
| 142 | 11 - એપ્રિલ : વિશ્વ પાર્કિન્સન્સ દિવસ | 76 |
| 143 | 14 - એપ્રિલ : ભારતીય બંધારણના પિતા ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ | 76 |
| 144 | 17 - એપ્રિલ : વિશ્વ હિમોફિલિયા દિવસ | 76 |
| 145 | 18 - એપ્રિલ : વિશ્વ વિરાસત દિવસ (World Heritage Day) | 77 |
| 146 | 19 - એપ્રિલ : વિશ્વ યકૃત દિવસ (World Liver Day) | 77 |
| 147 | 21 - એપ્રિલ : રાષ્ટ્રીય સનદી સેવા દિવસ (National Civil Services Days) | 77 |
| 148 | 22 - એપ્રિલ : પૃથ્વી દિવસ (Earth Day) | 77 |
| 149 | 23 – એપ્રિલ : વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ (World Book and Copyright Day) | 78 |
| 150 | 24 – એપ્રિલ : રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ (National Panchayati Raj Day) | 78 |
| 151 | 25 – એપ્રિલ : વિશ્વ મલેરિયા દિવસ (World Malaria Day) | 78 |
| 152 | 26 – એપ્રિલ : વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ (World Intellectual Property Day) | 78 |
| Current Affairs Booster | | 79 |
| Facts.... Inshort | | 88 |


Banking Academy

# 1 મહત્વના મુખ્ય મુદ્દાઓ

## કેન્દ્ર તરફથી આપત્તિ રાહત ભંડોળ



- તાજેતરમાં તમિલનાડુ સરકારે સુપ્રીમ કોર્ટમાં દાવો દાખલ કર્યો છે જેમાં ડિસેમ્બર 2023માં ચક્રવાત મિચાઉંગ અને તેના પરિણામે આવેલા પૂર પછી કેન્દ્ર રાષ્ટ્રીય આપત્તિ રાહત ભંડોળ (NDRF) રોકી રહ્યું છે.
- અગાઉ કર્ણાટક સરકારે પણ સર્વોચ્ચ અદાલતમાં અરજી દાખલ કરી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે કેન્દ્ર રાજ્યમાં દુકાળગ્રસ્ત વિસ્તારોને મદદ કરવા માટે જરૂરી આપત્તિ રાહત ભંડોળનો ઈનકાર કરી રહ્યું છે.

### ❖ કુદરતી આપત્તિ દરમિયાન રાજ્યોને કેવી રીતે મદદ કરવામાં આવે છે?

- ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, 2005 હેઠળ સ્થાપિત વિવિધ મિકેનિઝમ્સ દ્વારા રાજયો કુદરતી આફતો દરમિયાન સહાય મેળવે છે.
- આ કાયદો આપત્તિને કોઈપણ નોંધપાત્ર ઘટના તરીકે વ્યાખ્યાયિત કરે છે, પછી ભલે તે કુદરતી હોય કે માનવસર્જિત હોય. જેના કારણે જીવનનું નોંધપાત્ર નુકશાન, માનવીય દુઃખ, મિલકતને નુકશાન અથવા સમુદાયની સામનો કરવાની ક્ષમતાની બહાર પર્યાવરણીય અધોગતિ થાય.
- આ કાયદાએ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (SDMA) સાથે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA) ની સ્થાપના કરી.
- આ સંસ્થાઓ ભારતમાં એક સંકલિત આપત્તિ વ્યવસ્થાપન પ્રણાલીની રચના કરવા માટે જિલ્લા સ્તરના અધિકારીઓ સાથે જોડાણમાં કામ કરે છે.
- આપત્તિ રાહત માટેના ભંડોળ રાજયોને બે સ્ત્રોતોમાંથી ઉપલબ્ધ છે. સ્ટેટ ડિઝાસ્ટર રિલિફ ફંડ (SDRF) અને નેશનલ ડિઝાસ્ટર રિલીફ ફંડ (NDRF).
- ડિસેમ્બર 2004 ની વિનાશક સુનામી બાદ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, 2005 ના અમલ સાથે આ ભંડોળ બનાવવામાં આવ્યું હતું.

### ❖ NDRD તરફથી રાજ્યોને ભંડોળ કેવી રીતે બહાર પાડવામાં આવે છે?

- આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, 2005 ના અમલીકરણ સાથે રાષ્ટ્રીય આપત્તિ આકસ્મિક ભંડોળ (NCCF) ને રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળ (NDRF) તરીકે નામ આપવામાં આવ્યું.
- કોઈપણ ભયજનક આપત્તિની પરિસ્થિતિ અથવા આપત્તિને કારણે કટોકટી પ્રતિભાવ, રાહત અને પુનઃવર્સન માટેના ખર્ચને પંહોચી વળવા માટે તે કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત થાય છે.
- તે ગંભીર પ્રકૃતિ આપત્તિના કિસ્સામાં SDRF ને પૂરક બનાવે છે, જો SDRF માં પૂરતું ભંડોળ ઉપલબ્ધ ન હોય.
- NDRF ના બંધારણ અને વહીવટ માટે જાન્યુઆરી 2022 ના ઓપરેશનલ માર્ગદર્શિકા મુજબ, નાણાકીય વર્ષ 2021-22 થી 2025-26 સુધી NDRF માટે ભંડોળ ફાળવવામાં આવ્યું છે.
- એવા કિસ્સામાં જ્યાં રાજય પાસે SDRF માં પૂરતા ભંડોળનો અભાવ હોય અને તેની સામનો કરવાની ક્ષમતા કરતા વધુ રાષ્ટ્રીય આફતનો અનુભવ થયો હોય, તે NDRF પાસેથી સહાયની વિનંતી કરી શકે છે.
- ગૃહમંત્રાલય અથવા કૃષિ મંત્રાલય પરિસ્થિતિનું મૂલ્યાંકન કરશે અને માર્ગદર્શિકામાં દર્શાવેલ ચોક્કસ પ્રક્રિયાને અનુસરીને NDRF પાસેથી વધારાની સહાયની જરૂરિયાત અંગે નિર્ણય લેશે.
- ઈન્ટર – મિનિસ્ટ્રીયલ સેન્ટ્રલ ટીમ (IMCT) ની રચના આ પ્રક્રિયામાં અસરગ્રસ્ત વિસ્તારોનું મૂલ્યાંકન કરવા અને વધારાના ભંડોળ જરૂરી છે કે કેમ તેની ભલામણ કરવા માટે MHA દ્વારા કરવામાં આવે છે.
- ત્યાર બાદ સંબંધિત કેન્દ્રિય મંત્રાલયના સચિવાની બનેલી રાષ્ટ્રીય કાર્યકારી સમિતિની પેટા સમિતિ ઉપલબ્ધ ભંડોળની રકમ નક્કી કરશે.
- આખરે ગૃહપ્રધાનની અધ્યક્ષતાવાળી ઉચ્ચ – સ્તરીય સમિતિ, કૃષિ અને નાણા પ્રધાનો અને નીતિ આયોગના ઉપાધ્યક્ષ દ્વારા પૂરી પાડવામાં આવેલી ભલામણોના આધારે NDRF ભંડોળના પ્રકાશનને અધિકૃત કરશે.

### ❖ રાજ્ય આપત્તિ રાહત ફંડ (SDRF)

- SDRF ની રચના ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, 2005 હેઠળ કરવામાં આવી છે.
- તેની રચના 13મા નાણાપંચની ભલામણોના આધારે કરવામાં આવી હતી.
- તે તાત્કાલિક રાહત પૂરી પાડવા માટેના ખર્ચને પંહોચી વળવા માટે સૂચિત આપત્તિઓના પ્રતિભાવો માટે રાજ્ય સરકારો પાસે ઉપલબ્ધ પ્રાથમિક ભંડોળ છે.

Banking Academy

- દર વર્ષે ભારતના કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (CAG) દ્વારા તેનું ઓડિટ કરવામાં આવે છે.
- કેન્દ્ર સામાન્ય શ્રેણીના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે SDRF ફાળવણીમાં 75% અને વિશેષ શ્રેણીના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો (પૂર્વોત્તર રાજ્યો, સિક્કિમ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર) માટે 90% ફાળો આપે છે.

## ઔદ્યોગિક આલ્કોહોલ પર આબકારી જકાત લાદવાની રાજ્ય સરકારોની સત્તા પર વિવાદ

- ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડની આગેવાની હેઠળની 9 જજની બેંચ દ્વારા ઔદ્યોગિક આલ્કોહોલ પર એક્સાઈઝ ડયૂટી વસૂલવાની સત્તા રાજ્યોને છે કે કેમ તે અંગે સુનાવણી ચાલી રહી છે.
- આલ્કોહોલ પરનો આબકારી કર એ રાજ્યની નાણાકીય વ્યવસ્થામાં મુખ્ય ઘટક છે.
- દારૂના વપરાશમાંથી તેમની આવક વધારવા માટે રાજ્યો દ્વારા સામાન્ય રીતે વધારાની આબકારી જકાત લાદવામાં આવે છે.

### ❖ પૃષ્ઠભૂમિ

- આ મામલો 1999 માં ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા જારી કરાયેલા જાહેરનામાથી બહાર આવ્યો હતો, જેમાં ઉત્તર પ્રદેશ આબકારી અધિનિયમ, 1910 હેઠળ લાયસન્સ ધારકોને 'સીધા અથવા વાહનો માટે દ્રાવક તરીકે ઉપયોગમાં લેવાતો અને અમુક હદ સુધી અંતિમ ઉત્પાદમાં મોજૂદ આલ્કોહોલ' ના વેચાણ પર 15% ડયૂટી લાગૂ કરવામાં આવી હતી.
- જેને મોટર ઓઈલ અને ડીઝલ વિતરક દ્વારા પડકારવામાં આવ્યો હતો, જેમણે દાવો કર્યો હતો કે કેન્દ્રએ ઈન્ડસ્ટ્રીઝ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ, 1951 (IDRA) ની કલમ 18-G મુજબ ઔદ્યોગિક આલ્કોહોલ પર વિશિષ્ટ અધિકારક્ષેત્રનો ઉપયોગ કર્યો હતો.




### ❖ બંધારણીય જોગવાઈઓ

- આ કેસ ભારતના બંધારણની 7 મી અનુસૂચિની નીચેની એન્ટ્રીઓના અર્થઘટનની આસપાસ ફરે છે.
- રાજ્યવાદી (એન્ટ્રી – 8 ) :– આ એન્ટ્રી રાજ્યોને 'નશાકારક શરાબ' ના ઉત્પાદન, કબજો, પરિવહન, ખરીદી અને વેચાણ પર કાયદો ઘડવાની સત્તા જણાવે છે.
- કેન્દ્ર યાદી (એન્ટ્રી – 52) :– જાહેર હિતના ઉદ્યોગો પર કેન્દ્રને નિયંત્રણ આપે છે.
- સમવર્તી યાદી (એન્ટ્રી – 33) :– રાજ્ય અને સંઘ બંને માટે ઉદ્યોગોના નિયમન માટે પરવાનગી આપે છે. સંસદ દ્વારા જાહેર હિતમાં આ ઉદ્યોગોની એન્ટ્રીને યોગ્ય જાહેર કરવામાં આવે છે.
- સમવર્તી સૂચિમાંના વિષયોને રાજ્ય અને કેન્દ્ર બંને દ્વારા નિયંત્રિત કરી શકાય છે. જો કે કેન્દ્રીય કાયદો અસ્તિત્વમાં હોય તો રાજયના કાયદા તેનો વિરોધ કરી શકતા નથી.
- ઔદ્યોગિક આલ્કોહોલ ઈન્ડસ્ટ્રીઝ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ, 1951 (IDRA) હેઠળ આવે છે.

**ઔદ્યોગિક આલ્કોહોલ વિશે....**

- ઔદ્યોગિક આલ્કોહોલને વિકૃત આલ્કોહોલ (Denatured Alcohol) પણ કહેવામાં આવે છે.
- ડિનેચરેશન એ ઔદ્યોગિક આલ્કોહોલને દુરૂપયોગ અથવા વપરાશ માટે અયોગ્ય બનાવવાની પ્રક્રિયા છે.
- તેમાં મિથેનોલ અથવા અન્ય રસાયણો ઉમેરવામાં આવે છે. જે આલ્કોહોલને ઝેરી બનાવે છે અને ખાતરી કરે છે કે તે પીવાના હેતુઓ માટે યોગ્ય નથી.
- તેનો પ્રાથમિક ઉપયોગ ઔદ્યોગિક, વ્યાપારી અને વૈજ્ઞાનિક ક્ષેત્રોમાં રહેલો છે.

### ❖ સુપ્રીમ કોર્ટના અગાઉના ચુકાદાઓ

- સિન્થેટીક્સ એન્ડ કેમિકલ્સ લિ. વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય (1989)ના કેસમાં તે સ્થાપિત કરવામાં આવ્યુ હતું કે રાજ્યોને ઔદ્યોગિક આલ્કોહોલ પર કર વસૂલવાની સત્તા નથી. જો કે, તેઓ પીવાના હેતુઓ માટે દુરૂપયોગને રોકવા માટે તેના ઉપયોગને નિયંત્રિત કરવાની સત્તા જાળવી રાખે છે.
- ચ ટીકા રામજી વિ. યુપી રાજ્ય (1956)ના કિસ્સામાં, તે પૃષ્ટિ કરવામાં આવી હતી કે સમવર્તી યાદી (એન્ટ્રી 33)માં સૂચિબદ્ધ ઉદ્યોગોને નિયંત્રિત કરવાની સત્તા રાજ્યો પાસે છે, પછી ભલે કેન્દ્ર પાસે અમુક સ્તરનું નિયંત્રણ હોય.

### ❖ કોર્ટ સમક્ષ દલીલો

- વરિષ્ઠ એડવોકેટે યુપી રાજ્ય તરફથી હાજર રહીને દલીલ કરી હતી કે રાજ્યની યાદીની એન્ટ્રી 8 માં 'નશાકારક આલ્કોહોલ' શબ્દમાં 'આલ્કોહોલ ધરાવતા તમામ પ્રવાહી' નો સમાવેશ થાય છે.
- તેમણે એ પણ રજૂઆત કરી હતી કે IDRA ની કલમ 18-G હેઠળના આદેશ વિના, ઔદ્યોગિક આલ્કોહોલના નિયમન પર નિયંત્રણ રાજ્યો પાસે રહેશે.

## પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (સુધારા) નિયમો, 2024



- ભારતના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે તાજેતરમાં પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (સુધારા) નિયમો, 2024 દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, 2016 માં સુધારા રજૂ કર્યા છે.
- આ ફેરફારો ભારતમાં પ્લાસ્ટિકના પ્રદુષણને સંબોધવા માટેના નોંધપાત્ર પ્રયાસને દર્શાવે છે, ખાસ કરીને માઈક્રોપ્લાસ્ટિકસને લક્ષ્યાંકિત કરીને અને બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટિક માટે કડક માપદંડો નક્કી કરે છે.

### ❖ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (સુધારા) નિયમો 2024ની મુખ્ય બાબતો

**❍ બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટિક**

- બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટિકને હવે એવી સામગ્રી તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જે કોઈ પણ માઈક્રોપ્લાસ્ટિકને છોડયા વિના, માટી અને લેન્ડફિલ જેવા ચોક્કસ વાતાવરણમાં જૈવિક પ્રક્રિયાઓ દ્વારા અધોગતિ કરી શકે છે.
- માઈક્રોપ્લાસ્ટિકને પાણીમાં અદ્રાવ્ય કોઈપણ નક્કર પ્લાસ્ટિક કણ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે, જેમાં 1 માઈક્રોન અને 1000 માઈક્રોન વચ્ચેના પરિમાણો છે.
- તાજેતરના વર્ષોમાં તેઓ નદીઓ અને મહાસાગરોને અસર કરતા પ્રદુષણના મુખ્ય સ્ત્રોત તરીકે નોંધાયા છે.

**❍ માઈક્રોપ્લાસ્ટિક પરિક્ષણ**

- નિયમો સ્પષ્ટ કરતા નથી કે કયા રાસાયણિક પરિક્ષણો માઈક્રો–પ્લાસ્ટિકની ગેરહાજરી સ્થાપિત કરી શકે છે અથવા નાબૂદી માટે માઈક્રોપ્લાસ્ટિકને કેટલી હદ સુધી ઘટાડવા જોઈએ.

**❍ 'આયાતકાર' ની વિસ્તૃત વ્યાખ્યા**

- વ્યાખ્યામાં હવે પ્લાસ્ટિકને લગતી વિવિધ સામગ્રી જેવી કે પેકેજિંગ, કેરી બેગ્સ, શીટ્સ, કાચો માલ અને વ્યાપારી હેતુઓ માટે પ્લાસ્ટિક ઉત્પાદનમાં વપરાતી મધ્યવર્તી સામગ્રીની આયાતનો સમાવેશ થાય છે.

**❍ 'ઉત્પાદક' ની સર્વસમાવેશક વ્યાખ્યા**

- આ અવકાશ હવે પ્લાસ્ટિકના કાચા માલસામાન, કમ્પોસ્ટેબલ પ્લાસ્ટિક અને બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટિકના ઉત્પાદનમાં રોકાયેલા લોકોનો સમાવેશ કરે છે, જે આ શબ્દ હેઠળ આવરી લેવામાં આવેલી એકમોની વ્યાપક શ્રેણીને પ્રતિબિંબિત કરે છે.

**❍ 'નિર્માતા' નો વિસ્તૃત અવકાશ**

- પ્લાસ્ટિક પેકેજિંગના ઉત્પાદન ઉપરાંત, તેમા હવે પ્લાસ્ટિક પેકેજિંગમાં વપરાતી મધ્યમર્તી સામગ્રીનું ઉત્પાદન અને બ્રાન્ડ માલિકો માટે કોન્ટ્રાકટ મેન્યુફેક્ચરિંગનો સમાવેશ થાય છે.

**❍ પ્રમાણપત્રની આવશ્યકતા**

- ઉત્પાદકોને કમ્પોસ્ટેબલ અથવા બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટિકમાંથી કેરી બેગ અને ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવાની છૂટ છે, અને તેમના ઉત્પાદનોનું માર્કેટિંગ અથવા વેચાણ કરતા પહેલા કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ (CPCB) પાસેથી પ્રમાણપત્ર મેળવવું આવશ્યક છે.

Banking Academy

## મધ્યપ્રદેશના 6 નવા સ્થળોનો યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની કામચલાઉ યાદીમાં સમાવેશ

- તાજેતરમાં, મધ્યપ્રદેશમાંથી 6 નવી સાઈટ્સને વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની કામચલાઉ યુનેસ્કો યાદીમાં સ્થાન મળ્યું છે.
- નવી યાદીમાં સમાવિષ્ટ સ્થળોમાં ગ્વાલિયરનો કિલ્લો, ભોજેશ્વર મહાદેવ મંદિર, ધમનારનો ઐતિહાસિક સમૂહ, ચંબલ ખીણની રોક આર્ટ સાઈટ્સ, ખૂની ભંડારા – બુરહાનપુર, રામનગર, મંડલાનું ગોંડ સ્મારક



### ❖ ગ્વાલિયરનો કિલ્લો

- તે 'ભારતના જીબ્રાલ્ટર' તરીકે ઓળખાય છે.
- રેતીના પથ્થરના ઢોળાવ પર ઉભો રહેલો આ કિલ્લો તેની ઉંચી અને ભવ્ય દિવાલો માટે જાણીતો છે.
- ઐતિહાસિક રીતે, એવું માનવામાં આવે છે કે કિલ્લાનો પ્રથમ પાયો છઠ્ઠી સદીમાં તોમર વંશના શાસક સૂરજ સેન દ્વારા નાખવામાં આવ્યો હતો.
- આ કિલ્લો રાજપૂત, મુઘલ અને હિંદુ સ્થાપત્ય શૈલીનો અનોખો સમન્વય દર્શાવે છે.
- આ કિલ્લો શિવ, વિષ્ણુ અને માતૃકાને સમર્પિત તેલી કા મંદિર સહિત અનેક પ્રાચીન મંદિરો ધરાવે છે.
- ચતુર્ભુજ મંદિર તેના ગાણિતિક મહત્વ માટે નોંધપાત્ર છે, જેમાં ગણિતમાં શૂન્યના સૌથી જૂના સંદર્ભો પૈકી એક છે.
- સાસ– બહુ મંદિરો, વિષ્ણુને સમર્પિત મોટા મંદિરો, 1150 ના છે અને તેમના જટિલ શિલાલેખો માટે જાણીતા છે.

- વધુમાં, ગુરુદ્વારા ડેટા બંદી છોર શીખોના છઠ્ઠા ગુરુ હરગોબિંદ સાહિબનું સ્મરણ કરે છે.
- બેસાલ્ટ ખડકની ટેકરીઓ પર તેના વ્યૂહાત્મક સ્થાન મુજબ, જૂના સંસ્કૃત શિલાલેખોમાં તેનો ઉલ્લેખ ગોપચાલા, ગોપગિરી તરીકે કરવામાં આવ્યો છે.

❖ **હિસ્ટોરિકલ ગ્રુપ ઓફ ધમનાર**

- તેમાં 51 ખડકથી કાપેલી ગુફાઓ, સ્તૂપ, ચૈત્ય અને 7મી સદી AD સુધીના નિવાસોનો સમાવેશ થાય છે.
- આ પૈકી, નિર્વાણ દંભમાં ગૌતમ બુદ્ધની પ્રચંડ પ્રતિમા એક નોંધપાત્ર વિશેષતા છે.
- નોંધનીય ગુફાઓમાં ઉત્તર કાંઠે આવેલી બારી કચેરી અને ભીમા બજારનો સમાવેશ થાય છે, જે તેમના ઐતિહાસિક મહત્વ અને સ્થાપત્ય વિશેષતાઓ માટે જાણીતી છે.

**વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની કામચલાઉ યુનેસ્કોની સૂચિ વિશે....**

- યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની ટેન્ટેટિવ સૂચિ એ કુદરતી અથવા સાંસ્કૃતિ વારસો સાઈટ્સની ઈન્વેન્ટરી છે જેને જે તે દેશ દ્વારા માનવતા માટે સંભવિત ઉત્કૃષ્ટ સાર્વત્રિક મૂલ્ય દર્શાવવા માટે માને છે અને તે વર્લ્ડ હેરિટેજ સૂચિમાં નામાંકન માટે યોગ્ય છે.
- તે વર્લ્ડ હેરિટેજ સેન્ટર દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે.

- આ સ્મારકોના પ્રારંભિક અહેવાલો જેમ્સ ટોડ પાસેથી મળે છે, જેમણે 1821 માં મુલાકાત લીધી હતી. ત્યાર બાદ 1845 માં જેમ્સ ફર્ગ્યુસન અને 1864-1865 વચ્ચે એલેક્ઝાન્ડર કનિંગહામ આવ્યા હતા.

❖ **ભોજેશ્વર મહાદેવ મંદિર**

- તે ભગવાન શિવને સમર્પિત છે અને એક જ પથ્થરમાંથી કોતરવામાં આવેલ વિશાળ લિંગ ધરાવે છે.
- 11 મી સદીમાં રાજા ભોજ દ્વારા બનાવવામાં આવેલ આ મંદિર તેની ભવ્યતા અને અનન્ય સ્થાપત્ય માટે આદરણીય છે.
- મંદિરની સ્થાપત્ય ભૂમિજા શૈલીને અનુસરે છે જે તેના ઉંચા શિખરો અને અલંકૃત કોતરણી અને શિલ્પો દ્વારા દર્શાવવામાં આવી છે.
- ઉપરાંત મંદિરના મુખ્ય ભાગ અને તેના શિખરામાં મંદિર સ્થાપત્યની દ્રવિડિયન શૈલીથી પ્રભાવિત ઘટકો છે.

❖ **ચંબલ ખીણની રોક આર્ટ સાઈટ્સ**

- તે વિશ્વની સૌથી મોટી રોક આર્ટ સાઈટ્સનું આયોજન કરે છે, જે વિવિધ ઐતિહાસિક સમયગાળા અને સંસ્કૃતિના દૃશ્યો દર્શાવે છે.
- સમગ્ર મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશમાં ફેલાયેલી આ સાઈટ્સ પ્રાચીન માનવ જીવન અને સાંસ્કૃતિક ઉત્ક્રાંતિની સમજ આપે છે.
- બેસીનમાંની રોક આર્ટમાં મેસોલિથિક શિકારીઓ અને પ્રોટોહિસ્ટોરિક અને પછીના સમયગાળાના લોકો દ્વારા બનાવવામાં આવેલા શિકાર અને એકત્રીકરણના દ્રશ્યોનો સમાવેશ થાય છે.
- તે વિંધ્ય, સાતપુડા અને કૈમુર પર્વતમાળાના પહાડી પ્રદેશોમાં આવેલી છે, જે સમાંતર પર્વતમાળાઓ અને ગીચ વનસ્પતિઓ દ્વારા વેરાયેલી છે.

❖ **બુરહાનપુરનો ખૂની ભંડારા**

- તે ઐતિહાસિક શહેર બુરહાનપુરમાં અબ્દુર્રહીમ ખાનાખાન દ્વારા બાંધવામાં આવેલ આઠ વોટરવર્કનો સમાવેશ કરતી ભૂગર્ભ જળ વ્યવસ્થાપન પ્રણાલી છે.
- તે પર્શિયન કનાત અભિગમનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યું હતું અને ફારસી ભૂસ્તરશાસ્ત્રી, નબકુતુલ આરઝ દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું હતું.
- 1900 ના દાયકાની શરૂઆતમાં, આ ભૂગર્ભ નળીઓના 8 સેટ ખોદવામાં આવ્યા હતા અને શોધી કાઢવામાં આવ્યા હતા, જેમાંથી 6 સેટ આજ સુધી અકબંધ છે.
- ખનિજથી ભરપૂર આ પાણીમાં લાલ રંગના સંકેતે તેને ખૂની (લોહિયાળ) નામ આપ્યું.

**United Nations Educational Scientific and Cultural Organization (UNESCO) વિશે....**

**સ્થાપના** : 16 નવેમ્બર 1945
**વડુમથક** : પેરીસ (ફ્રાન્સ)
**અધ્યક્ષ** : શ્રીમતી ઑડ્રે અઝોલે

- યુનેસ્કો (UNESCO) એ સંયુક્ત રાષ્ટ્ર (UN) ની વિશિષ્ટ એજન્સી છે જેનો હેતુ શિક્ષણ, કળા, વિજ્ઞાન અને સંસ્કૃતિમાં આંતરરાષ્ટ્રીય સહયોગ દ્વારા વિશ્વશાંતિ અને સુરક્ષાને પ્રોત્સાહન આપવાનો છે.

❖ **રામનગર, મંડલાનું ગૌંડ સ્મારક**

- અગાઉ ભારતના મધ્ય પ્રાંત તરીકે ઓળખાતો અને મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને મહારાષ્ટ્રના હાલના રાજયોના ભાગોને આવરી લેતો આ પ્રદેશ ઐતિહાસિક રીતે ગોંડવાના તરીકે ઓળખાતું હતું. જે ભારતની ગોંડ આદિજાતિનું ઘર છે.
- સ્મારકોના ક્લસ્ટરમાં મોતી મહેલ, રાયભગત કી કોઠી, સુરજ મંદિર (વિષ્ણુ મંદિર), બેગમ મહેલ, દલબદલ મહેલનો સમાવેશ થાય છે.



Banking Academy

ખાખીની ખુમારી... ખાખીની ખુમારી... ખાખીની ખુમારી...

# પોલીસ કોન્સ્ટેબલ

# PSI

ની તૈયારી કરો હવે આપના વિસ્તારમાં

# સુરત



તાજેતરમાં જાહેર થયેલ **12000** થી વધુ જગ્યાઓની ભરતી

**નવી પરીક્ષા પદ્ધતિ પ્રમાણે**

- Maths
- Reasoning
- સામાન્ય જ્ઞાન
- ગુજરાતી
- English

જેવા વિષયોની સંપૂર્ણ મટીરિયલ્સ સાથે વિશેષ તૈયારી



Govt. Jobs

- Weekly Tests
- Full Day Faculty
- Reading Facilities
- Online / Offline Test

Join New Class

**ADMISSION OPEN**

તૈયારી માટેના નવા વર્ગો

## 30th May થી શરૂ

GPSC | Class-3 | જુ.ક્લાર્ક | સિ.ક્લાર્ક | TET/TAT

જેવી તમામ પરીક્ષાઓની તૈયારી આજે જ શરૂ કરો

(Creating A Way For Govt. Jobs)

**Banking Academy**

(Preparation for All Types of Competitive Exams)

સુરત (ઉધના) Ph. : 70461 40555

સુરત (વરાછા) Ph. : 70464 16555

સુરત (કતારગામ) Ph. : 70466 31555

# 2 આંતરરાજ્ય (રાષ્ટ્રીય)

## ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ્સ

- તાજેતરમાં સુપ્રીમ કોર્ટે લુપ્તપ્રાય ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ પક્ષીઓની વસતીના સંરક્ષણ અને ઉર્જાના રિન્યુએબલ સ્ત્રોતોને પ્રોત્સાહન આપવા માટે દેશની આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓને સંતુલિત કરવા માટે એક નિષ્ણાત સમિતિની રચના કરી છે.
- આ મોટા પાંખવાળા પક્ષીઓ લુપ્ત થવાની આરે છે, જેનું એક કારણ ગુજરાત અને રાજસ્થાનમાં તેના મુખ્ય નિવાસસ્થાનોને અડીને ચાલતા ઉચ્ચ – શકિતવાળા પાવર કેબલ સાથે વારંવાર અથડામણ છે.
- આ પક્ષીના મોટા કદ અને મર્યાદિત આગળની દ્રષ્ટિને લીધે તેઓ પાવર લાઈન સાથે અથડાવવાની સંભાવના ધરાવે છે જેના પરિણામે ઘણીવાર મૃત્યુ થાય છે.
- અમલીકરણ પડકારો અને ખર્ચ અંગે કેન્દ્રની ચિંતાઓને કારણે સુપ્રીમ કોર્ટ ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડના નિવાસસ્થાનમાં ભૂગર્ભમાં પાવર લાઈનો નાખવાના તેના વર્ષ 2021 ના આદેશની સમીક્ષા કરી રહી છે.



### ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ વિશે....

- ધ ગ્રેસ્ટ ઈન્ડિયન બસ્ટર્ડ (આર્ડીઓટિસ નિગ્રીસેપસ) એ રાજસ્થાનનું રાજય પક્ષી છે.
- તે ઘાસના મેદાનની ઈકોલોજીના સ્વસ્થ્યનું પ્રતિનિધિત્વ કરતી મુખ્ય ઘાસની પ્રજાતિ તરીકે ગણવામાં આવે છે.
- તેની વસતી માટે ભાગે રાજસ્થાન અને ગુજરાત સુધી સીમિત છે, મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં ખૂબ જ ઓછા જોવા મળે છે.
- સંરક્ષણ સ્થિતિ
  IUCN રેડ લિસ્ટ – ગંભીર રીતે જોખમમાં મુકાયેલ
  CITES – પરિશિષ્ટ I
  વન્યજીવ સંરક્ષણ અધિનિયમ – અનુસૂચિ I
- ભારતીય ઉપખંડમાં સ્થાનિક સૌથી ભારે ઉડતા પક્ષીઓમાંનું એક છે.
- રાજસ્થાન સરકાર દ્વારા તેના સંવર્ધન માટે પ્રોજેક્ટ ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ શરૂ કરવામાં આવ્યો છે.

## ભારતમાં નવી સેટેલાઈટ – આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ

- તાજેતરમાં કેન્દ્રીય માર્ગ, પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીને દેશના ધોરીમાર્ગો માટે સેટેલાઈટ આધારિત ટોલ વસૂલવાની સિસ્ટમ શરૂ કરવાની જાહેરાત કરી છે.
- આ નવીન પ્રણાલીનો ઉદ્દેશ્ય વાહનો દ્વારા મુસાફરી કરાયેલા અંતરના આધારે ટોલ વસૂલવાનો છે, જે વપરાશકર્તાઓના બેંક ખાતામાંથી સીધી રકમ કાપી લેશે.
- આ પગલાંથી ટોલ ટેક્સ ઘટશે, મુસાફરી સરળ બનશે અને ભારતના હાઈવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની એકંદર કાર્યક્ષમતામાં સુધારો થશે તેવી અપેક્ષા છે.
- સૂચિત સિસ્ટમ વૈશ્વિક નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ (GNSS) નો ઉપયોગ કરશે, જેમાં ભારતની પોતાની GAGAN (GPS Aided GEO Augmented Navigation) સેટેલાઈટ નેવિગેશન સિસ્ટમનો સમાવેશ થાય છે, જે લગભગ 10 – મીટરની ચોક્સાઈ ધરાવે છે.
- સચોટ મેપિંગ અને ટોલ ગણતરીની સુવિધા માટે વાહનોમાં ઓન – બોર્ડ યુનિટ (OBU) સ્થાપિત કરવામાં આવશે.
- દેશના રાષ્ટ્રીય ધોરીમાર્ગોની સમગ્ર લંબાઈના કો–ઓર્ડિનેટ્સ મેળવવા, ટોલ રેડ સેટ કરવા અને દરેક વાહન દ્વારા મુસાફરી કરાયેલા અંતરના આધારે ટોલ રકમની ગણતરી કરવા માટે સિસ્ટમ ડિજિટલ ઈમેજ પ્રોસેસિંગ અને સોફટવેર અલ્ગોરિધમનો ઉપયોગ કરશે.
- નવી સિસ્ટમ સંભવત : હાલના FASTag આધારિત ટોલ કલેક્શન સાથે શરૂઆતમાં સહઅસ્તિત્વ ધરાવે છે. તમામ વાહનો માટે OBU ફરજિયાત કરવાનો નિર્ણય લેવાનો બાકી છે.

❖ **પડકારો**

- ખાલી ડિજિટલ વોલેટ્સ ધરાવતા વપરાશકર્તાઓ અથવા સિસ્ટમ સાથે ચેડા કરનારાઓ પાસેથી ટોલ વસૂલવું એ ચિંતાનો વિષય છે.
- ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન (ANPR) સિસ્ટમના દેશવ્યાપી અમલીકરણની જરૂરિયાત.
- ડેટા સુરક્ષા અને ગોપનીયતા સુનિશ્ચિત કરવી.
- CCTV કેમેરાથી સજ્જ એન્ટ્રીના ઉપયોગ દ્વારા પાલનનું અમલીકરણ.



❖ **લાભો**
- ટોલ પ્લાઝા નાબૂદી, ભીડ ઘટાડવી અને સંગ્રહ પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવી.
- આવક સંગ્રહને ઓપ્ટિમાઈઝ કરવા માટે ગતિશીલ કિંમત ગોઠવણો.
- તમામ રોડ કેટેગરીઓ પર ટોલિંગ લાગૂ કરવા માટે સુગમતા.
- ટ્રાફિક ડાયવર્ઝન અને ટોલ ચોરીને લગતી સમસ્યાઓનું નિરાકરણ.

## IAU એ ચંદ્રયાન – 3 ના લેન્ડિંગ સાઈટના 'શિવ–શક્તિ' નામને મંજૂરી આપી



- ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયન (IAU) ના પ્લેનેટરી સિસ્ટમ નામકરણ માટેના કાર્યકારી જૂથે તાજેતરમાં ચંદ્રયાન – 3 ના વિક્રમ લેન્ડરની લેન્ડિંગ સાઈટ માટે 'Statio Shiv Shakti' નામને મંજૂરી આપી.
- ગ્રહોના નામકરણનું ગેઝેટિયર, જે IAU દ્વારા મંજૂર ગ્રહોના નામોનું દસ્તાવેજીકરણ કરે છે તેમણે 'સ્ટેશન શિવ–શક્તિ' ને ભારતીય પૌરાણિક કથાઓના સંયોજન શબ્દ તરીકે વ્યાખ્યાયિત કર્યુ છે. જે કુદરતના પુરુષવાચી (શિવ) અને સ્ત્રીત્વ (શક્તિ) નું પ્રતિનિધિત્વ કરે છે.
- વડાપ્રધાન મોદીએ હિમાલયથી કન્યાકુમારી સુધી ભારતને જોડવામાં આ નામોના મહત્વ પર ભાર મૂકયો હતો અને જણાવ્યું હતું કે શિવ માનવતાના કલ્યાણ માટેના સંકલ્પનું પ્રતીક છે, જયારે શકિત તે સંકલ્પોને પૂર્ણ કરવાની શક્તિ પ્રદાન કરે છે.
- વડાપ્રધાને અગાઉ સપ્ટેમ્બર 2019 માં ચંદ્રયાન – 2 ના લેન્ડર ક્રેશના સ્થળને 'તિરંગા પોઈન્ટ' તરીકે નિયુક્ત કર્યુ હતું.
- ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામે નવેમ્બર 2008 માં ચંદ્રયાન – 1 મૂન ઈમ્પેકટ પ્રોબ જયાં ઉતર્યું હતું તે સ્થળને 'જવાહર પોઈન્ટ' નામ આપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

### International Astronomical Union વિશે....
- સ્થાપના – 1919
- મુખ્ય મથક – પેરિસ , ફ્રાન્સ
- ઉદ્દેશ્ય – આંતરાષ્ટ્રીય સહયોગ દ્વારા ખગોળશાસ્ત્રને તેના તમામ સ્વરૂપોમાં પ્રોત્સાહન અને રક્ષણ આપવું.

## અરૂણાચલપ્રદેશ અને નાગાલેન્ડમાં AFSPA નું વિસ્તરણ




- કેન્દ્રીય ગૃહ મંત્રાલયે 1 એપ્રિલ, 2004 થી અરૂણાચલ પ્રદેશ અને નાગાલેન્ડના કેટલાક જિલ્લાઓમાં આર્મ્ડ ફોર્સિસ (સ્પેશિયલ પાવર્સ) એક્ટ, 1958 (AFSPA) ને વધારાના 6 મહિના માટે લંબાવવામાં આવ્યો છે.
- આ નિર્ણય પૂર્વોત્તર રાજયોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કર્યા બાદ લેવામાં આવ્યો છે.

❖ **AFSPA હેઠળ સશસ્ત્ર દળોની સત્તા**
- તેઓને ચોક્કસ વિસ્તારમાં પાંચ કે તેથી વધુ લોકોના એકઠાં થવાને રોકવાનો, તેમજ જો તેઓ માને છે કે કોઈ વ્યક્તિ કાયદોનો ભંગ કરી રહી છે તો પર્યાપ્ત ચેતવણી આપ્યા પછી બળનો ઉપયોગ કરવાનો અથવા ફાયર કરવાનો અધિકાર ધરાવે છે.
- જો વાજબી શંકા હોય તો વોરંટ વિના વ્યક્તિની ધરપકડ કરી શકે છે. વોરંટ વિના તપાસ અને શોધ કરી શકે છે તથા હથિયારો રાખવા પર પ્રતિબંધ મૂકી શકે છે.
- અટકાયત કરેલા અથવા કસ્ટડીમાં લેવામાં આવેલી કોઈપણ વ્યકિતને ધરપકડ પાછળની હકીકત દર્શાવતો અહેવાલ સાથે નજીકના પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીને સોંપવામાં આવી શકે છે.
- આ શસ્ત્રદળો કાર્યવાહીથી મુક્ત છે સિવાય કે કેન્દ્ર સરકાર ફરીયાદી એજન્સીને અધિકૃત કરે.

### AFSPA : Armed Forces (Special Powers) Act વિશે....
- બ્રિટિશ સંસ્થાનવાદી સરકારે 15 મી ઓગસ્ટ, 1942 ના રોજ, ભારત છોડો ચળવળને દબાવવા માટે આર્મ્ડ ફોર્સીસ સ્પેશિયલ પાવર્સ વટહુકમ બહાર પાડયો હતો.
- સ્વતંત્રતા પછી તેને સંસદ દ્વારા 1958 માં પસાર કરવામાં આવ્યો અને તે AFSPA, 1958 તરીકે જાણીતો બન્યો.
- આ કાયદો સશસ્ત્ર દળોને 'વિક્ષેપગ્રસ્ત' વિસ્તારોમાં જાહેર વ્યવસ્થા જાળવવા માટે વિશેષ સત્તા અને પ્રતિરક્ષા આપે છે.
- તે માત્ર ત્યારે જ લાગૂ પડે છે જો અધિનિયમની કલમ 3 હેઠળ કોઈ વિસ્તારને 'ડિસ્ટર્બ એરિયા' માનવામાં આવ્યો હોય.
- વિવિધ ધાર્મિક, વંશીય, ભાષા અથવા પ્રાદેશિક જૂથો અથવા જાતિઓ અથવા સમુદાયો વચ્ચેના મતભેદો અથવા વિવાદોના કારણે વિસ્તારને ડિસ્ટર્બ ગણી શકાય છે.
- કેન્દ્ર સરકાર, રાજયના રાજ્યપાલ અથવા કેન્દ્રશાસિત પ્રદેશના પ્રશાસક રાજય અથવા કેન્દ્રશાસિત પ્રદેશન ભાગોને 'ડિસ્ટર્બ એરિયા' તરીકે જાહેર કરી શકે છે.

## ત્રિપુરા : માતાબારી પેડા પ્રસાદ, રિગ્નાઈ પચરા ટેક્સટાઈલને GI ટેગ મળ્યો

- તાજેતરમાં ત્રિપુરાના માતાબારી પેડા અને રિગ્નાઈ પચરાને GI ટેગ પ્રદાન કરતા ત્રિપુરા હવે કુલ 4 GI ટેગ ઉત્પાદનો ધરાવે છે.
- આ પહેલા રીસા હસ્તકલા અને ક્વિન પાઈનેપલને GI ટેગ પ્રદાન થયેલા છે.





### ❖ માતાબારી પેડા પ્રસાદ

- માતાબારી પેડા પ્રસાદએ ત્રિપુરાના પ્રસિદ્ધ ત્રિપુરેશ્વરી મંદિરમાં પીરસવામાં આવતો મીઠો પ્રસાદ છે.
- દૂધ અને ખાંડમાંથી બનેલી આ વાનગી તેના વિશિષ્ટ સ્વાદ અને ઉંડા સાંસ્કૃતિક પરંપરાઓ માટે પ્રખ્યાત છે.
- સ્થાનિક લોકો અને મુલાકાતીઓમાં પેડાની વધતી માંગ સાથે, કંપનીઓએ વિશ્વભરના ગ્રાહકોને આ પ્રોડક્ટનું માર્કેટિંગ કરવાનું શરૂ કર્યુ છે. પેડા હવે ઓનલાઈન તેમજ ફેસબુક અને વોટ્સએપ દ્વારા ઓર્ડર કરી શકાશે.

### ❖ રિગ્નાઈ પચરા ટેક્સટાઈલ

- રિગ્નાઈ પચરાએ હાથથી વણાયેલા પરંપરાગત વસ્ત્રો છે જે સ્વદેશી સામગ્રી અને તકનીકોનો ઉપયોગ કરીને કુશળ કારીગરો દ્વારા કાળજીપૂર્વક બનાવવામાં આવે છે.
- ત્રિપુરાના સાંસ્કૃતિક ટેપેસ્ટ્રીમાં સાંકેતિક મૂલ્ય ધરાવે છે અને પ્રદેશના કાપડ વારસાના સમૃદ્ધ વારસાને પ્રતિબિંબિત કરે છે.
- રિગ્નાઈ પચરાએ શહેરી રહેવાસીઓમાં, ખાસ કરીને મેટ્રોપોલિટન વિસ્તારોમાં તેના પરંપરાગત આકર્ષણ માટે નોંધપાત્ર રસ મેળવ્યો છે.

### Geographical Indication (GI Tag) વિશે....

- GI ટેગ એ ચોક્કસ ભૌગોલિક પ્રદેશમાંથી ઉદ્ભવતા તેમજ વિશેષ લાક્ષણિકતા ધરાવતા ઉત્પાદોને ઓળખવા માટેનો સંકેત છે.
- તેનું નિયમન માલસામાનના ભૌગોલિક સંકેત (નોંધણી અને સંરક્ષણ) અધિનિયમ 1999 હેઠળ થાય છે.
- તે વિશ્વ વ્યાપાર સંગઠનની TRIPS સમજૂતી દ્વારા સંચાલિત અને નિર્દેશિત છે.
- તે મુખ્યત્વે ત્રણ ઉત્પાદન જેમા કૃષિ, પ્રાકૃતિક તેમજ ઉત્પાદિત (હસ્તકલા અને ઔદ્યોગિક એકમોમાંથી) ને આપવામાં આવે છે.
- આ ટેગ 10 વર્ષ માટે માન્ય રહેશે ત્યારબાદ તેનુ ફરીવાર નવીનીકરણ કરી શકાય છે.
- ગુજરાતને કુલ 17 GI ટેગ મળ્યા છે.
- દાર્જીલિંગની ચા ને વર્ષ 2003માં સૌપ્રથમ વાર GI TAG મળ્યું.

## કોડાઈકેનાલ સૌર વેધશાળાના 125 વર્ષ

- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સ (IIA) દ્વારા તાજેતરમાં 1 એપ્રિલ, 2024 ના રોજ કોડાઈકેનાલ સોલર ઓબ્ઝર્વેટરી (KoSo) ની 125 મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી હતી.



### ❖ કોડાઈકેનાલ સોલર ઓબ્ઝર્વેટરી

- કોડાઈકેનાલ સોલર ઓબ્ઝર્વેટરી એ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સની માલિકીની અને તેના દ્વારા સંચાલિત સૌર વેધશાળા છે.
- તેની સ્થાપના વર્ષ 1899 માં કરવામાં આવી હતી.
- વર્ષ 1875 – 1877 ના ભારે દુષ્કાળે હવામાનની પેટર્નને સમજવા માટે સૌર અભ્યાસની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. વૈશ્વિક હવામાન પર તેની અસરને જોતા ભારતનું ભૌગોલિક મહત્વ આવા સંશોધનના મહત્વને વધુ રેખાંકિત કરે છે.
- વર્ષ 1893 માં બ્રિટિશ સરકારે હવામાનશાસ્ત્રીય બજેટ હેઠળ સોલર ફિઝિક્સ ઓબ્ઝર્વેટરીની સ્થાપનાને મંજૂરી આપી.
- મદ્રાસ ક્રિશ્ચિયન કોલેજના પ્રોફેસર ચાર્લ્સ મિચી સ્મિથની આગેવાની હેઠળની સાઈટ પસંદગી પ્રક્રિયાએ આખરે કોડાઈકેનાલને અનુકુળ હવામાન પરિસ્થિતિઓ અને સ્વચ્છ આકાશને કારણે આદર્શ સ્થાન તરીકે પસંદ કર્યુ.
- વેધશાળાનો શિલાન્યાસ 1895 માં મદ્રાસના તત્કાલીન ગર્વનર લોર્ડ વેનલોક દ્વારા કરવામાં આવ્યો હતો.
- 14 માર્ચ, 1901 થી નિયમિત અવલોકનો શરૂ થયા અને ચાર્લ્સ મિચી સ્મિથે KoSO ના પ્રથમ ડિરેક્ટર તરીકે સેવા આપી.
- koSO એ તમિલનાડુના પલાની હિલ્સ પર સ્થિત છે.

### ❍ સાધનો અને અવલોકનો

- ભાવનગર ટેલિસ્કોપ – જે 1888 થી 1968 દરમિયાન ભારતમાં સૌથી મોટું હતું.
- સ્પેક્ટ્રોહેલિઓગ્રાફ – સૂર્યના રંગમંડળ અને પ્રાધાન્યતાના અભ્યાસ માટે.

### Indian Institute of Astrophysics (IIA) વિશે....

- સ્થાપના – 1971
- મુખ્યમથક – બેંગ્લુરુ
- IIA એક સ્વાયત સંશોધન સંસ્થા છે જે સંપૂર્ણ રીતે વિજ્ઞાન અને તકનીકી વિભાગ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે.
- IIA મુખ્યત્વે ખગોળશાસ્ત્ર, એસ્ટ્રોફિઝિક્સ અને સંબંધિત ક્ષેત્રોમાં સંશોધન કરે છે.

- H-alpha ટેલિસ્કોપ – સૂર્યની પૂર્ણ – ડિસ્ક ઈમેજિંગ માટે
- વ્હાઈટ લાઈટ એક્ટિવ રિજન મોનિટર (WARM) – ફોટોસ્ફિયર અને ક્રોમોસ્ફિયરના એક સાથે અવલોકનો સક્ષમ કરે છે.
- ઓવરશેડ અસર (સૂર્ય પરના સનસ્પોટ્સના પેનમ્બ્રા (બાહ્ય પ્રદેશ) માં જોવા મળેલો વાયુનો સ્પષ્ટ રેડિયલ પ્રવાહ) જાન્યુઆરી 1909 માં આ વેધશાળામાં પ્રથમવાર મળી આવ્યો હતો.

## આસામ, મેઘાલય અને ઉત્તરપ્રદેશના કેટલાક ઉત્પાદનોને GI ટેગ પ્રદાન કરવામાં આવ્યા

- તાજેતરમાં ભૌગોલિક સંકેતો રજીસ્ટ્રીએ જાહેરાત કરી કે ભારતમાં 60 થી વધુ ઉત્પાદનોને GI Tag આપવામાં આવ્યા છે.

**આસામ**

- અશરીકાંડી ટેરાકોટા હસ્તકલા
- પાની મેટેકા હસ્તકલા
- સરથેબારી મેટલ ક્રાફ્ટ
- જાપી (વાંસની બનેલી ટોપી)
- મિશિંગ હેન્ડલૂમ પ્રોડક્ટ્સ
- બિહુ ઢોલ
- બોડો જવમગ્રા (પરંપરાગત સ્કાર્ફ)
- બોડો થોરખા (સંગીતનું સાધન)
- બોડો સિફંગ (લાંબી વાંસળી)
- બોડો દોખોના (બોડા મહિલાઓનો પરંપરાગત પહેરવેશ)
- બોડો ગામસા (બોડો પુરુષોનો પરંપરાગત પોશાક)
- બોડો એરી સિલ્ક – સામિયા રિકિનીના રેશમમાંથી બનાવેલ ફેબ્રિક, જેને શાંતિના ફેબ્રિક તરીકે ઓળખવામાં આવે છે.

**ઉત્તરપ્રદેશ**

- બનારસ ઠંડાઈ (બદામ, બીજ અને મસાલાઓ સાથે મિશ્રિત દૂધમાંથી બનાવેલ પીણું)
- બનારસ ટેબલ
- બનારસ શહનાઈ
- બનારસ લાલ ભારવામિર્ચ
- બનારસ લાલ પેડા




**મેઘાલય**

- મેઘાલય ગારો કાપડ વણાટ
- મેઘાલય લિર્નાઈ પોટરી
- મેઘાલય ચુબિચી (આલ્કોહોલિક પીણું)

## ઉત્તરાખંડના ઉચ્ચ જોખમી હિમનદી સરોવરોનું મૂલ્યાંકન કરવા નિષ્ણાત ટીમો



- ઉત્તરાખંડ સરકારે રાજયના પાંચ હિમનદી સરોવરોનું જોખમ મૂલ્યાંકન અને સર્વે કરવા માટે નિષ્ણાતોની બે ટીમો બનાવી છે જેઓ પૂર માટે ખૂબ જ સંવેદનશીલ છે.
- ગ્લેશિયર લેક આઉટબર્સ્ટ ફ્લડ (GLOF) સાથે સંકળાયેલા જોખમોનું મૂલ્યાંકન કરવા અને તેને ઘટાડવા માટે સરકારે સક્રિય પગલાં શરૂ કર્યા છે.
- ઉત્તરાખંડના 13 હિમનદી તળાવોને A, B અને C તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે જેમાં A અત્યંત સંવેદનશીલ છે.
- વર્ષ 2013 માં કેદારનાથ ખીણ અને 2021 ની ચમોલી ઘટનાએ આ પ્રદેશને આબોહવા પરિવર્તન માટે સંવેદનશીલ બનાવ્યો છે.
- ખીણોમાં આબોહવા પરિવર્તનના કારણે માનવીય પ્રવૃત્તિઓ અને વિક્ષેપો પર નજર રાખવા માટે સરકારે આ વિસ્તારમાં સમિતિઓની રચના કરી છે.
- GLOF ના વધતા જોખમના પ્રતિભાવમાં અદ્યતન રેડિયો ટેક્નોલોજીનો ઉપયોગ પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓને વધારવા માટે કરવામાં આવ્યો છે.
- એક્સ્ટેન્ડેડ લાઈન ઓફ સાઈટ (ELOS) પદ્ધતિ ઉત્તરાખંડ જેવા ખીણોમાં દૂરસ્થ સ્ટેશનો પર ચેતવણીના સંકેતો પ્રસારિત કરવા માટે ગ્રાઉન્ડ વેવ સિગ્નલનો ઉપયોગ કરે છે.
- આ સિસ્ટમો સંભવિત GLOF વિશે સત્તાવાળાઓ અને સમુદાયોને ચેતવણી આપવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે, જે અસરને ઘટાડવા અને આપત્તિઓને રોકવા માટે તાત્કાલિક પ્રતિસાદને સક્ષમ કરે છે.

**ગ્લેશિયર લેક આઉટબર્સ્ટ ફ્લડ (GLOF) વિશે....**

- GLOF ત્યારે થાય છે જયારે હિમનદી સરોવરોમાં પાણીનું સ્તર વિવિધ હિમનદી પ્રવૃત્તિઓને કારણે અચાનક વધે છે, જે આસપાસના વિસ્તારો માટે નોંધપાત્ર જોખમો બનાવે છે.
- GLOF ની રચના મુખ્યત્વે હિમનદી પીગળવા અને તેના પછીના વિસ્ફોટને આભારી છે, જે ડાઉનસ્ટ્રીમમાં વિનાશક પૂર તરફ દોરી શકે છે.

## ઈ–કોમર્સ ફૂડ બિઝનેસ ઓપરેટરોને FSSAI ના નિર્દેશો




- ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)એ ઈ–કોમર્સ ફૂડ બિઝનેસ ઓપરેટરો (FBOs) ને તેમની વેબસાઈટ પર ખાદ્ય ઉત્પાદનોને યોગ્ય રીતે વર્ગીકૃત કરવા નિર્દેશ આપ્યો છે.
- FSSAI એ 'પ્રોપરાઈટરી ફૂડ' હેઠળ લાયસન્સ પ્રાપ્ત ખાદ્ય ઉત્પાદનોની નજીકની કેટેગરી – ડેરી આધારિત બેવરેજ મિક્સ અથવા અનાજ આધારિત બેવરેજ મિક્સ અથવા માલ્ટ આધારિત બેવરેજીસને 'હેલ્થ ડ્રિન્ક', 'એનર્જી ડ્રિન્ક' વગેરે કેટેગરી હેઠળ ઈ– કોમર્સ વેબસાઈટ પર વેચવાના કિસ્સાઓ નોંધ્યા છે.
- FSSAI એ સ્પષ્ટતા કરી કે 'હેલ્થ ડ્રિન્ક' શબ્દ 'ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ, 2006' હેઠળ કયાંય પણ વ્યાખ્યાયિત અથવા પ્રમાણિત નથી, અને FBOs ને કાયદા મુજબ યોગ્ય કેટેગરીમાં આવા ઉત્પાદનોને મૂકીને આ ખોટા વર્ગીકરણને સુધારવાની સલાહ આપી.
- ઉપરાંત, FSSAI એ વધુમાં જણાવ્યું કે 'એનર્જી ડ્રિંક્સ' શબ્દનો ઉપયોગ ફક્ત તે ઉત્પાદનો માટે જ કરવાની પરવાનગી છે જેને તે ચોક્કસ ફૂડ કેટેગરી સિસ્ટમ હેઠળ લાયસન્સ આપવામાં આવ્યું છે.

### Food Safety and Standards Authority of India (FSSAI) વિશે....

**સ્થાપના** : વર્ષ 2008 **મુખ્યાલય** : નવી દિલ્હી

**કાર્ય** : માનવ વપરાશ માટે પૌષ્ટિક ખાદ્ય પદાર્થોના ઉત્પાદન, સંગ્રહ, વિતરણ, વેચાણ અને આયાત માટે સલામત વ્યવસ્થા સુનિશ્ચિત કરવાનું છે.

- તે એક વૈધાનિક સંસ્થા છે. તેની રચના Food Safety and Standard Authority Act – 2006 હેઠળ કરવામાં આવી છે.
- તેનું સંચાલન ભારત સરકારના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.

## ભારતે ચીનની નામ બદલવાની રણનીતિની સ્પષ્ટ નિંદા કરી




- ભારત સરકારે અરૂણાચલ પ્રદેશમાં પસંદગીના સ્થળોના નામ બદલવાના ચીનના તાજેતરના પ્રયાસોની ખુલ્લેઆમ ટીકા કરી છે.
- ભારતના વિદેશ મંત્રાલય દ્વારા એક નિવેદન જારી કરવામાં આવ્યુ કે અરૂણાચલ પ્રદેશ લોકતાંત્રિક ભારતનું એક મહત્વપૂર્ણ અભિન્ન અંગ છે. પાડોશી દેશ દ્વારા કરવામાં આવેલા આ પ્રયાસો પાયાવિહોણા છે.
- તાજેતરમાં ચીને અરૂણાચલ પ્રદેશમાં લગભગ 30 સ્થળોના નામ બદલી નાખ્યા છે, જેના કારણે ભારતને સરહદ વિવાદ પર મક્કમ વલણ બતાવવાની ફરજ પડી છે.
- ભૂતકાળમાં ભારતના અમૂક વિસ્તારો પર ચીનના સામ્રાજ્યવાદી કબજાના આધારે પ્રદેશમાં સમયાંતરે પ્રાદેશિક દાવાઓ બહાર આવ્યા છે.
- ભૂતકાળમાં ચીનની સરકારોએ પણ નોંધ્યું છે કે ભારત ભૂતકાળના બ્રિટિશ સામ્રાજ્યવાદના આધારે તેના પ્રદેશો પર માલિકીનો દાવો કરે છે.
- ભારત અને ચીન વચ્ચેના 1962 ના યુદ્ધમાં બંને દેશો વચ્ચેના ક્ષેત્રીય દાવા અંગેનો વિવાદ હજુ ઉકેલાયો નથી. બંને દેશો વચ્ચે સમયાંતરે રાજકીય તણાવ વધ્યો છે, જેના પરિણામે સ્થાનિક સ્તરે અથડામણો અને સંઘર્ષો થયા છે.

## એન્ટાર્કટિકામાં ભારતની નવી પોસ્ટ ઓફિસ




- તાજેતરમાં પોસ્ટ વિભાગે ચાર દાયકા પછી એન્ટાર્કટિકામાં ભારતી સંશોધન સ્ટેશન ખાતે પોસ્ટ ઓફિસની બીજી શાખા ખોલી.
- એન્ટર્કાટીકા માટે બનાવાયેલ પત્રો હવે નાના પ્રાયોગિક પિન કોડ, MH-1718 સાથે સંબોધવામાં આવશે, જે નવી શાખા માટે લાક્ષણિક છે.
- હાલમાં મૈત્રી અને ભારતી એ બે સક્રિય સંશોધન કેન્દ્રો છે જે ભારત દ્વારા એન્ટાર્કટિકામાં કાર્યરત છે.
- વર્ષ 1984 માં ભારતે દક્ષિણ ગંગોત્રી (ભારતનું પ્રથમ સંશોધન સ્ટેશન) ખાતે એન્ટાર્કટિકામાં તેની પ્રથમ પોસ્ટ ઓફિસની સ્થાપના કરી.
- વર્ષ 1988-89 માં દક્ષિણ ગંગોત્રી બરફમાં ડૂબી ગઈ અને ત્યારબાદ તેને રદ કરવામાં આવી હતી.
- ભારતે 26 જાન્યુઆરી, 1990 ના રોજ એન્ટાર્કટિકામાં મૈત્રી રિસર્ચ સ્ટેશન ખાતે બીજી પોસ્ટ ઓફિસની સ્થાપના કરી.
- ભારતના બંને એન્ટાર્કટિક સંશોધન કેન્દ્રો મૈત્રી અને ભારતી એ ગોવા પોસ્ટલ વિભાગ હેઠળ આવે છે.
- એન્ટાર્કટિકામાં પોસ્ટ ઓફિસ માટેના પત્રો ગોવામાં નેશનલ સેન્ટર ફોર પોલર એન્ડ ઓશન રિસર્ચ (NCPOR) ને મોકલવામાં આવે છે.
- સંશોધન આધાર પર, પત્રો 'રદ' કરવામાં આવે છે, પાછા લાવવામાં આવે છે અને પોસ્ટ દ્વારા પરત કરવામાં આવે છે.
- 'રદ્દીકરણ' શબ્દનો અર્થ સ્ટેમ્પ અથવા પોસ્ટલ સ્ટેશનરી પર મુકવામાં આવેલા ચિહનને ફરીથી ઉપયોગ માટે નકામુ બનાવવા માટે દર્શાવે છે.

- પોસ્ટ ઓફિસ એન્ટાર્કટિકા ખંડ પર ભારતની હાજરીની ખાતરી આપવાનો વ્યૂહાત્મક હેતુ પૂરો પાડે છે.
- એન્ટાર્કટિકાનું શાસન એન્ટાર્કટિક સંધિ હેઠળ આવે છે, જે રાષ્ટ્રો દ્વારા પ્રાદેશિક દાવાઓને તટસ્થ કરે છે, લશ્કરી કામગીરી અને પરમાણુ પર પ્રતિબંધ મૂકે છે અને માત્ર વૈજ્ઞાનિક શોધ માટે ખંડના ઉપયોગની હિમાયત કરે છે.

## આબોહવા પરિવર્તનની પ્રતિકુળ અસરો સામે અધિકાર, જીવન અને સમાનતાના અધિકારોનો ભાગ : SC




- એક મહત્વપૂર્ણ ચૂકાદામાં સુપ્રીમ કોર્ટે અનુચ્છેદ 14 અને 21 નો વિસ્તાર કર્યો છે. જેમાં 'ક્લાઈમેટ ચેન્જની પ્રતિકુળ અસરો સામેના અધિકાર' નો સમાવેશ કરવામાં આવ્યો છે.
- SC ની બેંચ પાવર ટ્રાન્સમિશન લાઈનોને કારણે ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ ને તેના રહેઠાણને ગુમાવવાથી બચાવવા માટેની અરજી પર સુનાવણી કરી રહી હતી.
- SC ના એપ્રિલ 2021 ના આદેશે GIB ના સંરક્ષણ માટે રાજસ્થાનના અમૂક વિસ્તારોમાં ઓવરહેડ ટ્રાન્સમિશન લાઈન સ્થાપિત કરવા પર નિયંત્રણો લીધા હતા.
- અનુચ્છેદ 21 જીવનના અધિકાર અને વ્યકિતગત સ્વતંત્રતાને માન્યતા આપે છે જયારે અનુચ્છેદ 14 સૂચવે છે કે તમામ વ્યકિતઓને કાયદા સક્ષમ સમાનતા અને કાયદાઓનું સમાન રક્ષણ મળવું જોઈએ.
- આ અનુચ્છેદો સ્વચ્છ પર્યાવરણના અધિકાર અને આબોહવા પરિવર્તનની પ્રતિકુળ અસરો સામેના અધિકારના મહત્વના સ્ત્રોત છે.
- આબોહવા પરિવર્તનની પ્રતિકુળ અસરોને ઓળખવા અને તેનો સામનો કરવા માટે સરકારની નીતિઓ અને નિયમો હોવા છતા, ભારતમાં એવો કોઈ એક અથવા છત્ર કાયદો નથી કે જે આબોહવા પરિવર્તન અને સંબંધિત ચિંતાઓને લગતો હોય.

## SWAMIH ફંડ




- કેન્દ્ર સરકાર દ્વારા સમર્થિત The Special Window for Affordable and Mid-income Housing (SWAMIH) ફંડ, 2019 માં તેની શરૂઆતથી અત્યાર સુધીમાં 28,000 થી વધુ ઘરો પૂર્ણ કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે.
- SBICap વેન્ચર્સ લિમિટેડ દ્વારા સંચાલિત આ ફંડ પણ રિયલ એસ્ટેટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં વિવિધ આનુષંગીક ઉદ્યોગોના વિકાસમાં ફાળો આપે છે.
- ભારતમાં રિયલ એસ્ટેટ ક્ષેત્ર તરલતાની તંગી, પ્રોજેક્ટમાં વિલંબ અને અટકેલા પ્રોજેક્ટ્સ જેવા પડકારોથી ઝઝૂમી રહયું છે.
- SWAMIH ફંડની રચના અટકી ગયેલા હાઉસિંગ પ્રોજેક્ટ્સને છેલ્લા – માઈલનું ભંડોળ પૂરું પાડવા માટે કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય સેક્ટરને પુનર્જીવિત કરવા અને ખરીદદારોને સમયસર ઘરની ડિલિવરી સુનિશ્ચિત કરવાનો હતો.
- નેશનલ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલ (NAREDCO) અનુસાર SWAMIH ફંડ આગામી ત્રણ વર્ષમાં અન્ય 60,000 ઘરોની ડિલિવરીની સુવિધા આપવાનો અંદાજ છે.
- નાણા મંત્રાલયના જણાવ્યા મુજબ, SWAMIH ફંડમાં સૌથી મોટી સ્થાનિક રિયલ એસ્ટેટ પ્રાઈવેટ ઈક્વિટી ટીમી છે જે માત્ર ફંડીંગ અને તણાઉગ્રસ્ત હાઉસિંગ પ્રોજેક્ટ્સની પૂર્ણતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## વાયનાડ અભ્યારણ્યમાં આગથી 100 હેક્ટર જમીનનો નાશ

- કેરળના વાયનાડ વન્યજીવ અભ્યારણ્ય હેઠળના સુલતાન બાથેરી વન્ય રેન્જમાં લાગેલી વિનાશક જંગલની આગમાં લગભગ 100 હેક્ટર જમીનનો નાશ થયો હતો.
- જંગલનો નુકશાન થવા ઉપરાંત નજીકના રબરના વાવેતરને અને અભ્યારણ્યમાં નીચેના સસ્તન પ્રાણીઓ અને સરિસૃપને નુકશાન પહોચ્યું હતું.

**વાયનાડ અભ્યારણ્ય વિશે....**

**સ્થાન :** કેરળ, **સ્થાપના :** 1973 **વિસ્તાર :** 344 ચો. કીમી

- જળસ્ત્રોત : કાબિની નદી (કાવેરીની ઉપનદી)
- તે નીલગિરી બાયોસ્ફિયર રિઝર્વનો એક ભાગ છે.
- તે ઉત્તરપૂર્વ બાજુએ કર્ણાટકના નાગરહોલ અને બાંદીપુરના સંરક્ષિત વિસ્તારો અને દક્ષિણ પૂર્વ બાજુએ તમિલનાડુમાં મુદુમલાઈથી ઘેરાયેલું છે.
- જંગલના પ્રકાર – દક્ષિણ ભારતીય ભેજવાળી પાનખર, વેસ્ટ કોસ્ટ અર્ધ – સદાબહાર




- તાજેતરમાં નેપાળે કાઠમંડુમાં તેની પ્રથમ ઈન્ટરનેશનલ રેઈન્બો ટુરિઝમ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું.
- જેનો ઉદ્દેશ્ય LGBT પ્રવાસીઓ માટે સુરક્ષિત અને સમાવિષ્ટ સ્થળ તરીકે દેશને પ્રોત્સાહન આપવાનો હતો.
- આ કોન્ફરન્સ NGO 'માયાકો પહિચાન નેપાળ' દ્વારા નેપાળ ટુરિઝમ બોર્ડના સહયોગથી આયોજિત કરવામાં આવી હતી.
- કોન્ફરન્સનો પ્રાથમિક ધ્યેય નેપાળને LGBT – મૈત્રીપૂર્ણ પ્રવાસન કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાનો હતો. આ મેળાવડાએ વ્યાપક પ્રવાસન વ્યૂહરચનામાં વિવિધતા અને સર્વસમાવેશકતાને એકીકૃત કરવા માટે જરૂરી પગલાઓ પર ચર્ચાની સુવિધા આપી.
- નેપાળે LGBT સમુદાયની કાનૂની અને સામાજિક સ્વીકૃતિના સંદર્ભમાં નોંધપાત્ર વિકાસ દર્શાવ્યો છે.
- સમલૈંગિક લગ્નને કાયદેસર બનાવવા સહિત સર્વોચ્ચ અદાલતના નિર્દેશો તમામ નાગરિકો માટે ન્યાય અને સમાનતા પ્રત્યે નેપાળનું સમર્પણ દર્શાવે છે.

### રેઈન્બો ટુરિઝમ વિશે....

- રેઈનબો ટુરિઝમ જેને LGBT ટુરિઝમ અથવા ગે ટુરિઝમ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તે વૈશ્વિક પ્રવાસન ઉદ્યોગનો વિકસતો ભાગ છે જેની અંદાજિત બજાર કિંમત વાર્ષિક $200 બિલિયનથી વધુ છે.

## ટાઈગર લેન્ડસ્કેપ માટે સસ્ટેનેબલ ફાઈનાન્સ કોન્ફરન્સ

- ભૂટાન સરકારે એશિયામાં વાઘ અને તેમના રહેઠાણોના સંરક્ષણ માટે આગામી દાયકામાં USD 1 બિલિયન નવુ ભંડોળ એકત્ર કરવા માટે પૃથ્વી દિવસ 2024 પર વાઘના લેન્ડસ્કેપ માટે સસ્ટેનેબલ ફાઈનાન્સ કોન્ફરન્સનું આયોજન કર્યુ હતું.
- ભૂટાનની રાણી જેત્સુન પેમા વાંગચુકના આશ્રય હેઠળ ભૂટાન દ્વારા બે દિવસીય સંમેલનનું આયોજન કરવામાં આવશે.
- તે વાઘના લેન્ડસ્કેપની જાળવણી માટે 10 વર્ષમાં USD 1 બિલિયનની રકમ એકત્ર કરવા માંગે છે.
- વાઘના લેન્ડસ્કેપનું સંરક્ષણ જૈવવિવિધતા જાળવવા, કાર્બનને અલગ કરવા, 100 મિલિયનથી વધુ લોકોને સંસાધનો પૂરા પાડવા અને પૃથ્વીના એકંદર આરોગ્યની ખાતરી કરવા માટે મહત્વપૂર્ણ છે.




- આ કોન્ફરન્સમાં વાઘ શ્રેણીના દેશો, સ્વપ્નદ્રષ્ટા ખાનગી અને જાહેર ક્ષેત્રના દાતાઓ, આતંરરાષ્ટ્રીય વિકાસ એજન્સીઓ, વાઘ સંરક્ષણ ગઠબંધન અને અન્ય સંરક્ષણ સંસ્થાઓને બોલાવવામાં આવી હતી.
- વાઘ શ્રેણીના દસ દેશોના ઉચ્ચ સ્તરના પ્રતિનિધિઓએ તેમના વાઘના લેન્ડસ્કેપને બચાવવા માટેની પ્રગતિ અને મહત્વકાંક્ષાઓ પર નિવેદનો આપ્યા.
- પરિષદ ભૂતાનની રોયલ સરકાર દ્વારા તેના ઉદ્દેશ્યને પુનરાવર્તિત કરતા 'Paro Statement' સાથે સમાપ્ત થઈ.
- વર્ષ 2010 થી, ગ્લોબલ એન્વાયર્નમેન્ટ ફેસિલિટીએ વાઘના સંરક્ષણ માટે USD 197 મિલિયન કરતા વધુનું ધિરાણ પૂરું પાડયું છે અને અન્ય USD 880 મિલિયન સહ – નાણામાં એકત્રિત કર્યા છે.

## Project Nimbus




- Google અને ઈઝરાયેલ વચ્ચેના $1.2 બિલિયન સંરક્ષણ કરાર પ્રોજેક્ટ નિમ્બસનો વિરોધ કરી રહેલા 20 થી વધુ કર્મચારીઓને ગુગલે છૂટા કરી દીધા છે.
  - **પ્રોજેક્ટ નિમ્બસ શું છે?**
    - તે વર્ષ 2021 માં હસ્તાક્ષરિત થયેલ કરાર છે જે હેઠળ Google અને Amazon ઈઝરાયેલ ક્લાઉડ કમ્પ્યુટિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સેવાઓ પ્રદાન કરશે.
    - આ કરાર ઈઝરાયેલને Google કલાઉડમાં પોતાનો 'લેન્ડિંગ ઝોન' રાખવાની મંજૂરી આપે છે જ્યાં તે ડેટા સ્ટોર અને પ્રોસેસ કરી શકે છે અને AI સેવાઓને સુરક્ષિત રીતે એક્સેસ કરી શકે છે.
    - આ ડેટા પ્રોજેક્ટ ઈઝરાયેલમાં સ્થિત તેના ડેટા કેન્દ્રો સાથે સેલ્ફ – કન્ટેઈન્ડ ઈકોસિસ્ટમ તરીકે ડિઝાઈન કરવામાં આવ્યો છે જે ઉચ્ચત્તમ સુરક્ષા ધોરણો દ્વારા સંચાલિત છે.
    - તે અપ્રતિમ કાર્યક્ષમતા અને સુરક્ષા પ્રદાન કરશે, ઈઝરાયેલની સૈન્ય અને સરકારને બાહય નિર્ભરતા સાથે આવતી નબળાઈઓ વિના કલાઉડ સેવાઓમાં ટેપ કરવાની મંજૂરી આપશે.
  - **શા માટે વિરોધ થઈ રહયો છે?**
    - એવી ચિંતાઓ છે કે ઈઝરાયેલ તેનો ઉપયોગ પેલેસ્ટિનિયનો પર દેખરેખ વધારવા અને ગેરકાયદેસર ડેટા સંગ્રહ વધારવા માટે કરી શકે છે. આમ તેમના ગોપનીયતા અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારનું ઉલ્લંઘન કરે છે.
    - ઈઝરાયેલ આ ટેક્નોલોજીનો ઉપયોગ પેલેસ્ટિનિયન જમીન (વેસ્ટ બેંકમાં) પર ગેરકાયદેસર વસાહતોના વિસ્તારણને સરળ બનાવવા માટે પણ કરી શકે છે.

Banking Academy

## UK એ આશ્રય શોધનારાઓને રવાન્ડામાં દેશનિકાલ કરવા માટેનું બિલ પસાર કર્યુ




- તાજેતરમાં યુનાઈટેડ કિંગ્ડમ સરકારે ઈંગ્લીશ ચેનલને પાર કરતા આશ્રય શોધનારાઓની સંખ્યાને રોકવાના પ્રયાસરૂપે રવાન્ડામાં આશ્રય શોધનારાઓને મોકલવા માટે એક વિવાદાસ્પદ બિલ પસાર કર્યુ છે.
  - **રવાન્ડા બિલ શું છે?**
    - The Safety of Rwanda (Asylum and Immigration) બિલ એ UK ના ભૂતપૂર્વ વડાપ્રધાન દ્વારા શરૂ કરવામાં આવેલી નીતિમાંથી ઉદ્ભવ્યું છે.
    - તેનો મુખ્ય હેતુ બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ્સને સુરક્ષિત ત્રીજા દેશ રવાન્ડામાં દેશનિકાલને સક્ષમ કરવાનો છે.
    - એપ્રિલ – 2022 માં UK ના વડાપ્રધાને સ્થળાંતર અને આર્થિક વિકાસ ભાગીદારી (MEDP) રજૂ કરી હતી જેનો ઉદ્દેશ્ય UK દ્વારા રવાન્ડામાં અજાણ્યા આશ્રય શોધનારાઓને સ્થાનાંતરિત કરવાનો હતો.

## સાલાસ વાય ગોમેઝ (Salas Y Gomez)

- તાજેતરમાં વૈજ્ઞાનિકોએ સાલાસ વાય ગોમેઝ રિજમાં 160 દરિયાઈ પ્રજાતિઓની શોધની જાહેરાત કરી હતી.
  - **સાલાસ વાય ગોમેઝ**
    - તે દક્ષિણ–પૂર્વ પેસિફિક મહાસાગરમાં પાણીની અંદરની પર્વતની સાંકળ છે.

- તે પશ્ચિમથી પૂર્વ સુધી લંબાઈ છે. તેની પશ્ચિમ બાજુ ઈસ્ટર આઈલેન્ડ નજીક, ચિલીના પાણીની અંદર પૂર્વ પેસિફિક રાઈઝને મળે છે અને તેની પૂર્વ બાજુ નાઝકા રિઝના પશ્ચિમ છેડે જોડાય છે.
- આ પ્રદેશમાં ઈકોસિસ્ટમ્સ એટાકામાં ટ્રેન્ચ, હમ્બોલ્ટ કરંટ સિસ્ટમ અને એક્સટ્રીમ ઓક્સિજન મિનીમમ ઝોન દ્વારા અલગ પડે છે.
- સાલાસ વાય ગોમેઝ અને નાઝકા પર્વતમાળાની આસપાસના પાણી મોટાભાગે રાષ્ટ્રીય અધિકારક્ષેત્રની બહારના વિસ્તારોમાં સ્થિત છે, જેમાં નાના ભાગો ચિલી અને પેરુના રાષ્ટ્રીય જળમાં સ્થિત છે.
- આ પ્રદેશ પૃથ્વી પર દરિયાઈ સ્થાનિકવાદના ઉચ્ચત્તમ સ્તરો સાથે અનન્ય જૈવવિવિધતા ધરાવે છે.






# 5 અર્થવ્યવસ્થા

## ડિજિટલ ઈન્ડિયા ટ્રસ્ટ એજન્સી (DIGITA)




- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ગેરકાયદેસર ધિરાણ એપ્સના ફેલાવાને રોકવા અને વધતી સાયબર છેતરપિંડીઓને રોકવા માટે ડિજિટલ ઈન્ડિયા ટ્રસ્ટ એજન્સી (DIGITA) ની સ્થાપના કરવાનું વિચારી રહી છે.
- આ સૂચિત એજન્સીઓ હેતુ, ડિજિટલ ધિરાણ એપ્સને ચકાસવાનો, વેરિફાઈડ એપ્સનું સાર્વજનિક રજિસ્ટર જાળવવાનો અને ડિજિટલ ધિરાણ ક્ષેત્રમાં પારદર્શિતા અને જવાબદારીને પ્રોત્સાહન આપવાનો છે.
- તાજેતરના વર્ષોમાં ભારતમાં ડિજિટલ ધિરાણ ક્ષેત્રમાં છેતરપિંડીની પ્રવૃત્તિઓ અને અનૈતિક પ્રથાઓમાં વધારો જોવા મળ્યો છે.
- ગેરકાયદેસરની ડિજિટલ ધિરાણ એપ્સને વ્હાઈટલિસ્ટ કરવા અને ગુગલ પ્લે સ્ટોર પરથી અનધિકૃત એપ્સને દૂર કરવા માટે IT મંત્રાલય અને ગુગલ સાથે કામ કરવા સહિત આ મુદ્દાને ઉકેલવા માટે RBI એ અનેક પગલાં લીધા છે.
- GOOGLE હવે RBI અને નાણા મંત્રાલય હેઠળના નાણાકીય સેવાઓ વિભાગની વિનંતીઓને અનુસરીને, RBI – નિયંત્રિત સંસ્થાઓ (REs) દ્વારા અથવા Play Store પર REs સાથે ભાગીદારીમાં પ્રકાશિત થયેલી એપ્લિકેશનોને જ મંજૂરી આપતી નીતિનો અમલ કરે છે.

### ❖ DIGITA ના કાર્યો

### ❖ ડિજિટલ ધિરાણ એપ્સનું વેરીફિકેશન

- DIGITA RBI ના નિયમો અને દિશાનિર્દેશોનું પાલન સુનિશ્ચિત કરવા માટે ડિજિટલ ધિરાણ એપ્લિકેશનની ચકાસણી કરશે.

### ❖ વેરિફાઈડએપ્સનું સાર્વજનિક રજિસ્ટર જાળવવું

- એજન્સી ચકાસાયેલ ડિજિટલ ધિરાણ એપ્સનું સાર્વજનિક રજિસ્ટર જાળવશે, જેનાથી ગ્રાહકોને કાયદેસરની એપ્સ ઓળખવામાં સરળતા રહેશે.

### ❖ નાણાકીય ગુનાઓનો સામનો કરવો

- એવી એપ્સ કે જેની પાસે DIGITA ચકાસાયેલ ચિહ્ન નથી તે કાયદાના અમલીકરણ હેતુઓ માટે અનધિકૃત ગણવામાં આવશે, જે ડિજિટલ ડોમેનમાં નાણાકિય ગુનાઓનો સામનો કરવા માટે એક મહત્વપૂર્ણ ચેક પોઈન્ટ તરીકે કાર્ય કરશે.

## T + 0 ટ્રેડિંગ સેટલમેન્ટ સાયકલ




- તાજેતરમાં બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) એ વૈકલ્પિક ધોરણે ઈક્વિટી સેગમેન્ટમાં સેટલમેન્ટ સાયકલના T + 0 બીટા વર્ઝનમાં ટ્રેડિંગની રજૂઆત કરી હતી.
- સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) એ ટૂંકા ગાળાના સેટલમેન્ટ સાયકલની શરૂઆત માટે ઓપરેશનલ માર્ગદર્શિકા જારી કર્યા પછી આ આવ્યું છે.

### ❖ T + 0 ટ્રેડિંગ સેટલમેન્ટ સાયકલ શું છે?

- ડિસેમ્બર 2023 માં, સેબીએ વર્તમાન T + I સેટલમેન્ટ ચક્ર ઉપરાંત વૈકલ્પિક ધોરણે T + 0 (તે જ દિવસે) પર ભંડોળ અને સિક્યોરિટિઝના ક્લિયરિંગ અને સેટલમેન્ટ માટેની સુવિધા રજૂ કરવાનો પ્રસ્તાવ મૂકયો હતો.
- T + 0 ટ્રેડ સાયકલ હેઠળ, T + 0 માર્કેટ બંધ થયા પછી તે જ દીવસે ટ્રેડનું સેટલમેન્ટ થશે.
- આનો અર્થ એ થયો કે જો રોકાણકારો શેર વેચે છે, તો તેઓને તેમના ખાતામાં જમા થયેલ નાણા તે જ દિવસે પ્રાપ્ત થશે, અને ખરીદનારને પણ ટ્રાન્ઝેક્શનના દિવસે જ તેમના ડીમેટ ખાતામાં શેર મળશે.
- આ વિશ્વની સૌથી ઝડપી સ્ટોક સેટલમેન્ટ સિસ્ટમ છે.
- વર્તમાન T + I સિસ્ટમમાં ટ્રેડ એક્ઝિક્યુશનની તારીખ અને સેટલમેન્ટની તારીખ વચ્ચે એક કામકાજી દિવસનો વિલંબ સામેલ છે.
- T + I સિસ્ટમમાં વેચાણકર્તાઓને તેમની રોકડમાંથી માત્ર 80% વેચાણના દિવસે મળે છે, બાકીના 20% બીજા દિવસે ઉપલબ્ધ થાય છે
- જો કે નવી T + 0 સેટલમેન્ટ સિસ્ટમની રજૂઆત સાથે, વિક્રેતાઓને ટ્રાન્ઝેક્શનના દિવસે તેમની 100% રોકડની ઝડપી એક્સેસ હશે, બાકીની રકમ માટે બીજા દિવસની રાહ જોવાની જરૂરિયાતને દૂર કરશે.

### ❖ લાભો

- એક ટૂંકી સેટલમેન્ટ સાયકલ ખર્ચ અને સમયની કાર્યક્ષમતા, રોકાણકારોને શુલ્કમાં પારદર્શિતા લાવશે અને ક્લીયરિંગ કોર્પોરેશનો અને એકંદર સિક્યોરિટિઝ માર્કેટ ઈકોસિસ્ટમમાં જોખમ વ્યવસ્થાપનને મજબૂત બનાવશે.

- T + 0 વેપાર ચક્ર વેચાણકર્તાઓને સિક્યોરિટીઝ સામે ભંડોળના ઝડપી પે–આઉટ અને ખરીદદારોને ભંડોળ સામે સિક્યોરિટીઝના ઝડપી પે – આઉટના સંદર્ભમાં લવચીકતા પ્રદાન કરે તેવી અપેક્ષા છે.
- તે રોકાણકારો દ્વારા ભંડોળ અને સિક્યોરિટીઝ પર વધુ સારી રીતે નિયંત્રણની મંજૂરી આપશે.
- સિક્યોરિટીઝ માર્કેટ ઈકોસિસ્ટમ માટે, ટૂંકા પતાવટ ચક્ર સિક્યોરિટીઝ માર્કેટમાં મૂડી મુક્ત કરશે, જેનાથી બજારની એકંદર કાર્યક્ષમતામાં વધારો થશે.
- તે ક્લિયરિંગ ઓપરેશન્સ (CCs) ના એકંદર જોખમ વ્યવસ્થાપનને વધારશે કારણ કે ટ્રેડ્સને અપફ્રન્ટ ફંડ્સ અને સિક્યોરિટીઝ દ્વારા સમર્થન આપવામાં આવે છે.

## IRDAI એ 'બીમા સુગમ' માર્કેટપ્લેસની સ્થાપનાને મંજૂરી આપી

- તાજેતરમાં ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IRDAI) એ બીમા સુગમની સ્થાપનાને મંજૂરી આપી છે.
- બીમા સુગમ એક ઓનલાઈન માર્કેટપ્લેસ છે જે વીમા પોલિસી ખરીદવા, વેચવા અને સર્વિસ કરવા તેમજ દાવાઓની પતાવટ માટે છે.




- તે તમામ કંપનીઓને ઓનબોર્ડ કરશે જે એક છત નીચે જીવન અને બિન–જીવન વીમા ઉત્પાદનો ઓફર કરે છે.
- બીમા સુગમ સરકારી ડેટાબેઝ, વીમા કંપનીઓ, મધ્યસ્થીઓ અને વીમા ભંડાર સાથે સંકલન કરીને એકીકૃત પ્લેટફોર્મ તરીકે સેવા આપશે.
- તે ગ્રાહકની વિગતો મેળવશે, ઉત્પાદનની માહિતી પ્રદાન કરશે અને વીમા પોલિસીની ખરીદ અને સેવાની સુવિધા આપશે.
- એક જ ઈન્ટરફેસ તરીકે કામ કરતા, તે ગ્રાહકો, મધ્યસ્થીઓ અને એજન્ટોને વિવિધ વીમા કંપનીઓ સાથે જોડાવા અને વ્યવહાર કરવામાં સક્ષમ બનાવશે.

❖ **ગ્રાહકો માટે લાભો**

- વીમા પોલિસીઓ ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં ઉપલબ્ધ થશે, જે ભૌતિક દસ્તાવેજો પર નિર્ભરતા ઘટાડે છે.
- બીમા સુગમનો ઉદ્દેશ્ય પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરીને અને વહીવટી ખર્ચમાં ઘટાડો કરીને જીવન વીમાને વધુ સસ્તુ બનાવવાનો છે.

## Meme Coins શું છે?



- ક્રિપ્ટોકરન્સી ક્ષેત્રની અંદર તાજેતરમાં Meme Coins નોંધપાત્ર લોકપ્રિયતા મેળવી રહયા છે. કેમ કે તેની શરૂઆત ઈન્ટરનેટ પર વધતી જતી મેમ સંસ્કૃતિમાં છે, જે હયુમર અને લિવિટી દ્વારા વર્ગીકૃત થયેલ છે
- 'Meme Coin' શબ્દ Dogecoin થી ઉદ્ભવ્યો હતો, જે Shiba Inu કૂતરાને દર્શાવતા Doge meme ના રમતિયાળ પ્રતિભાવ તરીકે કલ્પના કરવામાં આવ્યો હતો.
- Meme Coins, જેને 'memetic tokens' અથવા 'community coins' તરીકે પણ ઓળખવામાં આવે છે. તે ડિજિટલ કરન્સી છે જે ઈન્ટરનેટ સંસ્કૃતિને વ્યંગ અથવા રમૂજી શ્રધ્ધાંજલિના સ્વરૂપ તરીકે બનાવવામાં આવે છે.
- તે ઘણીવાર વિચિત્ર નામો, લોગો અને બ્રાન્ડિંગ દર્શાવે છે જે લોકપ્રિય મેમ્સ, ટુચકાઓ અથવા ઈન્ટરનેટ ઘટનાઓનો સંદર્ભ આપે છે.
- હાલમાં બજારમાં 300 થી વધુ meme coins અસ્તિત્વ ધરાવે છે જેમ કે, Dogecoin (DOGE), Shiba Inu (SHIB), Retik Finance (RETIK)
- Meme coins પરંપરાગત ક્રિપ્ટોકરન્સીની જેમ જ કાર્ય કરે છે, જે કામ કરવા માટે બ્લોકચેન ટેક્નોલોજીનો લાભ લે છે.
- તેઓ સામાન્ય રીતે Ethereum અને Solana જેવા પ્લેટફોર્મ પર સ્થાપિત થાય છે, જે તેમની કાર્યક્ષમતાઓને સરળ બનાવે છે.
- જો કે meme coins કિંમતોની અસ્થિરતા, નિયમનનો અભાવ, મર્યાદિત સ્વીકૃતિ જેવા પરિબળોને કારણે જોખમો ધરાવે છે.

## RBI મોનેટરી પોલિસી, રેપો રેટ સાતમી વખત સ્થિર રહેશે




- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ની મોનેટરી પોલિસી કમિટી (MPC) એ રેપો રેટ – કી પોલિસી રેટ – 6.5% પર યથાવત રાખવા અને 'ઉપાડની સરળતા' નીતિને જાળવી રાખવાનો નિર્ણય કર્યો છે.
- બંને નિર્ણયો RBI ગર્વનર શક્તિકાંત દાસની આગેવાની હેઠળની છ સભ્યોની MPC દ્વારા 5:1 બહુમતી સાથે લેવામાં આવ્યા હતા.
- RBI એ FY 2025 માં GDP વૃદ્ધિનું અનુમાન 7% જાળવી રાખ્યું છે, જયારે NSO એ FY 2025 માટે 7.6% વૃદ્ધિનો અંદાજ મૂક્યો છે.

- RBI એ નાણાકીય વર્ષ 2024-25 માં છૂટક ફુગાવો 4.5% રહેવાનો અંદાજ મૂકયો છે. તેણે FY 25 માં Q1 4.9%, Q2 માં 3.8%, Q3 માં 4.6% અને Q4 માં 4.5% ફુગાવાનો અંદાજ મૂક્યો છે.

❖ **દરો યથાવત રાખવાના કારણો**

- ચોક્કસ ક્ષેત્રોમાં પડકારો હોવા છતાં એકંદર આર્થિક દ્દષ્ટિકોણ આશાવાદી રહે છે.
- જયારે ફુગાવો સામાન્ય રીતે સાધારણ હતો, ત્યારે ઉંચા ખાદ્ય ફુગાવાએ હેડલાઈનના આંકડાઓને ઉંચા રાખ્યા હતા.
- જો કે, સૌમ્ય કોર ફુગાવો RBI ને રાહત આપશે કારણ કે મજબૂત વૃદ્ધિ મોટે ભાગે બિન – ફુગાવાહીન રહી છે.
- શક્તિકાંત દાસે ભારપૂર્વક જણાવ્યું હતું કે ખાદ્ય પદાર્થોની કિંમતોમાં અનિશ્ચિતતા પડકારો ઉભી કરે છે અને MPC ફુગાવાના વધતા જોખમો પ્રત્યે સજાગ રહે છે જે ડિફ્લેશનના માર્ગને પાટા પરથી ઉતારી શકે છે.
- તેમણે CPI ફુગાવાને ઘટાડવાની અને તેને ટકાઉ ધોરણે લક્ષ્યને અનુરૂપ જાળવી રાખવાની જરૂરિયાત વ્યક્ત કરી.

❖ **RBI રેપો રેટ**

- પોલિસી રેપો રેટ – 6.50%
- સ્ટેન્ડિંગ ડિપોઝિટ ફેસિલિટી (SDF) – 6.25%
- માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ – 6.75%
- બેંક રેટ – 6.75%
- ફિક્સ્ડ રિવર્સ રેપો રેટ – 3.35%
- CRR – 4.50%
- SLR – 18%

**Monetary Policy Committee (MPC) વિશે....**

- RBI એક્ટ, 1934ના સુધારેલા (2016માં) કલમ 45ZB હેઠળ, કેન્દ્ર સરકારને છ સભ્યોની મોનેટરી પોલિસી કમિટીની રચના કરવાની સત્તા આપવામાં આવી છે.
- RBIના ગર્વનર તેના અધ્યક્ષ હોય છે.
- MPCને નિર્દિષ્ટ લક્ષ્ય સ્તરની અંદર ફુગાવાને સમાવવા માટે જરૂરી બેન્ચમાર્ક પોલિસી રેટ નક્કી કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું છે.

## ભારતમાં UPI ટ્રાન્ઝેક્શનમાં 56% નો વધારો




- કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલ મુજબ ભારતમાં યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (UPI) વ્યવહારોમાં જુલાઈ થી ડિસેમ્બર 2023 વચ્ચે 56% નો નોંધપાત્ર વધારો નોંધાયો છે.
- વર્ષ 2022 ના ઉત્તરાર્ધમાં વ્યવહારોનું પ્રમાણ 42.1 બિલિયનથી વધીને 65.7 બિલિયન થયું છે.
- ટ્રાન્ઝેક્શનની સંખ્યામાં વધારો થવા સાથે, ભારત સરકારે 99.68 લાખ કરોડ રૂપિયાના મૂલ્યનો અંદાજ લગાવ્યો છે જે કુલ 44% નો સર્વાંગી ઉછાળો દર્શાવે છે.
- ભારત સરકારે Rupay ડેબિટ કાર્ડ અને BHIM UPI વ્યવહારો માટે ઘણી પ્રોત્સાહક યોજનાઓ રજૂ કરી છે.

**Unified Payments Interface (UPI) વિશે....**

- UPI એ 2016 માં NPCI દ્વારા વિકસાવવામાં આવેલી ભારતીય ઈન્સ્ટન્ટ પેમેન્ટ સિસ્ટમ છે.
- તે એક જ મોબાઈલ એપ્લિકેશનમાં બહુવિધ બેંક ખાતાઓને એકીકૃત કરે છે, જે સીમલેસ ફંડ રૂટીંગ અને વેપારી ચૂકવણીની સુવિધા આપે છે.

## ભારત બિલપે SBI NCMC કાર્ડ રિચાર્જને સક્ષમ કરશે




- નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) ની સંપૂર્ણ માલિકીની પેટાકંપની NPCI ભારત બિલ – પે લિમિટેડ (NBBL) એ ભારત બિલ– પે પ્લેટફોર્મ દ્વારા SBI ના નેશનલ કોમન મોબિલિટી કાર્ડ્સ (NCMC) ના ઓનલાઈન રિચાર્જને સક્ષમ કરવા માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) સાથે ભાગીદારી કરી છે.
- આ પગલાંનો હેતુ લાંબી કતારોને ટાળીને NCMC વપરાશકર્તાઓને અનુકૂળ અને સીમલેસ ટોપ – અપ સુવિધા પૂરી પાડવાનો છે.
- ગ્રાહકો વિવિધ ભારત બિલપે – સક્ષમ એપ્સ અને પોર્ટલ દ્વારા રૂા. 10,000 સુધીના ઓનલાઈન તેમના NCMC કાર્ડને રીચાર્જ કરી શકે છે.
- ક્રેડિટ કાર્ડ્સ, ડેબિટ કાર્ડ્સ અને પ્રીપેડ પેમેન્ટ ઈન્સ્ટ્રુમેન્ટ્સ સહિત વિવિધ ચૂકવણી વિકલ્પો સમર્પિત છે.

**National Common Mobility Cards (NCMC) વિશે....**

- તે ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા કલ્પના કરાયેલ ઈન્ટર –ઓપરેટેબલ ટ્રાન્સપોર્ટ કાર્ડ છે.
- તે છૂટક ખરીદી ઉપરાંત સમગ્ર દેશમાં વિવિધ મેટ્રો અને અન્ય પરિવહન પ્રણાલીઓ દ્વારા સીમલેસ મુસાફરીને સક્ષમ કરે છે.
- NCMC કાર્ડ બેંકો દ્વારા જારી કરવામાં આવે છે અને લાસ્ટ માઈલની કામગીરી ટ્રાન્ઝિટ સિસ્ટમ ઓપરેટરો દ્વારા કરવામાં આવે છે.
- SBI એ NCMC કાર્ડના મુખ્ય જારીકર્તાઓમાંનુ એક છે.

## CBDT એ FY24 માં 125 એડવાન્સ પ્રાઈસિંગ એગ્રીમેન્ટ્સના રેકોર્ડ નંબર પર હસ્તાક્ષર કર્યા




- સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (CBT) એ નાણાકીય વર્ષ 2023-24 દરમિયાન 125 એડવાન્સ પ્રાઈસિંગ એગ્રીમેન્ટ્સ (APAs) પર હસ્તાક્ષર કરીને નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કર્યુ છે.
- APA હસ્તાક્ષરોમાં આ વધારો ટ્રાન્સફર પ્રાઈસિંગ રેગ્યુલેશન્સના વધતા મહત્વ અને કરદાતાઓને નિશ્ચિતતા પ્રદાન કરવાના પ્રયાસોને રેખાંકિત કરે છે.
- વધારાના વિકાસમાં ભારત અને મોરેશિયસે કરચોરીને રોકવા અને ન્યાયી કરવેરા પ્રથાઓની ખાતરી કરવા માટે તેમના ડબલ ટેક્સેશન એવોઈડન્સ એગ્રીમેન્ટ (DTAA) માં સુધારો કર્યો છે.

❖ **એડવાન્સ પ્રાઈસિંગ એગ્રીમેન્ટ (APA) શું છે?**

- APA એ કરદાતા અને ટ્રાન્સફર કિંમતો પર ટેક્સ ઓથોરિટી વચ્ચેની ઔપચારિક વ્યવસ્થા છે.
- APAs વ્યવસાયોને કર સત્તાવાળાઓ દ્વારા પડકારવામાં આવતા તેમના વ્યવહારના ભાવનું જોખમ ઘટાડવાની મંજૂરી આપે છે.
- APA પ્રોગ્રામે બિઝનેસ કરવાની સરળતાને પ્રોત્સાહન આપવાના ભારતના મિશનમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે, ખાસ કરીને મલ્ટિનેશનલ એન્ટરપ્રાઈઝિસ (MNEs) માટે તેમની જૂથ સંખ્યાઓમાં મોટી સંખ્યામાં ક્રોસ બોર્ડર વ્યવહારો સાથે.
- APA સ્કીમ ભાવની પદ્ધતિઓનો ઉલ્લેખ કરીને અને વધુમાં વધુ 5 ભાવિ વર્ષો માટે અગાઉથી આંતરરાષ્ટ્રીય વ્યવહારોની આર્મ લંબાઈની કિંમત નક્કી કરીને ટ્રાન્સફર પ્રાઈસિંગના ક્ષેત્રમાં કરદાતાઓને નિશ્ચિતતા પ્રદાન કરવાનો પ્રયાસ કરે છે.
- વધુમાં કરદાતા પાસે અગાઉના 4 વર્ષ માટે APA રોલબેક કરવાનો વિકલ્પ છે, જેના પરિણામે નવ વર્ષ માટે કરની નિશ્ચિતતા પૂરી પાડવામાં આવે છે.
- દ્વિપક્ષીય APA પર હસ્તાક્ષર કરદાતાઓને કોઈપણ અપેક્ષિત અથવા વાસ્તવિક બેવડા કરવેરાથી રક્ષણ પૂરી પાડે છે.

**Central Board of Direct Tax (CBDT) વિશે....**

- તે એક વૈધાનિક સત્તા છે જે સેન્ટ્રલ બોર્ડ ઓફ રેવેન્યુ એક્ટ, 1963 હેઠળ કાર્ય કરે છે.
- તે નાણા મંત્રાલયના મહેસૂલ વિભાગનો એક ભાગ છે.
- તે ભારતમાં પ્રત્યક્ષ કરની નીતિ અને આયોજન માટે ઈનપુટ પ્રદાન કરે છે અને આવકવેરા વિભાગ દ્વારા પ્રત્યક્ષ કર કાયદાના વહીવટ માટે પણ જવાબદાર છે.

## ગ્રીડ – ઈન્ડિયાને મિની રત્ન કંપનીનો દરજ્જો મળ્યો

- ગ્રીડ કંટ્રોલર ઓફ ઈન્ડિયા લિમિટેડ (GRID – India) એ ભારત સરકારના ઉર્જા મંત્રાલયમાંથી મિનિરત્ન કેટેગરી– I સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝ (CPSE) નો દરજ્જો મેળવીને એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યુ છે, જે વિદ્યુત પરિદ્દશ્યમાં ગ્રીડ–ઈન્ડિયાની મહત્વની ભૂમિકાને રેખાંકિત કરે છે.
- વર્ષ 2009 માં સ્થપાયેલ GRID – INDIA ભારતીય પાવર સિસ્ટમની અવિરત કામગીરીની દેખરેખ રાખે છે, જે પ્રદેશોની અંદર અને સમગ્ર પ્રદેશમાં કાર્યક્ષમ પાવર ટ્રાન્સફરને સુનિશ્ચિત કરે છે.
- તે પ્રાદેશિક લોડ ડિસ્પેચ સેન્ટર્સ (RLDC) અને નેશનલ લોડ ડિસ્પેચ સેન્ટસ (NLDC) દ્વારા ઓલ ઈન્ડિયા સિંક્રોનસ ગ્રીડનું સંચાલન કરે છે, જે પાવર દ્દશ્યમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
- GRID – INDIA સંકલિત પાવર સિસ્ટમ ઓપરેશન્સ માટે વિશ્વસનીયતા, સ્થિરતા અને વાજબી સ્પર્ધાને પ્રાધાન્ય આપીને સ્પર્ધાત્મક વીજળી બજારોનું સંચાલન કરે છે.

# 6 યોજના,પોર્ટલ અને એપ્લીકેશન

## ગગનયાન ક્રૂને મદદ કરવા માટે SAKHI એપ




- ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન હેઠળના 'વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર (VSSC)' એ ગગનયાન સ્પેસ ફ્લાઈટ મિશન દરમિયાન અવકાશયાત્રીઓને ટેકો આપવા માટે 'સ્પેસ –બોર્ન આસિસ્ટન્ટ એન્ડ નોલેજ હબ ફોર ક્રૂ ઈન્ટરએક્શન' (SAKHI) નામની નવીન અને બહુમુખી એપ્લિકેશન વિકસાવી છે.
- મિશન દરમિયાન ગગનયાન ક્રૂ માટે મહત્વપૂર્ણ તકનીકી માહિતી શોધવા અથવા એકબીજા સાથે વાતચીત કરવા જેવા વિવિધ કાર્યો કરશે.
- તે બ્લડ પ્રેશર, હૃદયના ધબકારા અને ઓક્સિજન સંતૃપ્તિ અને સમગ્ર મિશન દરમિયાન ક્રૂની શારીરિક સ્થિતિની માહિતી પ્રદાન કરશે.
- તે ક્રૂને તેમના હાઈડ્રેશન અને આહારના સમયપત્રક અને ઉંઘની પેટર્ન વિશે પણ યાદ કરાવશે.
- અવકાશયાત્રીઓ વોઈસ રેકોર્ડ્સ, ટેક્સ્ટ્સ અને છબીઓ સહિત બહુવિધ ફોર્મેમાં મિશન પર લોગ જાળવવા માટે એપ્લિકેશનનો ઉપયોગ કરી શકે છે.
- તે ક્રૂને ઓનબોર્ડ કોમ્પ્યૂટર અને ગ્રાઉન્ડ આધારિત સ્ટેશનો સાથે જોડાયેલ રાખશે તથા એક સીમલેસ કોમ્યુનિકશનની લિંકની ખાતરી કરશે.

## મનરેગા યોજના હેઠળ વેતન દરોમાં સુધારો




- તાજેતરમાં કેન્દ્ર સરકારે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ આપવામાં આવેલા વેતન દરોમાં સુધારો કરવાની જાહેરાત કરી હતી, જેના સંદર્ભમાં વિવિધ રાજ્યોએ તેમની પ્રતિક્રિયાઓ આપી હતી.
- ઘણા રાજ્યોમાં મનરેગા હેઠળ આપવામાં આવતું મહેનતાણું 8% થી વધારીને 100% કરવામાં આવ્યું હતું.
- કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલયે આદર્શ આચાર સંહિતા દ્વારા લાદવામાં આવેલા અવરોધોને ધ્યાનમાં રાખીને સંબંધિત સૂચના જારી કરવા માટે ચૂંટણી પંચ પાસેથી વિશેષ પરવાનગી મેળવી હતી.
- તેલંગાણા, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, તમિલનાડુ અને ગોવામાં 8% થી 10.5 સુધીના મહેનતાણામાં નોંધપાત્ર વધારો નોંધાયો છે.
- હરિયાણામાં સૌથી વધુ મહેનતાણું 374 રૂપિયા પ્રતિદિવસ છે, જ્યારે ઉત્તરપ્રદેશમાં તે સૌથી ઓછુ પ્રતિ દિવસ 237 રૂપિયા છે.
- સુધારેલા વેતન દરો 1 એપ્રિલ, 2024 થી લાગૂ થશે.
- વર્ષ 2005 માં શરૂ કરાયેલ મનરેગા એ વિશ્વના સૌથી મોટા વર્ક ગેરંટી પ્રોગ્રામ પૈકી એક છે જે ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો.

## C – Vigil એપ્લિકેશન




- ભારતીય ચૂંટણી પંચ દ્વારા cVIGIL એપ્લિકેશન નાગરિકો માટે ચૂંટણી સંહિતાના ઉલ્લંઘનની જાણ કરવા માટે એક શક્તિશાળી સાધન તરીકે ઉભરી આવી છે, ખાસ કરીને ચાલી રહેલી સામાન્ય ચૂંટણી 2024 દરમિયાન.
- સામાન્ય ચૂંટણી 2024 ની જાહેરાત બાદથી 79,000 થી વધુ ફરિયાદો મળી છે જેમાંથી 99% થી વધુ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું છે.
- મોટા ભાગની ફરિયાદો, લગભગ 73%, ગેરકાયદેસર હોર્ડિંગ્સ અને બેનરો સાથે સંબંધિત છે, જ્યારે પૈસા, ભેટો અને દારૂના વિતરણ જેવા મુદ્દાઓ પણ મુખ્ય રીતે દર્શાવવામાં આવે છે.

❖ **cVIGIL ની મુખ્ય વિશેષતાઓ**

- ફરિયાદ નોંધણી : cVIGIL ચૂંટણીની જાહેરાતની તારીખથી અમલમાં આવતા અને મતદાન પછીના એક દિવસ સુધી ચાલતી આદર્શ આચાર સંહિતા (MCC) ના ઉલ્લંઘનની જાણ કરવા માટે ચૂંટણીવાળા રાજયમાં કોઈ પણને ફરિયાદ માટે મંજૂરી આપે છે.

Banking Academy

- અનામી રિપોર્ટિંગ : વપરાશકર્તાઓ તેમની અંગત વિગતો અપ્રગટ રહે તેની ખાતરી કરીને અનામી રીતે ફરિયાદો સબમિટ કરી શકે છે.
- જીઓટેગીંગ : જ્યારે વપરાશકર્તાઓ કેમેરા ફિચરનો ઉપયોગ કરે છે ત્યારે એપ આપમેળે રિપોર્ટમાં જીઓટેગ ઉમેરે છે અને ફીલ્ડ એકમોને ચોક્કસ સ્થાનની માહિતી પૂરી પાડે છે.

## CDP – SURAKSHA : બાગાયત સબસિડી માટેનું ડિજિટલ પ્લેટફોર્મ




- કેન્દ્ર સરકારે ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ (CDP) હેઠળ બાગાયતી ખેડૂતોને સબસિડીનું વિતરણ કરવા માટે CDP – SURAKSHA નામનું નવું પ્લેટફોર્મ શરૂ કર્યું છે.
- આનાથી ભારતના બાગાયત ક્ષેત્રના વિકાસને વેગ મળશે, જે કૃષિ ગ્રોસ વેલ્યુ એડિશન (GVA) માં લગભગ એક તૃતીયાંશ યોગદાન આપે છે.

### CDP - SURAKSHA

- SURAKSHA એટલે 'System for Unified Resource Allocation, Knowledge, and Secure Horticulture Assistance.'
- આ પ્લેટફોર્મ નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) ના e-RUPI વાઉચરનો ઉપયોગ કરીને ખેડૂતોને તેમના બેંક ખાતામાં સબસિડિનું ત્વરિત વિતરણ કરવાની મંજૂરી આપશે.
- તેમાં PM-KISAN સાથે ડેટાબેઝ એકીકરણ, NIC તરફથી ક્લાઉડ – આધારિત સર્વર સ્પેસ, UIDAI માન્યતા, eRUPI એકીકરણ, સ્થાનિક સરકારી નિર્દેશિકા, કન્ટેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ, જિયોટેગિંગ અને જીઓ – ફેન્સિંગ જેવી સુવિધાઓ છે.
- આ પ્લેટફોર્મ ખેડૂતો, વિક્રેતાઓ, અમલીકરણ એજન્સીઓ, ક્લસ્ટર ડેવલપમેન્ટ એજન્સીઓ અને નેશનલ હોર્ટિકલ્ચર બોર્ડના અધિકારીઓ સુધી પંહોચવાની મંજૂરી આપે છે.
- ખેડૂત તેમના મોબાઈલ નંબરનો ઉપયોગ કરીને લોગીન કરી શકે છે, ઓર્ડર આપી શકે છે અને વાવેતર સામગ્રીના ખર્ચમાં તેમનો હિસ્સો ફાળો આપી શકે છે.
- ચૂકવણી કર્યા પછી, એક eRUPI વાઉચર જનરેટ થશે. આ વાઉચર પછી વિક્રેતા દ્વારા પ્રાપ્ત થશે, જે ખેડૂતને જરૂરી વાવેતર સામગ્રી પ્રદાન કરશે.
- સામગ્રીની ડિલિવરી પછી ખેડૂતોએ તેમના ખેતરના જીઓ – ટેગ કરેલા ફોટા અને વિડિયો દ્વારા ડિલિવરીની ચકાસણી કરવાની રહેશે.
- ચકાસણી પછી, અમલીકરણ એજન્સીઓ વિક્રેતાને eRUPI વાઉચર માટે નાણાં મુક્ત કરશે. વિક્રેતાએ પોર્ટલ પર ચૂકવણીનું ઈનવોઈસ અપલોડ કરવાનું રહેશે.
- અમલીકરણ એજન્સીઓ તમામ દસ્તાવેજો એકત્રિત કરશે અને સબસિડી જારી કરવા માટે તેને CDA સાથે શેર કરશે, આ પ્રક્રિયા પછી જ સબસિડી અમલીકરણ એજન્સીઓને આપવામાં આવશે.

**Cluster Development Program (CDP) વિશે....**

- તે એક કેન્દ્રીય પ્રાયોજિત કાર્યક્રમ છે જેનો હેતુ ઓળખાયેલ બાગાયત ક્લસ્ટરોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે વિકસાવવાનો છે.
- તેનો અમલ કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના 'નેશનલ હોર્ટિકલ્ચર બોર્ડ (NHB) દ્વારા કરવામાં આવશે.
- અત્યાર સુધીમાં કુલ 55 બાગાયત ક્લસ્ટરની ઓળખ કરવામાં આવી છે જેમાંથી 12 ને પાયલોટ પ્રોજેક્ટ માટે પસંદ કરવામાં આવ્યા છે.
- દરેક ક્લસ્ટરમાં એક અમલીકરણ એજન્સી અને ક્લસ્ટર ડેવલપમેન્ટ એજન્સી હશે.

ગુજરાત સરકાર દ્વારા (2024-2025) માં જાહેર થનાર

# GPSC

તેમજ

અંદાજિત કુલ જગ્યાઓ

**20000+**

## ગુજરાત સરકારની વર્ગ-૩ ની વિવિધ ભરતીઓ

- GPSC Class-III
- નાયબ મામલતદાર
- ASI/PSI
- કોન્સ્ટેબલ
- તલાટી કમ મંત્રી
- જુ.ક્લાર્ક
- TET/TAT

Govt. Jobs

Hurry Up!!

તૈયારી માટેના નવા વર્ગો

**30th May થી શરૂ**

Then Why Wait?

ADMISSION OPEN

**નવા વર્ગોની માહિતી માટે સંસ્થાની રૂબરૂ મુલાકાત લો.**

અનુભવી ફેકલ્ટીઓ દ્વારા તમામ વિષયોની તૈયારી

Join Demo Class

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

સુરત (ઉધના) Ph. : 70461 40555

સુરત (વરાછા) Ph. : 70464 16555

સુરત (કતારગામ) Ph. : 70466 31555

# 7 રિપોર્ટ અને ઈન્ડેક્સ

## ઈન્ડિયા ટીબી રિપોર્ટ 2024




- તાજેતરમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે 'ઈન્ડિયા ટીબી રિપોર્ટ 2024' બહાર પાડયો હતો.

**❖ રિપોર્ટની મહત્વની બાબતો**

- વર્ષ 2015 થી ટીબીના બનાવોમાં 16% નો ઘટાડો થયો છે (દર વર્ષે નવા કેસો બહાર આવે છે તેમાં) અને ટીબીને કારણે મૃત્યુદરમાં 18% ઘટાડો થયો છે.
- ભારતમાં ટીબીના કેસોના દર વર્ષ 2015 માં પ્રતિ લાખ વસ્તી 237 થી ઘટીને વર્ષ 2022 માં પ્રતિ લાખ વસ્તી 199 થઈ ગયો છે, જયારે મૃત્યુદર વર્ષ 2015 માં પ્રતિ લાખ વસ્તી 28 થી ઘટીને વર્ષ 2022 માં પ્રતિ લાખ વસ્તી 23 થઈ ગયો છે.
- વર્ષ 2023 માં લગભગ 32% ટીબી કેસો ખાનગી આરોગ્ય સંભાળ ક્ષેત્રમાંથી આવ્યા હતા, જે અગાઉના વર્ષ કરતા 17% વધારો દર્શાવે છે.
- જયારે ટીબીના કેસોમાં એકંદર વાર્ષિક ધોરણે છેલ્લા 9 વર્ષમાં 50% થી વધુનો સુધારો થયો છે.
- ગયા વર્ષની સરખામણીમાં ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ટીબીના કેસ નોંધાયા છે, ત્યાર બાદ બિહાર બીજા ક્રમે છે.

**❖ નેશનલ ટ્યુબરક્યુલોસિસ એલિમિનેશન પ્રોગ્રામ (NTEP)**

- NTEP એ ભારત સરકાર દ્વારા વર્ષ 2020 માં શરૂ કરવામાં આવેલ જાહેર આરોગ્ય પહેલ છે. જે અગાઉ 'રિવાઈઝ્ડ નેશનલ ટ્યુબરક્યુલોસિસ કંટ્રોલ પ્રોગ્રામ (RNTCP)' તરીકે ઓળખાતું હતું.
- આ મિશન સમગ્ર દેશમાં ક્ષય રોગ વિરોધી પ્રયાસોનું આયોજન કરવાનું છે.
- આ પ્રોગ્રામનો ધ્યેય નિવારણ, શોધ, સારવાર અને સાર્વત્રિક કવરેજ પર કેન્દ્રિત વ્યૂહરચનાઓ દ્વારા 'ટીબી મુક્ત ભારત' હાંસલ કરવાનો છે.
- નિ – ક્ષય મિત્ર પહેલ ટીબીના દર્દીઓને વધારાના નિદાન, પોષણ અને વ્યાવસાયિક સહાય પૂરી પાડે છે.
- નિ – ક્ષય ડિજિટલ પોર્ટલ એ ટીબી પીડિત વ્યકિતઓ માટે સામુદાયિક સમર્થન માટેનું પ્લેટફોર્મ છે.
- નિ – ક્ષય પોષણ યોજના દ્વારા તમામ ટીબી દર્દીઓને તેમની સમગ્ર સારવારના સમયગાળા દરમિયાન પોષણ સહાય આપવામાં આવે છે.
- ટીબીના દર્દીઓ અને HIV (PLHIV) સાથે જીવતા લોકોના બાળકોના સંપર્કો માટે ટીબી રોગ સામે કીમોપ્રોફીલેક્સીસની જોગવાઈ.

## ઈન્ડિયા એમ્પ્લોયમેન્ટ રિપોર્ટ 2024




- તાજેતરમાં ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO) અને ઈન્સ્ટિટયૂટ ઓફ હયુમન ડેવલપમેન્ટ (IHD) એ 'ઈન્ડિયા એમ્પ્લોયમેન્ટ રિપોર્ટ 2024' નામનો રિપોર્ટ બહાર પાડયો છે.
- સંશોધન મોટે ભાગે વર્ષ 2000 થી 2022 ની વચ્ચે હાથ ધરવામાં આવેલા રાષ્ટ્રીય નમૂના સર્વેક્ષણો અને સામયિક શ્રમ દળ સર્વેક્ષણોના ડેટા વિશ્લેષણ પર આધારિત છે.

**❖ ઈન્ડિયા એમ્પ્લોયમેન્ટ રિપોર્ટ 2024 ની મુખ્ય બાબતો**

**○ સ્ત્રી શ્રમ બજાર ભાગીદારી દર**

- પાછલા વર્ષોમાં નાટ્યાત્મક રીતે ઘટ્યા પછી, 2019 માં ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં સ્ત્રી મજૂર બજારની ભાગીદારીનો દર વધુ ઝડપથી વધવા લાગ્યો.

**○ બિન–ખેતી ક્ષેત્રોમાં કર્મચારીઓનું સ્થળાંતર**

- ભારતીય શ્રમ બજારના સૌથી મહત્વપૂર્ણ પાસાઓ પૈકીનું એક એ છે કે કાર્યબળનું કૃષિથી દૂર અને બિન –ખેતી ક્ષેત્રોમાં ધીમે ધીમે અને સતત સ્થળાંતર

**○ ભારતમાં રોજગારનો પ્રકાર**

- ભારતમાં રોજગાર એ મુખ્યત્વે સ્વ–રોજગાર અને પ્રાસંગિક રોજગાર છે. આશરે 82% કર્મચારીઓ અનઔપચારિક ક્ષેત્રોમાં કામ કરે છે, જેમાં લગભગ 90% અનૌપચારિક રીતે કાર્યરત છે.

Banking Academy

- **સ્થિર વેતન**
  - વર્ષ 2012 અને 2022 ની વચ્ચે જ્યારે કેઝ્યુઅલ મજૂરનો પગાર સાધારણ વધ્યો હતો, ત્યારે નિયમિત કામદારોનું વાસ્તવિક વેતન સ્થિર રહ્યું હતું અથવા ઘટ્યું હતું.
- **સ્થળાંતર પર અપૂરતો ડેટા**
  - અધિકૃત સર્વેક્ષણો ભારતના સ્થળાંતર સ્તરને સચોટ રીતે કેપ્ચર કરતા નથી.
  - અંદાજે 607 મિલિયનની શહેરી વસતી સાથે ભારતમાં 2030 સુધીમાં સ્થળાંતર દર 40% થીવધુ થવાની ધારણા છે.
- **શહેરીકરણમાં વધારો**
  - શહેરીકરણ અને સ્થળાંતર ભવિષ્યમાં નોંધપાત્ર રીતે વિસ્તરણ થવાની ધારણા છે.
- **યુવા રોજગારના પડકારો**
  - ભારતમાં વસતીનો નોંધપાત્ર હિસ્સો કામકાજની ઉંમરનો છે અને ભારત ઓછામાં ઓછા આગામી દાયકા સુધી સંભવિત ડેમોગ્રાફિક ડિવિડન્ડ ઝોનમાં રહેવાની શક્યતા છે.
  - જો કે યુવા વસતી જે વર્ષ 2021 માં એકંદર વસતીના 27% હતી, તે વર્ષ 2036 સુધીમાં ઘટીને 23% થવાની આગાહી કરવામાં આવી છે.
  - યુવા શ્રમદળની ભાગીદારી પુખ્ય વયના લોકોની સરખામણીમાં નોંધપાત્ર રીતે ઓછી રહી છે, અને તે સમય જતા મોટે ભાગે શિક્ષણમાં વ્યસ્તતાને કારણે ઘટી રહી છે.
  - યુવા બેરોજગારી દર લગભગ ત્રણ ગણી વધ્યો છે. જે વર્ષ 2000 માં 5.7% થી વધીને વર્ષ 2019 માં 17.5 થયો છે પરંતુ વર્ષ 2022 માં 12.1% થયો છે.
- **નીતિ ભલામણો**
  - રોજગાર સર્જનને પ્રોત્સાહન આપો, ખાસ કરીને ઉત્પાદનમાં
  - રોજગારની ગુણવત્તામાં સુધારો કરો અને અસમાનતાને દૂર કરો.
  - કૌશલ્ય વિકાસ અને સક્રિય શ્રમ નીતિઓને મજબૂત બનાવવી
  - ડિઝિટલાઈઝેશન, AI અને કલસ્ટર આધારિત અભિગમો સાથે MSME ને સપોર્ટ કરો.
  - ઉભરતી સંભાળ અને ડિજિટલ અર્થતંત્રોમાં ઉત્પાદક રોજગારને પ્રોત્સાહન આપો.
  - ગીગ / પ્લેટફોર્મ કામદારો માટે જોબ સુરક્ષા અને વેતન સુરક્ષા પ્રદાન કરો.
  - શ્રમ બજારની પેટર્ન અને યુવા રોજગાર પર જ્ઞાનના અંતરને દૂર કરો.
  - આ રિપોર્ટનો હેતુ આગામી વર્ષોમાં નીતિ નિર્માતાઓ, સામાજિક ભાગીદારો, નાગરિક સમાજ અને સંશોધકો માટે સમયસર અને રચનાત્મક ઈનપુટ પ્રદાન કરવાનો છે.

### International Labour Organisation (ILO) વિશે....

**સ્થાપના** : વર્ષ 1919 (League of Nations સંલગ્ન એજન્સી તરીકે વર્સેલ્સની સંધિ દ્વારા સ્થાપના)
**સભ્ય દેશો** : 187 દેશો
**વડુમથક** : જીનિવા, સ્વિટઝલેન્ડ

- ILO સંયુક્ત રાષ્ટ્ર (United Nations) ની એકમાત્ર દ્વીપક્ષીય એજન્સી છે.
- ILO વર્ષ 1946 માં UN ની પ્રથમ સંલગ્ન એજન્સી બની.
- વર્ષ 1969 ILO ને નોબેલ શાંતિ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.
- ILO એSocial dialogue report, world employment and social outlook: Trends, world social protection report અને global wage report પણ બહાર પાડે છે.

## ભારત ડિજિટલી વિતરિત સેવાઓના ચોથા સૌથી મોટા નિકાસકાર તરીકે ઉભરી આવ્યું : WTO રિપોર્ટ




- વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO) દ્વારા જાહેર કરાયેલ ગ્લોબલ ટ્રેડ આઉટલુક અને સ્ટેટિસ્ટિક્સ પરના અહેવાલ મુજબ, ભારત હવે ડિજિટલી ડિલિવરી સેવાઓના ચોથો સૌથી મોટો નિકાસકાર બની ગયો છે.
- સેવાઓના આંતરરાષ્ટ્રીય વેપારમાં દેશનો હિસ્સો વધીને પાંચમા ભાગથી વધુ થયો છે. 2023 માં ભારતની ડિજિટલી ડિલિવરી સેવાઓની નિકાસનો અંદાજ $ 257 બિલિયન હતો, જે પાછલા વર્ષ કરતા 17% વધુ છે.
- ડિજિટલી ડિલિવરી સેવાઓ જેમાં શિક્ષણ, ગેમિંગ અને સ્ટ્રીમિંગ મ્યુઝિક અને વીડિયોનો સમાવેશ થાય છે, તેમાં છેલ્લા બે દાયકામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.
- 2005 માં 14% ની સરખામણીમાં તેઓ હવે વૈશ્વિક સેવાઓના વેપારમાં પાંચમા ભાગનો હિસ્સો ધરાવે છે.
- કોવિડ – 19 રોગચાળાને કારણે માલસામાનના વેપારમાં ઘટાડો થયો હોવા છતા, ડિજિટલી ડિલિવરી સેવાઓની નિકાસ 50% વધી છે અને હવે તે પહેલા કરતા વધારે છે.

### World Trade Organisation (WTO) વિશે....

**સ્થાપના** : વર્ષ 1995 (તે બીજા વિશ્વયુદ્ધ બાદ સ્થપાયેલ જનરલ એગ્રીમેન્ટ ઓન ટેરિફ એન્ડ ટ્રેડ (GATT) નુ અનુગામી છે.
**મુખ્યાલય** : જીનીવા, સ્વિત્ઝર્લેન્ડ
**સભ્ય રાષ્ટ્ર** : કુલ 164 (ભારત સહિત) જે વિશ્વ વેપારમાં 98% હિસ્સો ધરાવે છે.
**મુખ્ય હેતુ** : વૈશ્વિક વેપારને સરળ, મુકત અને અનુમાનિત કરવાનો છે.

- રિપોર્ટમાં ટેક્સ્ટ, ઈમેજ, મ્યુઝિક અને વિડિયો જેવી સામગ્રી બનાવવા માટે AI ના ઉપયોગમાં ઝડપી વધારાને પણ હાઈલાઈટ કરવામાં આવ્યો છે જે ડિજિટલી ડિલિવરી સેવાઓમાં વેપારને વધુ વેગ આપશે તેવી અપેક્ષા છે.
- ભારત જર્મની અને ચીન કરતા આગળ વધી ગયુ છે પરંતુ હજી US, UK અને આયર્લેન્ડની પાછળ છે.

## વર્લ્ડ સાયબર ક્રાઈમ ઈન્ડેક્સ




- યુનિવર્સિટી ઓફ ઓક્સફર્ડ અને UNSW કેનબેરાના સંશોધકોએ પ્રથમવાર વર્લ્ડ સાયબર ક્રાઈમ ઈન્ડેક્સનું સંકલન કર્યુ છે.

### ઈન્ડેક્સના મુખ્ય તારણો

- તે રાષ્ટ્રીય સ્તરે સાયબર ક્રાઈમના સૌથી નોંધપાત્ર સ્ત્રોતને રેન્કિંગ કરીને વિશ્વના મુખ્ય સાયબર ક્રાઈમ હોટસ્પોટને ઓળખે છે.
- આ સર્વે વિશ્વભરના 92 ટોચના સાયબર ક્રાઈમ નિષ્ણાતો દ્વારા પૂર્ણ કરવામાં આવ્યો હતો અને આ સંશોધન જર્નલ 'PLOS ONE' માં પ્રકાશિત થયું હતું.
- સંશોધકોએ અગ્રણી સાયબર ક્રાઈમ નિષ્ણાતોનો સર્વે કરીને સાયબર ક્રાઈમની પાંચ શ્રેણીઓના સૌથી મોટા હબને ઓળખ્યા.
- પરિણામો દર્શાવે છે કે પ્રમાણમાં ઓછી સંખ્યામાં દેશોમાં સૌથી વધુ ક્રિમિનલ જોખમો છે.
- આ યાદીમાં રશિયા ટોચ પર છે, ત્યાર બાદ યુક્રેન, ચીન, યુએસએ, નાઈજીરિયા અને રોમાનિયા અનુક્રમે છે. આ છ દેશો સાઈબર ક્રાઈમની દરેક શ્રેણીમાં ટોપ – 10 માં દેખાયા હતા.
- એવો અંદાજ છે કે 2024 માં સાયબર ક્રાઈમને કારણે વિશ્વને $ 9.22 ટ્રિલિયનની આસપાસનો ખર્ચ થશે અને વર્ષ 2028 માં આ વધીને $ 13.82 ટ્રિલિયન થવાની ધારણા છે.

### ભારતની સ્થિતિ

- ઈમ્પેકટ માટે 7.90, સાયબર અપરાધીઓની વ્યાવસાયિકતા માટે 6.60, ટેક્નિકલ કૌશલ્ય માટે 6.65 અને સમગ્ર વર્લ્ડ સાયબર ક્રાઈમ ઈન્ડેક્સ માટે 6.13 નો સ્કોર મેળવીને ભારતે રેન્કિંગમાં 10 મું સ્થાન મેળવ્યું છે.

## 2024 પ્લાસ્ટિક ઓવરશૂટ ડે રિપોર્ટ




- તાજેતરમાં, 2024 પ્લાસ્ટિક ઓવરશૂટ ડે રિપોર્ટ સ્વિસ – આધારિત સંશોધન સલાહકાર 'અર્થ એક્શન' (EA) દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો.
- 2024 માટે પ્લાસ્ટિક ઓવરશૂટ ડે 5 મી સપ્ટેમ્બરના રોજ થવાનો અંદાજ છે, તે દિવસનો ઉલ્લેખ કરે છે જ્યારે પ્લાસ્ટિક કચરાનું પ્રમાણ કચરો વ્યવસ્થાપન પ્રણાલીની અસરકારક રીતે વ્યવસ્થાપન કરવાની ક્ષમતાને વટાવે છે.
- તે દેશના મિસમેનેજ્ડ વેસ્ટ ઈન્ડેક્સ (MWI) પર આધારિત એટલે કે, ગેરવ્યવસ્થાપિત કચરો અને કુલ કચરાના ગુણોત્તર પર આધારિત છે.

### વિશ્વવ્યાપી સંબંધિત તારણો

- 2021 થી વૈશ્વિક કચરાના ઉત્પાદનમાં 7.11% નો વધારો થયો છે.
- વિશ્વમાં આ વર્ષે 220 મિલિયન ટન પ્લાસ્ટિક કચરો પેદા થયો હોવાનો અંદાજ છે, જેમાંથી 70 મિલિયન ટન પર્યાવરણને પ્રદુષિત કરશે.
- વિશ્વના 60% પ્લાસ્ટિક કચરા માટે 12 દેશો જવાબદાર છે : ચીન, ભારત, રશિયા, બ્રાઝિલ, મેક્સિકો, વિયેતનામ, ઈરાન, ઈજિપ્ત, ઈન્ડોનેશિયા, પાકિસ્તાન, યુએસએ, તુર્કી.
- વ્યકિત દીઠ વાર્ષિક 147.7 કિલો કચરાના ઉત્પાદન સાથે બેલ્જિયમ ટોચ પર છે.
- જ્યારે મિસમેનેજ્ડ પ્લાસ્ટિક વેસ્ટના સંદર્ભના ઓમાન ટોચ પર છે.

### ભારત સંબંધિત તારણો

- ભારત 23 એપ્રિલે તેના પ્લાસ્ટિક ઓવરશૂટ ડે પર પંહોચશે.
- વિશ્વના 60% પ્લાસ્ટિક કચરા માટે જવાબદાર એવા 12 દેશોમાં ભારતનો સમાવેશ થાય છે.
- નીચા માથાદીઠ પ્લાસ્ટિક કચરાના ઉત્પાદનને કારણે ભારતને 'ઓછા કચરા – ઉત્પાદક' પ્રદૂષક તરીકે વર્ગીકૃત કરાયેલા અહેવાલ છતા, ભારતમાં 2024 સુધીમાં મિસમેનેજ્ડ પ્લાસ્ટિક વેસ્ટનો ઉચ્ચ સ્તરનો અંદાજ છે.
- ઓછા વપરાશ છતા ઉચ્ચ સ્તરના પ્લાસ્ટિક પ્રદુષણનો ઉલ્લેખ કરતા 'ધ વેસ્ટ સ્પોન્જ' તરીકે વર્ગીકૃત છે.
- ભારતે 2024 માં મિસમેનેજ્ડ વેસ્ટ 7.4 મિલિયન ટન રહેવાની ધારણા છે જે ખૂબ વધારે છે.
- ભારતનો મિસમેનેજ્ડ પ્લાસ્ટિક વેસ્ટ ચીનના પાંચમા ભાગ અને અમેરિકાના એક તૃતીયાંશ કરતા ઓછો છે.
- ભારત પર્યાવરણમાં સરેરાશ 3,91,879 ટન માઈક્રોપ્લાસ્ટિક અને 31,483 ટન રાસાયણિક ઉમેરણોને જળમાર્ગોમાં છોડવાનો અંદાજ છે.

## ભારતીય હિમાલયમાં ગ્લેશિયલ લેક્સનું નોંધપાત્ર વિસ્તરણ : ISRO રિપોર્ટ

- ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) એ અહેવાલ આપ્યો છે કે લાંબા ગાળાના સેટેલાઈટ મોનિટરિંગના આધારે હિમાલયમાં 27% થી વધુ ઓળખાયેલ હિમનદી સરોવરો 1984 થી નોંધપાત્ર રીતે વિસ્તર્યા છે.




- 676 વિસ્તરતા હિમનદી તળાવોમાંથી 130 ભારતમાં સ્થિત છે, મુખ્યત્વે સિંધુ, ગંગા અને બ્રહ્મપુત્રા નદીના તટપ્રદેશોમાં છે.
- ISRO એ 2016-17 દરમિયાન 10 હેક્ટર કરતા મોટા 2431 હિમનદી તળાવોનું પૃથ્થકરણ કર્યુ હતું જેમાંથી 676 તળાવો નોંધપાત્ર રીતે વિસ્તર્યા છે.
- ભારતમાં વિસ્તરતા 130 સરોવરોમાંથી 65 સિંધુ બેસિનમાં, 7 ગંગા બેસિનમાં અને 58 બ્રહ્મપુત્રા બેસિનમાં છે.
- 676 વિસ્તરતા તળાવોમાંથી 601 કદમાં બમણાથી વધુ વિકસ્યા છે, જ્યારે 10 તળાવો 1.5 થી 2 ગણા વધ્યા છે અને 65 તળાવો 1.5 ગણા વિસ્તર્યા છે.
- ISRO એ હિમાચલ પ્રદેશના સિંધુ બેસિનમાં 4068 મીટરની ઉંચાઈ પર સ્થિત ઘેપાંગ ઘાટ ગ્લેશિયલ લેકમાં 178% કદમાં વધારો નોંધ્યો છે. જે દર વર્ષે આશરે 1.96 હેક્ટરના દરે વધે છે.
- 676 વિસ્તરતા સરોવરો પૈકી મોટા ભાગના મોરેન–ડેમ્સ (307), ઈરોશન (265), આઈસ ડેમ્સ (8) અને અન્ય (96) સરોવરો છે.

❖ **સેટેલાઈટ મોનીટરીંગનું મહત્વ**

- હિમાલયના પ્રદેશમાં હિમનદી સરોવરોની ઘટના અને વિસ્તરણ પર દેખરેખ અને અભ્યાસ કરવો એ દુર્ગમ અને કઠોર ભૂપ્રદેશને કારણે પડકારજનક છે.
- સેટેલાઈટ રિમોટ સેન્સિંગ ટેક્નોલોજી એ ઈન્વેન્ટરી અને મોનિટરિંગ માટે એક ઉત્તમ સાધન સાબિત થયું છે, જે વ્યાપક કવરેજ અને રિવિઝિટ ક્ષમતા પ્રદાન કરે છે.
- ગ્લેશિયર સરોવરોમાં લાંબા ગાળાના ફેરફારોનું મૂલ્યાંકન ગ્લેશિયર રિટ્રીટ રેટને સમજવા, GLOF જોખમોનું મૂલ્યાંકન કરવા અને આબોહવા પરિવર્તનની અસરોમાં આંતરદૃષ્ટિ મેળવવા માટે નિર્ણાયક છે.

## ગ્લાયકેમિક ઈન્ડેક્સ (GI) અને ગ્લાયકેમિક લોડ (GL)




- તાજેતરના એક અભ્યાસમાં જાણવા મળ્યું કે નીચા ગ્લાયકેમિક ઈન્ડેક્સ આહારનું સેવન ટાઈપ 2 ડાયાબિટીસના વિકાસને અટકાવી શકે છે.
- ગ્લાયકેમિક ઈન્ડેક્સ (GI) એ ખોરાકમાં કાર્બોહાઈડ્રેટ્સની ગુણવત્તાનું માપ છે, જેના આધારે તેઓ લોહીમાં શર્કરાનું સ્તર કેટલી ઝડપથી વધારશે તે દર્શાવે છે.
- વર્ષ 1981 માં યુનિવર્સિટી ઓફ ટોરન્ટોના પ્રોફેસર ડેવિડ જેનકિન્સ દ્વારા સૌપ્રથમ દરખાસ્ત કરવામાં આવી હતી.
- ગ્લાયકેમિક લોડ (GL) ચોક્કસ ખાદ્ય પદાર્થમાં કાર્બોહાઈડ્રેટ્સની ગુણવત્તા અને જથ્થા અને એક સર્વિંગમાં વપરાતા કાર્બોહાઈડ્રેટની માત્રાનું મૂલ્યાંકન કરે છે.
- ઉચ્ચ ગ્લાયકેમિક (GI) ખોરાક શરીર દ્વારા ઝડપથી પચાય છે અને શોષાય છે જેના કારણે લોહીમાં શર્કરાના સ્તરમાં ઝડપથી વધારો થાય છે. જે સમય જતા ઈન્સ્યુલિન પ્રતિકાર અને ટાઈપ – 2 ડાયાબિટીસના વિકાસમાં ફાળો આપી શકે છે.
- નિમ્ન અને મધ્યમ GI ખોરાક વધુ ધીરે ધીરે પચાય છે, જેના કારણે લોહીમાં શર્કરાના સ્તરમાં ધીમે ધીમે વધારો થાય છે.
- લો – GI ખોરાકનો સમાવેશ થતો આહાર ટાઈપ – 2 ડાયાબિટીસ, હૃદય રોગ અને વજન વ્યવસ્થાપન જોખમમાં ઘટાડો સાથે સંકળાયેલ છે.
- નિમ્ન GI ખોરાકમાં બ્રાઉન રાઈસ, ઓટ્સ, કઠોળ, મોટાભાગના ફળો, શાકભાજીનો સમાવેશ થાય છે.
- ઉચ્ચ GI ખોરાકમાં સફેદ બ્રેડ, ખાંડ, મીઠાઈઓ, કોર્નફ્લેક્સ, સફેદ ચોખા વગેરેનો સમાવેશ થાય છે.

## Hurun Rich List 2024 : મુંબઈ ત્રીજા સ્થાને

- શાંઘાઈ સ્થિત હુરુન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટએ અબજોપતિની મૂડી પર એક રિપોર્ટ પ્રકાશિત કર્યો છે.
- આ રિપોર્ટ અનુસાર મુંબઈ હવે એશિયામાં અબજોપતિની રાજધાની બની ગયું છે.
- આ પહેલા ચીનની રાજધાની બેઈજિંગ આ સ્થાન પર હતી. જે હવે મુંબઈથી પાછળ રહી ગઈ છે.
- આ ઉપરાંત મુંબઈ વિશ્વમાં સૌથી વધુ અબજોપતિની સંખ્યા ધરાવતું ત્રીજા નંબરનું શહેર બન્યું છે.
- આ રિપોર્ટ અનુસાર વૈશ્વિક દૃષ્ટિએ 119 અબજોપતિઓ સાથે આ યાદીમાં ન્યુયોર્ક પ્રથમ સ્થાને છે.
- ત્યારબાદ 97 અબજોપતિ સાથે લંડન બીજા સ્થાને છે અને મુંબઈ 92 અબજોપતિ સાથે ત્રીજા સ્થાને છે.

Banking Academy

❖ **અબજોપતિઓની સંખ્યાના સંદર્ભમાં ટોચના 10 દેશો**

| | | |
|---|---|---|
| (1) ચીન | (5) જર્મની | (9) ફ્રાન્સ |
| (2) અમેરીકા | (6) સ્વિત્ઝર્લેન્ડ | (10) બ્રાઝિલ |
| (3) ભારત | (7) રશિયા | |
| (4) યુનાઈટેડ કિંગ્ડમ | (8) ઈટાલી | |

❖ **અબજોપતિઓની સંખ્યાની દૃષ્ટિએ વિશ્વના ટોપ 10 શહેરો**

| | | |
|---|---|---|
| (1) ન્યુયોર્ક | (5) શાંઘાઈ | (9) નવી દિલ્હી |
| (2) લંડન | (6) શેન્ઝેન | (10) સાન ફ્રાન્સિકો |
| (3) મુંબઈ | (7) હોંગકોંગ | |
| (4) બેઈજિંગ | (8) મોસ્કો | |




## એશિયા ડેવલપમેન્ટ આઉટલુક રિપોર્ટ – 2024

- અનિશ્ચિત બાહ્ય સંભાવનાઓ હોવા છતા, એશિયામાં વૃદ્ધિ આગામી વર્ષોમાં સ્થિતિસ્થાપક રહેવાનો અંદાજ છે.
- મોટાભાગની અર્થવ્યવસ્થાઓમાં વ્યાજદરમાં વધારાના ચક્રના નિષ્કર્ષ અને ખાસ કરીને સેમિકન્ડક્ટરની માંગમાં પુનઃપ્રાપ્તિને કારણે માલની નિકાસમાં સતત સુધારો જેવા પરિબળો આ ક્ષેત્ર માટે વ્યાપકપણે હકારાત્મક દૃષ્ટિકોણમાં ફાળો આપે છે.
- વર્ષ 2024 માટે એશિયાની GDP વૃદ્ધિનું અનુમાન 4.9% છે, એવી જ આગાહી વર્ષ 2025 માટે કરવામાં આવી છે.
- આ સ્થિર વૃદ્ધિનો માર્ગ બાહ્ય પડકારોનો જવાબ આપવા અને આર્થિક ગતિ જાળવી રાખવાની પ્રદેશની ક્ષમતાને પ્રતિબિંબિત કરે છે.
- એશિયામાં ફુગાવો સાધારણ રહેવાની ધારણા છે, જે 2024માં ઘટીને 3.2% અને 2025માં 3.0% થવાની ધારણા છે.
- આ વલણ પ્રમાણમાં સ્થિર કિંમતનું વાતાવરણ સૂચવે છે, જે ગ્રાહકના વિશ્વાસ અને ખર્ચને સમર્થન આપી શકે છે.
- એશિયામાં દેશને એક મુખ્ય આર્થિક એન્જિન તરીકે સ્થાપિત કરવાના મુખ્ય પરિબળ તરીકે ભારતની રોકાણ આધારિત વૃદ્ધિને પ્રકાશિત કરવામાં આવી છે.
- ADBનો અંદાજ છે કે નાણાકીય વર્ષ 2024માં ભારતની GDP વૃદ્ધિ 7% અને નાણાકીય વર્ષ 2025માં 7.2% સુધી પહોંચશે. જે નાણાકીય વર્ષ 2024 માટે 6.7% ના અગાઉના અનુમાન કરતા વધુ છે.
- કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પર ઊંચો મૂડી ખર્ચ વૃદ્ધિનો મુખ્ય પ્રેરક છે.
- સ્થિર વ્યાજ દરો અને ગ્રાહકના વિશ્વાસમાં વધારો થવાના કારણે ખાનગી કોર્પોરેટ રોકાણમાં વધારો થવાનો અંદાજ છે.
- નાણાકીય, રિયલ એસ્ટેટ અને વ્યાવસાયિક સેવાઓ સહિત સેવા ક્ષેત્રની કામગીરી આર્થિક વિસ્તરણમાં નોંધપાત્ર યોગદાન આપી રહી છે.




- સુધારેલ માલસામાનની નિકાસ, ઉત્પાદન ઉત્પાદકતામાં વધારો અને ઉચ્ચ કૃષિ ઉત્પાદનને કારણે નાણાકીય વર્ષ 2025માં વૃદ્ધિની અપેક્ષા છે. આ અનુમાન ભારતના અર્થતંત્ર માટે સકારાત્મક દૃષ્ટિકોણને પ્રતિબિંબિત કરે છે.
- સ્થાનિક માંગને પહોંચી વળવા વધતી આયાતને કારણે ચાલુ ખાતાની ખાધ (CAD) નજીવી રીતે વધવાની ધારણા છે.

## UNFPA સ્ટેટ ઓફ વર્લ્ડ પોપ્યુલેશન રિપોર્ટ




- યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA) સ્ટેટ ઓફ ધ વર્લ્ડ પોપ્યુલેશન, 2024ના અહેવાલમાં જણાવાયું છે કે ભારતની વસતી 77 વર્ષમાં બમણી થવાનો અંદાજ છે.
- હાલમાં 1.44 અબજની વસતી સાથે ભારત વિશ્વનો સૌથી વધુ વસતી ધરાવતો દેશ છે. ત્યારબાદ 1.425 અબજની વસતી સાથે ચીન આવે છે. નોંધનીય છે કે વર્ષ 2011ની વસતી ગણતરી દરમિયાન ભારતની વસતી 1.21 અબજ નોંધાઈ હતી.
- રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે 24% લોકો 0-14 વય જૂથમાં હતા, 17% લોકો 10-19 વય જૂથમાં હતા અને 26% લોકો 10-24 વય જૂથમાં હતા. જ્યારે 68% લોકો 15-64 વર્ષની વય જૂથના છે અને 7% લોકો 65 વર્ષ કે તેથી વધુ વય જૂથના છે. ભારતમાં પુરુષો માટે આયુષ્ય 71 વર્ષ અને સ્ત્રીઓ માટે 74 વર્ષ છે.
- રિપોર્ટમાં એ બાબત પણ પ્રકાશિત કરવામાં આવી છે કે જાતીય અને પ્રજનન સ્વાસ્થ્યમાં ભારતની 30 વર્ષની પ્રગતિમાં વૈશ્વિક સ્તરે સૌથી હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોની અવગણના કરવામાં આવી છે.

Banking Academy

- તેમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ 2006-2023 વચ્ચે ભારતમાં બાળ લગ્નની ટકાવારી 23% હતી. ભારતમાં માતા મૃત્યુમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જે વૈશ્વિક માતૃ મૃત્યુના 8% હિસ્સો ધરાવે છે.

❖ **United Nations Fund for Population Activities (UNFPA)**

- આ સંસ્થા યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીનું એક સહાયક અંગ છે અને તેની જાતીય અને પ્રજનન સ્વાસ્થ્ય એજન્સી તરીકે સેવા આપે છે.
- UNFPAનો આદેશ યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલ (ECOSOC) દ્વારા સ્થાપિત કરવામાં આવ્યો છે.
- તેની સ્થાપના વર્ષ 1967માં ટ્રસ્ટ ફંડ તરીકે કરવામાં આવી હતી, ત્યારબાદ તેની કામગીરી વર્ષ 1969માં શરૂ થઈ હતી.
- તેને સત્તાવાર રીતે વર્ષ 1987માં યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ નામ આપવામાં આવ્યું હતું, પરંતુ ટૂંકાક્ષર તરીકે UNFPA નામ જાળવી રાખ્યું હતું.

## વૈશ્વિક હેપેટાઈટિસ રિપોર્ટ 2024




- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા તાજેતરમાં 'Global Hepatits Report 2024' બહાર પાડવામાં આવ્યો હતો.
- વર્ષ 2024 ના આ રિપોર્ટ મુજબ વાઈરલ હેપેટાઈટિસ ખાસ કરીને હેપેટાઈટિસ બી અને સી ચેપનો સૌથી વધુ સામનો કરી શકે તેવા દેશોમાંના એક તરીકે ભારતને જાહેર કરવામાં આવ્યું છે.

❖ **ભારતમાં સ્થિતિ**

- વાઈરલ હેપેટાઈટિસનો સૌથી વધુ બોજ ધરાવતા દેશોમાં ભારત એક છે.
- ભારતમાં અંદાજિત 2.9 કરોડ લોકો હેપેટાઈટિસ B ના ચેપથી સંક્રમિત છે અને 0.55 કરોડ લોકો હેપેટાઈટિસ C થી સંક્રમિત છે.
- ભારતમાં વર્ષ 2022 માં 50,000 થી વધુ નવા હેપેટાઈટિસ B કેસ અને 1.4 લાખ નવા હેપેટાઈટિસ C કેસ સામે આવ્યા હતા.
- આ વાયરલ હેપેટાઈટિસ ચેપને કારણે ભારતમાં વર્ષ 2022 માં 1.23 લાખ લોકોના મોત થયા હતા.
- હેપેટાઈટિસ B અને C બંને ચેપ માતા થી બાળક ટ્રાન્સમિશન, અસુરક્ષિત રક્ત તબદિલી, ચેપગ્રસ્ત રક્ત સાથે સંપર્ક અને ડ્રગ વપરાશકર્તાઓ વચ્ચે સોય– વહેંચણી સહિત વિવિધ માધ્યમો દ્વારા પ્રસારિત થાય છે.
- રક્ત સુરક્ષા પ્રોટોકોલમાં પ્રગતિ હોવા છતા ભારતમાં હેપેટાઈટિસ B માટે માતા થી બાળક ટ્રાન્સમિશન ચેપનું પ્રાથમિક માધ્યમ છે.
- ભારતમાં માત્ર 2.4% હિપેટાઈટિસ B અને 28% હિપેટાઈટિસ C ના કેસોનું નિદાન થાય છે.

❖ **વૈશ્વિક પરિદ્રશ્ય**

- વર્ષ 2022 માં વાઈરલ હેપેટાઈટિસને કારણે વૈશ્વિક સ્તરે અંદાજે 1.3 મિલિયન મૃત્યુ થયાની ધારણા છે જે TB જેટલી જ છે.
- આ મૃત્યુમાંથી 83% હેપેટાઈટિસ B અને કારણે અને 17% હેપેટાઈટિસ C ના કારણે થયાં હતો.
- આ મૃત્યુદરમાં વધારો લીવર કેન્સર અને હેપેટાઈટિસને કારણે થતા મૃત્યુમાં વધારો દર્શાવે છે.

**હેપેટાઈટિસ વિશે....**

- હેપેટાઈટિસ ચેપી વાયરસ અને બિન – ચેપી એજન્ટો દ્વારા થાય છે. જે વિવિધ પ્રકારની આરોગ્ય સમસ્યાઓનું કારણ બને છે જેમાંથી કેટલીક જીવલેણ હોઈ શકે છે.
- હેપેટાઈટિસ વાયરસના મુખ્ય પાંચ પ્રકાર છે : A, B, C, D અને E. તેમના દરેકમાં અલગ – અલગ ટ્રાન્સમિશન, ગંભીરતા ભૌગોલિક વિતરણ અને નિવારણની પદ્ધતિઓ છે.

- નવા વાઈરલ હેપેટાઈટિસ ચેપથી સંખ્યા 2019 માં 2.5 મિલિયનથી ઘટીને 2022 માં 2.2 મિલિયન થવાની ધારણ છે.
- વૈશ્વિક સ્તરે અંદાજિત કુલ 304 મિલિયન લોકો વર્ષ 2022 માં હેપેટાઈટિસ B અને C થી પીડિત છે.
- WHO નો અંદાજ દર્શાવે છે કે વર્ષ 2022 માં 254 મિલિયન લોકો હેપેટાઈટિસ B અને 50 મિલિયન લોકો હેપેટાઈટિસ C થી પીડિત હતા જેમાં કુલ 12% હેપેટાઈટિસ B થી પીડિત બાળકો હતા.

## ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ વિશ્વનું 10 મું સૌથી વ્યસ્ત એરપોર્ટ



- દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ (IGI) એરપોર્ટને વર્ષ 2023 માં વૈશ્વિક સ્તરે 10 મા સૌથી વ્યસ્ત એરપોર્ટ તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.
- આ રેન્કિંગ મુસાફરોની સંખ્યા પર આધારિત છે, જેમાં IGI એરપોર્ટ પર વર્ષ દરમિયાન 7.22 કરોડ મુસાફરોને હેન્ડલ કરવામાં આવ્યા હતા.
- એરપોર્ટ કાઉન્સિલ ઈન્ટરનેશનલ (ACI) દર વર્ષે આ રેન્કિંગ પ્રદાન કરે છે, જે વૈશ્વિક ઉડ્ડયન નકશા પર એરપોર્ટના નોંધપાત્ર ટ્રાફિક અને મહત્વને પ્રકાશિત કરે છે.
- આ રેન્કિંગ અનુસાર હાટર્સફિલ્ડ – જેક્સન એટલાન્ટા ઈન્ટરનેશનલ એરપોર્ટ જે ATL તરીકે ઓળખાય છે, તે વિશ્વનું સૌથી વ્યસ્ત એરપોર્ટ છે.
- આ રેન્કિંગમાં બીજા નંબર પર દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ છે અને ડલ્લાસ ત્રીજા નંબર પર છે.

## Trends in World Military Expenditure, 2023 રિપોર્ટ : SIPRI




- સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SIPRI) ના અહેવાલ મુજબ વૈશ્વિક લશ્કરી ખર્ચ વર્ષ 2023 માં $ 2443 બિલિયનની સર્વકાલીન ઉંચી સપાટીએ પંહોચ્યો છે.
- વર્ષ 2023 માં ભારતનો સંરક્ષણ ખર્ચ $83.6 બિલિયન થઈ ગયો, જેણે વૈશ્વિક સ્તરે ચોથું સ્થાન મેળવ્યું છે.
- ટોચના વૈશ્વિક દેશો
  (1) યુનાઈટેડ સ્ટેટ્સ $ 916 બિલિયન સાથે પ્રથમ ક્રમે
  (2) ચીન $ 296 બિલિયન સાથે બીજા ક્રમે
  (3) રશિયા $ 109 બિલિયન સાથે ત્રીજા ક્રમે
- તમામ પાંચ ભૌગોલિક પ્રદેશોએ લશ્કરી ખર્ચમાં વધારો નોંધ્યો છે.
- મુખ્યત્વે રશિયન – યુક્રેનિયન યુદ્ધને કારણે યુરોપમાં નોંધપાત્ર વધારો થયો છે.
- નાટોના સભ્યદેશો દ્વારા લશ્કરી ખર્ચ $ 1341 બિલિયન જેટલો હતો જે વૈશ્વિક લશ્કરી ખર્ચના 55% નું પ્રતિનિધિત્વ કરે છે.
- વૈશ્વિક લશ્કરી ખર્ચ વિશ્વવ્યાપી GDP ના 2.3% નું પ્રતિનિધિત્વ કરે છે.

### Stockholm International Peace Research Institute (SIPRI) વિશે....

- SIPRI એ એક સ્વતંત્ર આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જે સંઘર્ષ, શસ્ત્રો, શસ્ત્ર નિયંત્રણ અને નિઃશસ્ત્રીકરણમાં સંશોધન માટે સમર્પિત છે.
- સ્ટોકહોમ (સ્વીડન) ખાતે વર્ષ 1966માં તેની સ્થાપના કરવામાં આવી હતી.

## QS World University Ranking by Subject 2024

- ભારતના ઉચ્ચ શિક્ષણ અને સંશોધન લેન્ડસ્કેપમાં QS World Universtiy Ranking by Subject 2024 માં નોંધપાત્ર પ્રગતિ દર્શાવવામાં આવી છે, જે વૈશ્વિક શૈક્ષણિક સમુદાયમાં દેશની વધતી હાજરીને પ્રતિબિંબિત કરે છે.
- 2024 માટે યુનિવર્સિટીઓનું મૂલ્યાંકન 55 વિશિષ્ટ વિષયો અને 5 વિષય વિસ્તારોમાં કરવામાં આવ્યું હતું.
- આ કવાયતનો ઉદ્દેશ્ય લશ્કરી સહયોગને પ્રોત્સાહન આપવાનો અને પર્વતીય તેમજ અર્ધ શહેરી ભૂપ્રદેશમાં સંયુક્ત કામગીરી ચલાવવા માટે સંયુક્ત ક્ષમતાઓને વધારવાનો છે.
- આ આવૃત્તિમાં બે મહિલા અધિકારીઓ સહિત લડાયક સહાયક શસ્ત્રો અને સેવાઓના કર્મચારીઓનો સમાવેશ થાય છે.
- ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે પ્રથમ વખતની કવાયત DUSTLIK વર્ષ '2019' માં થઈ હતી. જ્યારે છેલ્લી આવૃત્તિ ફેબ્રુઆરી 2023 માં પિથોરાગઢ (ભારત) ખાતે હાથ ધરવામાં આવી હતી.

**ઉઝબેકિસ્તાન વિશે....**
- રાજધાની – તાશ્કંદ
- ચલણ – સોમ

## પૂર્વી લહેર કવાયત (Exercise Poorvi Lehar)



- ભારતીય નૌકાદળે પૂર્વી નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ – ઈન – ચીફના ઓપરેશનલ કંટ્રોલ હેઠળ પૂર્વી કિનારે 'પૂર્વી લહેર કવાયત' હાથ ધરી હતી.
- આ કવાયતનો ઉદ્દેશ્ય પ્રદેશમાં દરિયાઈ સુરક્ષા પડકારોને પંહોચી વળવા ભારતીય નૌકાદળની સજ્જતાનું મૂલ્યાંકન કરવાનો હતો.
- આ કવાયતમાં જહાજો, સબમરીન, એરક્રાફ્ટ અને વિશેષ દળોની ભાગીદારી જોવા મળી હતી.
- આ કવાયતના વ્યૂહાત્મક તબક્કા દરમિયાન વાસ્તવિક પરિસ્થિતિમાં લડાયક તાલીમ અને લક્ષ્ય પર ઓર્ડનન્સ પંહોચાડવા માટે ભારતીય નૌકાદળની ક્ષમતાને પુનઃ પુષ્ટ કરવા માટે વેપન તબક્કા દરમિયાન વિવિધ ગોળીબારના સફળ સંચાલનનો સમાવેશ થાય છે.
- ઈસ્ટર્ન નેવલ કમાન્ડની અસ્કયામતોની ભાગીદારી ઉપરાંત, કવાયતમાં IAF, આંદામાન અને નિકોબાર કમાન્ડ અને કોસ્ટ ગાર્ડની અસ્કયામતોની ભાગીદારી પણ જોવા મળી હતી, જે સેવાઓમાં ખૂબ જ ઉચ્ચ સ્તરની આંતરકાર્યક્ષમતા દર્શાવે છે.
- આ કવાયત વાસ્તવિક પરિસ્થતિઓમાં કાર્યરત સહભાગી દળોને મૂલ્યવાન પાઠ પ્રદાન કરે છે, જેનાથી પ્રદેશમાં દરિયાઈ પડકારોનો અસરકારક રીતે પ્રતિસાદ આપવાની તેમની તૈયારીમાં વધારો થાય છે.

Banking Academy

## NASA નું ડ્રેગનફ્લાય રોટરક્રાફ્ટ મિશન



- તાજેતરમાં NASA એ શનિના કાર્બનિક સમૃદ્ધ ચંદ્ર ટાઈટન માટે તેના ડ્રેગનફ્લાય રોટરક્રાફ્ટ મિશન માટે વર્ષ 2028 ના લોન્ચને લીલી ઝંડી આપી છે.
- ડ્રેગનફ્લાય એ ડ્યુઅલ ક્વાડકોપ્ટર છે, જે કારના કદના રોટરક્રાફ્ટ જેવું લાગે છે. જે એક કલાકમાં ટાઈટન પર દસ કિલોમીટરનું અંતર કાપી શકે છે.
- ટાઈટનના ધુમ્મસવાળા વાતાવરણને કારણે, ડ્રેગનફ્લાય મંગળ પરના ક્યુરિયોસિટી રોવરની જેમ રેડિયોઆઈસોટોપ પાવર સિસ્ટમનો ઉપયોગ કરશે.
- ડ્રેગનફ્લાય ટાઈટન અને પૃથ્વી બંને પર સામાન્ય પ્રિબાયોટિક રાસાયણિક પ્રક્રિયાઓની શોધમાં ટાઈટન પર ડઝન જેટલા આશાસ્પદ સ્થળો પર ઉડાન ભરશે.
- આ પ્રથમ વખત હશે જ્યારે નાસા અન્ય ગ્રહો પર વિજ્ઞાન માટે મલ્ટી – રોટર વાહન ઉડાવશે.
- આ યાન સૌપ્રથમ વિષવવૃતીય 'શાંગરી – લા' ટેકરા પર ઉતરશે, 8 કિલોમીટરની લાંબી 'લીપફ્રોગ' ફ્લાઈટ્સ બાંધતા પહેલા ટૂંકી સફરમાં પ્રદેશની શોધખોળ કરશે.

**ટાઈટન (શનિનો ચંદ્ર) વિશે....**

- ટાઈટન એ આપણા સૌરમંડળનો બીજો સૌથી મોટો ચંદ્ર છે અને શનિનો સૌથી મોટો ચંદ્ર છે.
- સૂર્યમંડળમાં આ એક માત્ર ચંદ્ર છે જે ગાઢ વાતાવરણ ધરાવે છે.
- સૂર્યમંડળમાં તે એકમાત્ર બીજુ સ્થાન છે જયાં વાદળોમાંથી વરસાદ પડતા પ્રવાહીનું પૃથ્વી જેવું ચક્ર હોય છે.

Banking Academy

સફળતા કોઈ જાદુઈ મંત્ર નથી, તે માત્ર તૈયારી,મહેનત અને નિષ્ફળતામાંથી શીખવાનું પરિણામ છે.

## ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર થયેલ

# બિન સચિવાલય

## માં સફળ થયેલ અમારા વિદ્યાર્થીઓ

Govt. Jobs

**Heartiest Congratulations..!**

OLD IS GOLD


ASHISH RATHOD
કલેક્ટર કચેરી, તાપી


UMANG SHAH
મામલતદાર કચેરી, સુરત


MAYUR KOTKAR
મામલતદાર કચેરી, સુરત


AJAY BRAHMBHATT
સિંચાઈ યોજના વર્તુળ, અમદાવાદ


PRATIK SURATI
વાહનવ્યવહાર કમિશ્નરશ્રી ની કચેરી


RIDDHI NAKUM
કલેક્ટર કચેરી, સુરત


BRIJESH PARMAR
કલેક્ટર કચેરી, સુરત


KAUSHIK BHIMANI
ગુજરાત પાણી પુરવઠા બોર્ડ


RUTURAJ MODI
સિંચાઈ યોજના વર્તુળ, અમદાવાદ


SHUBHAM PATEL
કલેક્ટર કચેરી, વલસાડ


PRAKASH KAPOPARA
ગુજરાત પાણી પુરવઠા બોર્ડ


HARDIK DHANDHUKIA
ગુજરાત પાણી પુરવઠા બોર્ડ


VIKASH PATEL
ગુજરાત હાઉસિંગ બોર્ડ


RAJANI GEDIYA
કલેક્ટર કચેરી, સુરત


PATEL AVANI
કમિશ્નર આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ


VIJAY GOHIL
માર્ગ અને મકાન વિભાગ વર્તુળ, વડોદરા

**Selected in Govt. Jobs 2023**

**ADMISSION OPEN**

## જો આપ સરકારી ભરતીઓની તૈયારી કરવા માંગો છો.તો આજે જ તૈયારી શરૂ કરો.

GPSC I/II | ના.મામલતદાર | PSI/ASI | તલાટી | કોન્સ્ટેબલ | બિન સચિવાલય | TET I/II

**તૈયારી માટેના નવા વર્ગો ટૂંક સમયમાં શરૂ**

## Our Branches

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)


સુરત (ઉધના) Ph. : 70461 40555
સુરત (વરાછા) Ph. : 70464 16555
સુરત (કતારગામ) Ph. : 70466 31555

# 9 રમત-જગત

## ડી ગુકેશ 2024 FIDE કેન્ડીડેટ્સ ચેસ ટુર્નામેન્ટ જીત્યો



- ચેન્નઈના 17 વર્ષીય ભારતીય ગ્રાન્ડમાસ્ટર ડી ગુકેશ કેનેડાના ટોરોન્ટોમાં 2024 FIDE કેન્ડીડેટ્સ ચેસ ટુર્નામેન્ટ જીતીને ઈતિહાસ રચ્યો છે.
- તે વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપ માટે અત્યાર સુધીનો સૌથી યુવા ચેલેન્જર બન્યો છે.
- કેન્ડીડેટ્સ ટુર્નામેન્ટ જીતનાર અને વર્તમાન વર્લ્ડ ચેમ્પિયનને પડકારવાનો અધિકાર મેળવનાર વિશ્વનાથન આનંદ પછી ગુકેશ માત્ર બીજો ભારતીય છે.
- કેન્ડીડેટ્સ ટુર્નામેન્ટ જીતીને ગુકેશ વર્તમાન વિશ્વ ચેસ ચેમ્પિયન ચીનના ડીંગ લિરેનને પડકાર આપશે.
- અન્ય યુવા ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર પ્રજ્ઞાનંદાએ કેન્ડીડેટ્સ ટુર્નામેન્ટમાં પાંચમું સ્થાન મેળવ્યું છે.
- મહિલા ઉમેદવારોની ટુર્નામેન્ટમાં ભારતીય ખેલાડીઓ કોનેરુ હમ્પી અને આર વૈશાલી બીજા સ્થાને છે.

### FIDE વિશે....

- FIDE એ ચેસની રમતનું સંચાલન કરતી સર્વોચ્ચ સંસ્થા છે અને તે તમામ આંતરરાષ્ટ્રીય ચેસ સ્પર્ધાઓનું નિયમન કરે છે.
- તે એક બિન સરકારી સંસ્થા તરીકે રચાયેલ છે. તે વિશ્વ ચેસ ચેમ્પિયનશિપનું આયોજન કરે છે.
- મુખ્યમથક – લૌસેન, સ્વિત્ઝર્લેન્ડ

### FIDE કેન્ડીડેટ્સ ચેસ ટુર્નામેન્ટ વિશે....

- ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશન (FIDE) વર્ષ 1950 થી કેન્ડીડેટ્સ ટુર્નામેન્ટનું આયોજન કરે છે.
- આ પ્રતિષ્ઠિત ઈવેન્ટ નક્કી કરે છે કે વર્તમાન વર્લ્ડ ચેમ્પિયનને કોણ પડકાર આપે છે.
- તે વર્ષ 1992 સુધી દર ત્રણ વર્ષે યોજાતી હતી પરંતુ વર્ષ 2013 થી દર બે વર્ષે યોજાય છે.

## સૌરવ ઘોષાલે પ્રોફેશનલ સ્કવોશમાંથી નિવૃતિ લેવાની જાહેરાત કરી




- ભારતીય સ્કવોશ ખેલાડી સૌરવો ઘોષાલે પ્રોફેશનલ સ્કવોશમાંથી નિવૃતિ લેવાની જાહેરાત કરી છે.
- સૌરવ ઘોષાલનો જન્મ 10 ઓગસ્ટ, 1986 ના રોજ કોલકત્તા ખાતે થયો હતો.
- વર્ષ 2003 થી તેમણે કેન્રી વ્યૂ ઓપનમાં PSA સફરની શરૂઆત કરી હતી.
- વર્ષ 2004 માં ઈંગ્લેન્ડના શેફિલ્ડ ખાતે ફાઈનલમાં ઈજિપ્તના એડેલ અલ સૈદને હરાવીને પ્રસિદ્ધ બ્રિટિશ જૂનિયર ઓપન અંડર – 19 સ્કવોશ ટાઈટલ જીતનાર પ્રથમ ભારતીય બન્યા હતા.
- તેમણે કોમનવેલ્થ ગેમ્સમાં ભારત માટે સ્કવોશમાં પ્રથમ વખત મેડલ જીત્યો હતો.
- એપ્રિલ 2019માં તે તેમની કારકિર્દીની ઉચ્ચ, વિશ્વ રેન્કિંગમાં 10માં નબર પર પંહોચ્યો હતો.

## હિમાચલપ્રદેશના ધર્મશાલા સ્ટેડિયમને મળશે ભારતની પ્રથમ 'હાઈબ્રિડ પિચ'



- ધર્મશાલામાં હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન (HPCA) સ્ટેડિયમ અત્યાધુનિક 'હાઈબ્રિડ પિચ' સ્થાપિત કરવા માટે BCCI દ્વારા માન્યતાપ્રાપ્ત પ્રથમ સ્થળ બની ગયું છે.
- હાઈબ્રિડ પિચ, નેધરલેન્ડ સ્થિત SISGrass નામની કંપની દ્વારા સ્થાપિત કરવામાં આવી છે.
- ક્રિકેટ સ્ટેડિયમનની અંદર કુદરતી ટર્ફમાં પોલિમર ફાઈબર ઉમેરવામાં આવે છે જેથી રમત દરમિયાન સર્જાતા તાણ માટે સપાટીને વધુ સ્થિતિસ્થાપક અને ટકાઉ બનાવી શકાય છે.
- હાઈબ્રિડ પીચ ટેક્નોલોજી વધુ ટકાઉ, સુસંગત અને ઉચ્ચ પ્રદર્શન કરતી રમતની સપાટી પ્રદાન કરશે.
- ICC દ્વારા T20 અને 50 ઓવરની મેચો માટે હાઈબ્રિડ પિચોનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી છે.

## હોકી ઈન્ડિયા એવોર્ડ 2023

- નવી દિલ્હીમાં આયોજિત છઠ્ઠા વાર્ષિક હોકી ઈન્ડિયા સમારોહમાં હોકીના ખેલાડીઓને તેમના અસાધારણ પ્રદર્શન અને રમતમાં યોગદાન માટે સન્માનિત કરવામાં આવ્યા હતા.

❖ **મેન્સ પ્લેયર ઓફ ધ યર**
- ભારતીય મેન્સ ટીમના વાઈસ કેપ્ટન હાર્દિક સિંહને પ્લેયર ઓફ ધ યર તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. તે ટોક્યો 2023 ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ વિજેતા ટીમ અને એશિયન ગેમ્સ 2023 માં ગોલ્ડ મેડલ વિજેતા ટીમનો ભાગ હતો.



❖ **સ્પોર્ટ્સ વુમન ઓફ ધ યર**
- ઓલિમ્પિયન સલીમા ટેટેને ગયા વર્ષે હંગઝોઉ એશિયન ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીતનારી ભારતીય મહિલા ટીમમાં તેની ભૂમિકા બદલ સ્પોર્ટ્સવુમન ઓફ ધ યરનો એવોર્ડ આપવામાં આવ્યો હતો.

❖ **હોકી ઈન્ડિયા લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ**
- મ્યુનિક 1972 ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતા અશોક કુમારને મેજર ધ્યાનચંદ લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- ગોલકીપર ઓફ ધ યર – પીઆર શ્રીજેશ
- ડિફેન્ડર ઓફ ધ યર – હરમનપ્રીત સિંહ
- મિડફિલ્ડર ઓફ ધ યર – હાર્દિક સિંહ
- ફોરવર્ડ ઓફ ધ યર – અભિષેક
- મહિલા અન્ડર – 21 પ્લેયર ઓફ ધ યર – દિપિકા સોરેંગ
- પુરુષ અન્ડર – 21 પ્લેયર ઓફ ધ યર – અરાઈજીત સિંઘ હુંદલ

**Hockey India વિશે....**
- સ્થાપના – 2009
- મુખ્યાલય – નવી દિલ્હી
- અધ્યક્ષ – દિલીપકુમાર તિર્કી

## એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ 2024

- એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ 11 થી 16 એપ્રિલ, 2024 દરમિયાન કિર્ગિસ્તાનના બિશ્કેક ખાતે યોજાઈ હતી.
- એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ 2024 માં ભારતે 4 સિલ્વર અને 5 બ્રોન્ઝ મેડલ સહિત કુલ 9 મેડલ જીત્યા હતા.
- વર્ષ 2023 માં રેસલિંગ ગ્લોબલ ગવર્નિંગ બોડી યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાને સસ્પેન્ડ કર્યા પછી ભારતીય કુસ્તી ટીમે પ્રથમ વખત ભારતીય ધ્વજ હેઠળ ભાગ લીધો હતો.

❖ **કાંસ્ય મેડલ વિજેતા**
- અભિમન્યુ (મેન્સ – 72 kg )
- વિકી (મેન્સ – 97 kg )
- શિવાની પવાર (વિમેન્સ – 50 kg )
- એન્ટિમ (વિમેન્સ – 65 kg )
- મનીષા (વિમેન્સ – 62 kg )

❖ **સિલ્વર મેડલ વિજેતા**
- ઉદિત (મેન્સ – 57 kg)
- રાધિકા (વિમેન્સ – 68 kg)
- અંજુ (વિમેન્સ – 53 kg)
- હર્ષિતા (વિમેન્સ – 72 kg)



# 10 નિમણૂક, વ્યક્તિ, પુસ્તક અને નિધન

## જસ્ટિસ અનિરુદ્ધ બોઝ નેશનલ જ્યુડિશિયલ એકેડમીના ડિરેક્ટર તરીકે નિયુક્ત

- સુપ્રીમ કોર્ટના જસ્ટિસ અનિરુધ્ધ બોઝની નેશનલ જ્યુડિશયલ એકેડમી (NJC), ભોપાલના નવા ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચૂડે નિવૃત ન્યાયાધીશના સન્માનમાં 10 એપ્રિલના રોજ યોજાયેલી ઔપચારિક બેન્ચ દરમિયાન તેમની નિમણૂક કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો.



### ❖ જસ્ટિસ અનિરુદ્ધ બોઝ

- 11 એપ્રિલ, 1959 ના રોજ કોલકત્તામાં જન્મેલા અનિરુદ્ધ બોઝે ઉચ્ચ માધ્યમિક શિક્ષણ પૂરું કર્યા પછી સુરેન્દ્રનાથ લો કોલેજમાં કાયદાનો અભ્યાસ કર્યો.
- 1985 માં કલકત્તા હાઈકોર્ટમાં, બંધારણીય, નાગરીક અને બૌદ્ધિક સંપદા કાયદાની પ્રેક્ટિસ શરૂ કરી.
- જાન્યુઆરી 2004 માં કલકત્તા હાઈકોર્ટના કાયમી ન્યાયાધીશ તરીકે નિમણૂક અને બાદમાં ઓગસ્ટ 2018 માં ઝારખંડ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે બઢતી થઈ.
- 24 મે 2019 ના રોજ સર્વોચ્ચ અદાલતમાં ઉન્નત થયા અને 10 એપ્રિલ, 2024 ના રોજ સર્વોચ્ચ અદાલતમાંથી નિવૃત થયા.

**નેશનલ જ્યુડિશિયલએકેડમી (NJA) વિશે....**

- ભોપાલમાં નેશનલ જ્યુડિશિયલ એકેડમી (NJA) ની સ્થાપના વર્ષ 1993 માં સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ, 1860 હેઠળ સ્વતંત્ર સોસાયટી તરીકે કરવામાં આવી હતી.
- સંપૂર્ણ રીતે ભારત સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે અને સુપ્રીમ કોર્ટની સૂચનાઓ હેઠળ કાર્ય કરે છે.
- NJA નો આદેશ ન્યાયાધીશોને તેમની નિર્ણાયક ભૂમિકામાં અને કોર્ટના વહીવટી કાર્યની કામગીરીમાં મદદ કરવા તાલીમ આપવાનો છે.
- NJA ની કામગીરીને નિયંત્રિત કરવા માટે ગવર્નિંગ કાઉન્સિલ (GC) અને જનરલ બોડી (GB) ની સ્થાપના કરવામાં આવી છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ NJA ના GC અને GB બંનેના અધ્યક્ષ છે.
- નેશનલ જ્યુડિશિયલ એકેડમીએ 2017 થી ફેબ્રુઆરી 2023 સુધી કુલ 347 શૈક્ષણિક કાર્યક્રમો હાથ ધર્યા હતા.
- જેમાં ન્યાયાધીશો, ન્યાયિક અધિકારીઓ, હાઈકોર્ટના ન્યાયાધીશો, ટ્રિબ્યુનલના સભ્યો અને વિદેશી ન્યાયાધીશોએ ભાગ લીધો હતો.
- પ્રાદેશિક પરિષદો સહિત વિશેષ કાર્યક્રમો, NJA ની પ્રવૃતિઓના હાઈલાઈટ્સ છે. જેમાં સમાન સમયગાળા દરમિયાન 19 અખબારો તેના શૈક્ષણિક પ્રયાસોને આવરી લે છે.

## ભારતીય ઉદ્યોગ સાહસિક ગોપીચંદ થોટાકુરા બ્લુ ઓરિજિન સ્પેસ મિશનમાં જોડાશે




- બ્લુ ઓરિજિન, જેફ બેઝોસ દ્વારા સ્થાપિત સ્પેસ કંપનીએ જાહેરાત કરી છે કે ભારતીય નાગરિક ગોપીચંદ થોટાકુરા આગામી ન્યુ શેપર્ડ મિશન પર છ સભ્યોના ક્રુનો ભાગ બનશે.
- જો સફળ થાય તો થોટાકુરા 1984 માં વિંગ કમાન્ડર રાકેશ શર્મા પછી અવકાશમાં બીજા ભારતીય નાગરીક બનશે અને ભારતના પ્રથમ સ્પેસ ટુરીસ્ટ બનશે.
- NS-25 મિશનમાં ક્રુ ના અન્ય સભ્યોમાં મેસન એન્જલ, સિલ્વેન ચિરોન, કેનેથ એલ હેસ, કેરોન શેલોર અને એડ હવાઈટનો સમાવેશ થાય છે.

### ❖ થોટાકુરા કોણ છે?

- ગોપીચંદ થોટાકુરા એક ઉદ્યોગસાહસિક છે જેમને બ્લુ સ્પેસ 'પાઈલટ અને એવિએટર તરીકે વર્ણવે છે જેમણે વાહન ચલાવતા પહેલા કેવી રીતે ઉડવું તે શીખી લીધું હતું'.
- તેઓ જ્યોર્જિયા સ્થિત સર્વગ્રાહી સુખાકારી અને એપલાઈડ હેલ્થ સેન્ટર, પ્રિઝર્વ લાઈફ કોર્પના સહ–સ્થાપક છે.
- વ્યાપારી ધોરણે જેટ ઉડાવવા ઉપરાંત તેઓ પાઈલોટ્સ બુશ, એરોબેટિક અને સી પ્લેન તેમજ ગ્લાઈડર અને હોટ એર બલૂન ચલાવે છે અને આંતરરાષ્ટ્રીય મેડિકલ જેટ પાઈલટ તરીકે સેવા આપી છે.
- તેમનો જન્મ વિજયવાડામાં થયો હતો અને તેમણે બેંગલુરુ સ્થિત સરલા બિરલા એકેડેમીમાંથી અભ્યાસ કર્યો હતો ત્યારબાદ ડેટોના બીચ, ફ્લોરિડામાં એમ્બ્રી – રિડલ એરોનોટીકલ યુનિવર્સિટીમાંથી એરોનોટિકલ સાયન્સમાં સ્નાતકની ડિગ્રી મેળવી.

### New Shepard મિશન વિશે....

- ન્યુ શેપર્ડ લોન્ચ સિસ્ટમનું નામ એલન શેપર્ડના નામ પરથી રાખવામાં આવ્યું છે, જે અવકાશમાં જનાર પ્રથમ અમેરિકન છે.
- NS-25 બ્લુ ઓરિજિનની સાતમી ક્રુ સબઓર્બિટલ સ્પેસ ફ્લાઈટ હશે.
- સબ ઓર્બિટલ સ્પેસ ફ્લાઈટ દરમિયાન, અવકાશયાન બાહ્ય અવકાશમાં પહોંચશે પરંતુ કુત્રિમ ઉપગ્રહ બનવાને બદલે તે પૃથ્વીના વાતાવરણમાં ફરી પ્રવેશતા પહેલા એક ભ્રમણકક્ષા પૂર્ણ કરશે.
- છ અવકાશયાત્રીઓ ન્યુ શેપર્ડના દબાણયુક્ત ક્રુ કેપ્સુલમાં બેઠા હશે. આ મિશન પર કોઈ પાઈલોટ નહી હોય કારણકે વાહન સંપૂર્ણ સ્વાયત્ત છે.

## ડો. નઈમા ખાતૂન AMU ના પ્રથમ મહિલા વાઈસ ચાન્સેલર બન્યા

- એક ઐતિહાસિક પગલામાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી (AMU) ના પ્રથમ મહિલા વાઈસ ચાન્સેલર તરીકે પ્રોફેસર નઈમા ખાતૂનની નિમણૂક કરી છે.
- AMU માંથી મનોવિજ્ઞાનમાં Ph.d કરનાર ડો. ખાતૂનનો યુનિવર્સિટી સાથે લાંબો ઈતિહાસ છે, તેમણે મહિલા કોલેજના લેક્ચરર, પ્રોફેસર અને પ્રિન્સિપાલ તરીકે સેવા આપી છે.
- તેમની શૈક્ષણિક સિદ્ધિઓ ઉપરાંત, ખાતૂને નેશનલ યુનિવર્સિટી ઓફ રવાન્ડામાં લેક્ચરર તરીકે પણ કામ કર્યુ છે, અને AMU માં વિવિધ વહીવટી હોદ્દાઓ સંભાળ્યા છે.
- ડો. નઈમા ખાતૂન કિલનિકલ, હેલ્થ, એપ્લાઈડ, સોશિયલ અને આધ્યાત્મિક મનોવિજ્ઞાન જેવા ક્ષેત્રોમાં પ્રકાશિત લેખક પણ છે.




### અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી વિશે....

- તેની સ્થાપના વર્ષ 1875 માં સર સૈયદ અહમદ ખાન દ્વારા કરવામાં આવી હતી.
- તે ઉત્તરાપ્રદેશના અલીગઢમાં સ્થિત પ્રખ્યાત જાહેર યુનિવર્સિટી છે.
- AMU કલા, વિજ્ઞાન, વાણિજ્ય, કાયદો અને એન્જિનિયરિંગ સહિતના અભ્યાસના વિવિધ ક્ષેત્રોમાં અન્ડરગ્રેજ્યુએટ, પોસ્ટગ્રેજ્યુએટ અને ડોક્ટરલ કાર્યક્રમોની વિશાળ શ્રેણી ઓફર કરે છે.

## પ્રોફેસર જયંત મૂર્તિના નામ પરથી એસ્ટરોઈડનું નામ



- ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયન (IAU) એ ભારતીય ખગોળશાસ્ત્રી પ્રોફેસર જયંત મૂર્તિના નામ પરથી 'એસ્ટરોઈડ (215884) જયંત મૂર્તિ' નામ આપીને સન્માન કર્યુ છે.
- એરિઝોના, યુએસએમાં કિટ પીક નેશનલ ઓબ્ઝર્વેટરી ખાતે 2005 માં MW Buie દ્વારા મૂળરૂપે શોધાયેલ અને અગાઉ 2005 EX296 તરીકે ઓળખાતો આ લઘુગ્રહ દર 3.3 વર્ષે મંગળ અને ગુરુ વચ્ચે સૂર્યની પરિક્રમા કરે છે.
- પ્રોફેસર જયંત મૂર્તિએ વર્ષ 2021 માં ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સ (IIA) માં તેમનો કાર્યકાળ પૂરો કર્યો, જ્યાં તેમણે જુલાઈ 2018 થી ઓક્ટોબર 2019 સુધી કાર્યકારી નિર્દેશક તરીકે સેવા આપી.
- હાલમાં તેઓ પ્રતિષ્ઠિત સંસ્થામાં માનદ પ્રોફેસરનું પદ ધરાવે છે.

### International Astronomical Union (IAU) વિશે....

- સ્થાપના – 1919
- વડુમથક – પેરિસ, ફ્રાન્સ

## NIA ના નવા ડિરેક્ટર જનરલ તરીકે સદાનંદ દાતેની નિમણૂક કરવામાં આવી

- તાજેતરમાં મહારાષ્ટ્ર એન્ટી ટેરરિઝમ સ્કવોડ (ATS) ના વડા સદાનંદ વસંત દાતેને રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) ના ડિરેકટર જનરલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
- તેઓ NIA ના નવા ડિરેક્ટર જનરલ તરીકે દિનકર ગુપ્તાનું સ્થાન લેશે.

**❖ સદાનંદ વસંત દાતે**

- તેઓ 1990 બેચના મહારાષ્ટ્ર કેડરના IPS અધિકારી છે.
- IPS સદાનંદ દાતે 26 નવેમ્બર, 2008 ની રાત્રે મુંબઈ હુમલા દરમિયાન લડત આપનાર કેટલાક અધિકારીઓમાંના એક હતા.
- તેમની બહાદુરી અને બુધ્ધિમત્તાને કારણે તેમણે ઘણા નાગરિકોને બચાવ્યા હતા. આ માટે તેમને રાષ્ટ્રપતિ મેડલ પણ એનાયત કરવામાં આવ્યું હતું.



- તેઓ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનમાં DIG અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સમાં IG તરીકે પણ સેવા આપી ચૂકયા છે.

### National Investigation Agency (NIA) વિશે....

- NIA એ ભારતની આતંદવાદનો સામનો કરવા માટેની સેન્ટ્રલ એજન્સી છે.
- વર્ષ 2008 માં મુંબઈમાં થયેલા $26/11$ ના આતંકી હુમલા બાદ આ એજન્સીની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અંતર્ગત 31 ડિસેમ્બર, 2008 ના રોજ ભારતીય સંસદ દ્વારા 'નેશનલ ઈન્વેસ્ટિગેશન એક્ટ, 2008' પસાર કરીને 2009 માં આ એજન્સીની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું વડુમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- આ ઉપરાંત હૈદરાબાદ, ગુવાહાટી, કોચિન, લખનૌ, મુંબઈ, કોલકત્તા, રાયપુર અને જમ્મુમાં પણ તેની શાખાઓ આવેલી છે.
- ભારત સરકારના ગૃહમંત્રાલય અંતર્ગત આ એજન્સી કામ કરે છે.

## ગોડ પાર્ટિકલની શોધ માટે જાણીતા પીટર હિગ્સનું નિધન



- હિગ્સ બોસોન પાર્ટિકલ અથવા ગોડ પાર્ટિકલની શોધ માટે પ્રખ્યાત બ્રિટિશ ભૌતિકશાસ્ત્રી પીટર હિગ્સનું 94 વર્ષની વયે નિધન થયું છે.
- હિગ્સ બોસોન, ઈલેક્ટ્રોન અથવા ક્વાર્ક જેવા પ્રાથમિક કણ, અન્ય મૂળભૂત કણોને સમૂહ પ્રદાન કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.
- પીટર હિગ્સે સૌપ્રથમ 1960 ના દાયકામાં હિગ્સ ક્ષેત્ર અને સંકળાયેલ હિગ્સ બોઝોનના અસ્તિત્વનો પ્રસ્તાવ મૂકયો હતો.
- હિગ્સ બોસોન એ હિગ્સ ફીલ્ડનું ક્વોન્ટમ ઉત્તેજના છે, જે સમગ્ર બ્રહમાંડમાં પ્રસરે છે અને અન્ય કણો સાથે ક્રિયા પ્રતિક્રિયા કરે છે, તેમને સમૂહ આપે છે.
- હિગ્સ બોસોનની શોધ પૂર્ણ થઈ જેને પાર્ટિકલ ફિઝિક્સના સ્ટાન્ડર્ડ મોડેલ તરીકે ઓળખવામાં આવે છે. જે તમામ મૂળભૂત કણોનું વર્ણન કરે છે.
- પાર્ટિકલ ફિઝિક્સના સ્ટાન્ડર્ડ મોડલ મુજબ, કણો હિગ્સ ફિલ્ડ સાથે ક્રિયાપ્રતિક્રિયા કરીને તેમનો સમૂહ મેળવે છે, જે સમગ્ર બ્રહમાંડમાં હાજર છે.
- હિગ્સ ફિલ્ડ સાથે કણ જેટલી મજબૂત રીતે ક્રિયાપ્રતિક્રિયા કરે છે, તે ક્ષેત્રને વધુ 'અહેસાસ' (feels) કરે છે અને તે વધુ વિશાળ બને છે.
- હિગ્સ બોસોન પ્રાયોગિક રીતે વર્ષ 2012 માં CERN, યુરોપિયન ઓર્ગેનાઈઝેશન ફોર ન્યુક્લિયર રિસર્ચ ખાતે લાર્જ હેડ્રોન કોલાઈડર (LHC) ખાતે શોધાયું હતું.

## નલીન પ્રભાતની NSG ના ડિરેક્ટર જનરલ તરીકે નિમણૂક



- તાજેતરમાં વરિષ્ઠ IPS અધિકારી નલીન પ્રભાતને ભારતના રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ (NSG) ના ડિરેક્ટર જનરલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
- આંધ્રપ્રદેશ કેડરના 1992 બેચના IPS અધિકારી નલીન પ્રભાત હાલમાં CRPF માં એડિશનલ ડાયરેક્ટર જનરલ તરીકે કાર્યરત છે.
- કર્મચારી મંત્રાલય દ્વારા જારી કરાયેલા આદેશ અનુસાર, કેબિનેટની નિમણૂક સમિતિએ 31 ઓગસ્ટ, 2028 સુધી NSG ડાયરેક્ટર જનરલ તરીકે નલીન પ્રભાતની નિમણૂક કરી છે.
- હાલમાં સશસ્ત્ર સીમા બલ (SSB) ના વડા દલજીતસિંહ ચૌધરી પાસે NSG નો વધારાનો હવાલો હતો.

### National Security Guard (NSG) વિશે....

- NSG ગૃહમંત્રાલય હેઠળનું ભારતનું આતંકવાદ વિરોધી એકમ છે.
- તેની સ્થાપના 16 ઓક્ટોબર, 1984 ના રોજ ઓપરેશન બ્લૂ સ્ટાર બાદ આતંકવાદી પ્રવૃતિઓનો સામનો કરવા અને રાજયોને આંતરિક વિક્ષેપ સામે રક્ષણ આપવા માટે કરવામાં આવી હતી.
- નેશનલ સિક્યુરિટી ગાર્ડ એક્ટ, 1986 હેઠળ ભારતની સંસદમાં ઔપચારિક સ્વરૂપ આપવામાં આવ્યું, તે ભારતના સાત કેન્દ્રીય પોલીસ દળોમાંનું એક છે.
- નેશનલ સિક્યુરિટી ગાર્ડ (NGS) ને સામાન્ય રીતે 'બ્લેક કેટ્સ' તરીકે ઓળખવામાં આવે છે.

# 11 એવોર્ડ અને પુરસ્કાર

## ભારતની ચંદ્રયાન – 3 મિશન ટીમને 2024 નો જહોન એલ. 'જેકે' સ્વિગર્ટ જુનિયર એવોર્ડ આપવામાં આવ્યો




- ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) ની ચંદ્રયાન – 3 મિશન ટીમને યુએસ સ્થિત સ્પેસ ફાઉન્ડેશન દ્વારા સ્પેસ એક્સપ્લોરેશન માટે 2024 નો જહોન એલ. 'જેકે' સ્વિગર્ટ, જુનિયર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.
- અવકાશ સંશોધન અને શોધના ક્ષેત્રમાં સ્પેસ એજન્સી, કંપની અથવા કન્સોર્ટિયમની નોંધપાત્ર સિદ્ધિઓની માન્યતા આપવા માટે આ પ્રતિષ્ઠિત પુરસ્કાર આપવામાં આવે છે.
- સ્પેસ ફાઉન્ડેશન, ચંદ્રયાન – 3 મિશનની અસાધારણ તકનીકી અને એન્જિનિયરીંગ સિદ્ધિઓને માન્યતા આપે છે.
- ફાઉન્ડેશને વૈશ્વિક અવકાશ ઈકોસિસ્ટમમાં ભારતના લોકોના નિર્વિવાદ નેતૃત્વ અને ચાતુર્યને પ્રકાશિત કર્યુ તથા અવકાશ સંશોધનમાં તેમના નોંધપાત્ર યોગદાનને દર્શાવ્યું.
- સ્પેસ એક્સપ્લોરેશન માટે જહોન એલ. 'જેકે' સ્વિગર્ટ, જુનિયર પુરસ્કાર 2024 માં સ્પેસ ફાઉન્ડેશન દ્વારા જહોન એલ. 'જેક' સ્વિગર્ટ જુનિયરની યાદમાં સ્થાપિત કરવામાં આવ્યો હતો, જેઓ ચંદ્ર પર નાસાના અપોલો 13 મિશનનો ભાગ હતા.

### સ્પેસ ફાઉન્ડેશન વિશે....

- સ્પેસ ફાઉન્ડેશન એ 1983 માં સ્થપાયેલ બિન – લાભકારી સંસ્થા છે, જે વૈશ્વિક અવકાશ ઈકોસિસ્ટમને સમર્પિત છે.
- તે અવકાશ સંશોધન અને શોધની પ્રગતિને આગળ વધારવા માટે સહયોગ, માહિતીની વહેંચણી અને શિક્ષણ પ્રદાન કરે છે.
- ફાઉન્ડેશન દ્વારા દર વર્ષે સ્પેસ સિમ્પોઝિયમનું આયોજન કરવામાં આવે છે, જે વૈશ્વિક અવકાશ ઈકોસિસ્ટમના નેતાઓને એકસાથે લાવે છે.

## મિસ AI : આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પ્રભાવકો માટે વિશ્વની પ્રથમ સૌંદર્ય સ્પર્ધા



- વર્લ્ડ એઆઈ ક્રિએટર એવોર્ડ્સ (WAICA) એ વિશ્વની પ્રથમ 'મિસ AI' સૌંદર્ય સ્પર્ધાની જાહેરાત કરી છે.
- વાસ્તવિકતા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વચ્ચેની રેખાઓને અસ્પષ્ટ કરતી ગ્રાઉન્ડબ્રેકિંગ ઈવેન્ટમાં, વિશ્વ ફક્ત AI – જનરેટેડ મોડલ્સ અને પ્રભાવકો માટે પ્રથમ સૌંદર્ય સ્પર્ધાનું સાક્ષી બનવા માટે તૈયાર છે.
- 'મિસ AI' તરીકે ડબ કરાયેલી આ અનોખી હરીફાઈ આ વર્ચ્યુઅલ સર્જનોને એકબીજાની સામે મુકશે, તેમની ઓનલાઈન હાજરી, સૌંદર્યશાસ્ત્ર અને તેમની રચના પાછળથી ટેકનિકલ કૌશલ્યના આધારે તેમનો નિર્ણય કરશે.
- નિર્ણાયક પેનલમાં બે AI – જનરેટેડ ન્યાયાધીશો, આ ઈટાના લોપેઝ અને એમિલી પેલેગ્રિની તેમજ બે માનવોનો સમાવેશ થાય છે. એન્ડ્રુ બ્લોચ અને સેલી – એન ફોસેટ.
- 'મિસ AI' ના વિજેતાને $ 5,000 રોકડ પુરસ્કાર, ફેનવ્યુ પ્લેટફોર્મ પર પ્રમોશન, $ 3,000 ના મૂલ્યનો મેન્ટરશિપ પ્રોગ્રામ અને $5,000 થી વધુની કિંમતનો PR સપોર્ટ મળશે.

## અમિતાભ બચ્ચનને લતા દીનાનાથ મંગેશકર એવોર્ડ 2024 થી સન્માનિત કરવામાં આવશે



- બોલિવુડના મેગાસ્ટાર અમિતાભ બચ્ચનને 24 એપ્રિલ, 2024 ના રોજ લતા દીનાનાથ મંગેશકર એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે.
- આ પુરસ્કાર બચ્ચનની સાડા પાંચ દાયકાની પ્રખ્યાત કારકિર્દીના ગાળામાં ભારતીય સિનેમાની દુનિયામાં અસાધારણ યોગદાનના પુરાવા તરીકે સેવા આપે છે.
- અમિતાભ બચ્ચન તેની સમગ્ર કારકિર્દી દરમિયાન 200 થી વધુ ફિલ્મોમાં કામ કરી ચૂકયા છે જેમાં 4 રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો અને અનેક ફિલ્મફેર પુરસ્કારો મેળવ્યા છે.

- વર્ષ 2015માં તેમને ભારતના બીજા – સૌથી ઉચ્ચ નાગરિક પુરસકાર પદ્મ વિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- આ કાર્યક્રમમાં અમિતાભ બચ્ચન ઉપરાંત અન્ય કેટલીક વ્યકિતઓને એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે.
- એ.આર. રહેમાન – ભારતીય સંગીતમાં યોગદાન માટે માસ્ટર દીનાનાથ મંગેશકર પુરસ્કાર
- રણદીપ હુડા – સિનેમામાં યોગદાન માટે વિશેષ પુરસ્કાર
- અશોક સરાફ અને પદ્મિની કોલ્હાપુરે – સિનેમામાં યોગદાન માટે
- રૂપકુમાર રાઠોડ – સંગીત ક્ષેત્રે યોગદાન
  - **પુરસ્કારના અગાઉના પ્રાપ્તકર્તાઓ**
  - વડાપ્રધાન નરેન્દ્ર મોદી (2022)
  - લતા મંગેશકરની બહેન આશા ભોસલે (2023)

**લતા દીનાનાથ મંગેશકર એવોર્ડ વિશે....**

- આ પુરસ્કાર માસ્ટર દીનાનાથ મંગેશકર સ્મૃતિ પ્રતિષ્ઠાન પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ અને મંગેશકર પરિવાર દ્વારા આપવામાં આવે છે.
- આ પુરસ્કાર લત્તા મંગેશકરની યાદમાં એવા વ્યકિતઓને આપવામાં આવે છે જે વિવિધ ક્ષેત્રોમાં તેમના કાર્ય દ્વારા ભારતીય સંસ્કૃતિ અને સમાજ પર નોંધપાત્ર પ્રભાવ પાડે છે.
- આ પુરસ્કાર લતા મંગેશકરના પિતા અને થીયેટર સંગીતના દિગ્ગજ દીનાનાથ મંગેશકરના સ્મારક દિવસ , 24 એપ્રિલના રોજ દર વર્ષે રજૂ કરવામાં આવે છે.

## REC લિમિટેડે SKOCH ESG એવોર્ડ 2024 જીત્યો



- REC લિમિટેડે રિન્યુએબલ એનર્જી ફાઈનાન્સિંગ માટે SKOCH ESG એવોર્ડ 2024 જીત્યો.
- REC એ પાવર મંત્રાલય હેઠળનું 'મહારત્ન' સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝ છે. અને તે RBI સાથે નોન–બેંકિંગ ફાઈનાન્સ કંપની (NBFC) અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સિંગ કંપની (IFC) તરીકે નોંધાયેલ છે.
- REC પાવર અને નોન પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર બંને માટે ભંડોળ પૂરું પાડે છે, જેમાં પુનઃપ્રાપ્ય, ઈલેક્ટ્રિક વાહનો અને ગ્રીન ટેક્નોલોજી સહિતના ક્ષેત્રો સાથે જનરેશનથી લઈને ટ્રાન્સપોર્ટેશન અને કમ્યુનિકેશન પ્રોજેક્ટ્સ સુધીની વિશાળ શ્રેણીનો સમાવેશ થાય છે.
- આ પુરસ્કાર ટકાઉ ધિરાણ માટે REC ની પ્રતિબદ્ધતાને માન્યતા આપે છે, જે ભારતની નવીનીકરણીય ઉર્જા અને હરિયાળા ભવિષ્યમાં સંક્રમણની સુવિધા આપે છે.

**SKOCH ESG પુરસ્કાર વિશે....**

- SKOCH ESG એવોર્ડ્સ એવી સંસ્થાઓને ઓળખે છે જે પર્યાવરણીય, સામાજિક અને ગવર્નન્સ (ESG) પ્રેક્ટિસમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન દર્શાવે છે.
- ટકાઉ વ્યાવસાયિક ભાવિ માટે ટકાઉ રોકાણો અને પ્રક્રિયાઓ વચ્ચેની કડી પર ભાર મૂકીને ભારત 2047 માટે સંસ્થાઓના સમર્પણનું મૂલ્યાંકન કરવા માટે એવોર્ડ એ નિર્ણાયક બેન્ચમાર્ક છે.
- SKOCH ગ્રુપ એ 1997 માં સ્થપાયેલ એક અગ્રણી ભારતીય થિંક ટેંક છે.

## માલ્કમ એડિશેશિયા એવોર્ડ 2024



- માલ્કમ એન્ડ એલિઝાબેથ એડિશેશિયા ટ્રસ્ટે બે પ્રતિષ્ઠિત પ્રોફેસર માટે ડો. માલ્કમ એડિશેશિયા નેશનલ એવોર્ડ 2024 ની જાહેરાત કરી છે.
- જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (JNU) ના પ્રોફેસર સુરિન્દર એસ. જોધકાને રૂા.2 લાખ અને પ્રશસ્તિપત્ર પ્રાપ્ત કરીને માલ્કમ એડિશેશિયા પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા છે.
- અઝીમ પ્રેમજી યુનિવર્સિટીના પ્રોફેસર વિકાસ કુમારને રૂા.1 લાખ અને પ્રશસ્તિપત્ર સાથે એલિઝાબેથ એડિશેશિયા એવોર્ડ આપવામાં આવ્યો હતો.
- માલ્કમ એડિશેશિયા એવોર્ડ ભારતના સૌથી પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પુરસ્કારોમાંનો એક છે, જે વિકાસ અભ્યાસના ક્ષેત્રમાં સામાજિક વૈજ્ઞાનિકોના ઉત્કૃષ્ટ યોગદાનને ઓળખે છે અને તેનું સન્માન કરે છે.
- તેની સ્થાપના વર્ષ 2000 માં માલ્કમ અને એલિઝાબેથ એડિશેશિયા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી હતી.
- આ પુરસ્કાર વાર્ષિક ધોરણે વિશિષ્ટ રીતે રચાયેલી રાષ્ટ્રીય જ્યુરી દ્વારા પ્રાપ્ત નામાંકનોમાંથી પસંદ કરાયેલ ઉત્કૃષ્ટ સામાજિક વૈજ્ઞાનિકોને આપવામાં આવે છે.
- માલ્કમ એડિશેશિયા એક ભારતીય વિકાસ અર્થશાસ્ત્રી અને શિક્ષણશાસ્ત્રી હતા, જેમને તેમના પ્રભાવશાળી કાર્ય માટે વર્ષ 1976 માં પદ્મ ભૂષણથી સન્માનિત કરવામાં આવ્યાં હતા.

## પાવુલુરી સુબ્બા રાવને અવકાશ વિજ્ઞાન યોગદાન માટે આર્યભટ્ટ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા

- અનંત ટેક્નોલોજીના સ્થાપક, CEO અને ચેરમેન પાવુલુરી સુબ્બા રાવને એરોનોટિકલ સોસાયટી ઓફ ઈન્ડિયા (ASI) દ્વારા પ્રતિષ્ઠિત 'આર્યભટ્ટ' એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.




- આર્યભટ્ટ પુરસ્કાર ઉપરાંત તેમને એરોસ્પેસ અને ઉડ્ડયન ક્ષેત્રે તેમના નોંધપાત્ર યોગદાનને સ્વીકારીને ASI દ્વારા 'વિશિષ્ટ ફેલો' નું બિરુદ પણ આપવામાં આવ્યું હતું.
- પાવુલુરી સુબ્બા રાવ પાસે ISRO માં 40 વર્ષથી વધુનો અનુભવ છે અને તેઓ એક ઉદ્યોગસાહસિક અને ટેક્નોલોજીસ્ટ છે.
- તેમણે વર્ષ 1993 માં ભારતીય અવકાશ કાર્યક્રમ (ISRO) અને ભારતીય સંરક્ષણ માટે વિશ્વસનીય પ્રણાલીઓ અને પેટા–સિસ્ટમ ડિઝાઈન કરવા, વિકસાવવા અને બનાવવા માટે અનંત ટેક્નોલોજી લિમિટેડની સ્થાપના કરી.

### આર્યભટ્ટ પુરસ્કાર વિશે....

- દર વર્ષે એસ્ટ્રોનોટિકલ સોસાયટી ઓફ ઈન્ડિયા એવા લોકોને પુરસ્કાર પ્રદાન કરે છે જેમણે ભારતમાં અવકાશ વિજ્ઞાન અને એરોસ્પેસ ટેક્નોલોજીના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.
- આ સોસાયટીની સ્થાપના વર્ષ 1990 માં થઈ હતી અને તે વર્ષ 1958 થી ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોટિકલ ફેડરેશનના સભ્ય છે.

Banking Academy



તાજેતરમાં જાહેર થયેલ Police Constable ની ભરતીમાં અમારી સફળતા
Once again Banking Academy shining
પોલીસ કોન્સ્ટેબલ Result - 2022
૨૦૨૨ માં પણ હંમેશા ની જેમ ગુજરાતમાં
શ્રેષ્ઠ રિઝલ્ટ આપવામાં અગ્રેસર
BHOOMI PATEL
JAYESH VALA
ALKESH VASAVA
VISHAL VALVI
AMIT GADHADARA
PRATIKBHAI GAMIT
HIRAL CHAUDHARI
PANKAJ CHAUDHARI
ALKESH CHAUDHARI
SANGITA GAMIT
NIRANJANA GAIN
VIRAL PATEL
ROHIT SHIMPI
Heartiest Congratulations
ADMISSION OPEN
GPSC I/II
ના.મામલતદાર
PSI/ASI
તલાટી
કોન્સ્ટેબલ
બિન સચિવાલય
TET I/II
તૈયારી માટેના નવા વર્ગો ટૂંક સમયમાં શરૂ
Our Branches
(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
સુરત (ઉધના) Ph. : 70461 40555
સુરત (વરાછા) Ph. : 70464 16555
સુરત (કતારગામ) Ph. : 70466 31555

# 12 મહત્વના દિવસો

## 01 - એપ્રિલ : રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) નો સ્થાપના દિવસ

- ભારતની મધ્યસ્થ બેન્ક અને બેન્કોની બેન્ક તરીકે ઓળખાતી ભારતીય રિઝર્વ બેન્ક (RBI) ની સ્થાપના ભારતીય રિઝર્વ બેન્ક અધિનિયમ, 1934 ની જોગવાઈ અનુસાર 1 એપ્રિલ, 1935 ના રોજ કરવામાં આવી હતી. આ વર્ષે તેનો 88 મો સ્થાપનાદિન છે.

### RBI ની સ્થાપનાનો ઈતિહાસ

- ડૉ. બાબાસાહેબ આંબેડકરે તેમના પુસ્તક The Problem of the Rupee-It's origin and it's solution માં આપેલા માર્ગદર્શન તથા નિર્દેશક સિદ્ધાંતોને આધારે વર્ષ 1926 માં ઈન્ડિયન કરન્સી એન્ડ ફાઈનાન્સની સંબંધિત રોયલ કમિશને ભારત માટે એક કેન્દ્રિય બેન્ક બનાવવાની ભલામણ કરી હતી. આ કમિશનની ભલામણને આધારે RBI ની સ્થાપના કરવામાં આવી હતી. આ કમિશનને હિલ્ટન યંગ કમિશનના નામથી પણ ઓળખવામાં આવે છે.
- શરૂઆતમાં RBI ખાનગી માલિકી હસ્તક હતી. વર્ષ 1949 માં તેનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું અને બેન્કિંગ વિનિમય અધિનિયમ, 1949 ઘડવામાં આવ્યો હતો. ત્યાર પછીથી ભારત સરકાર તેની પૂર્ણ માલિકી ધરાવે છે.
- RBI એ ભારતની તમામ બેન્કોનું સંચાલન કરતી હોવાથી તેને બેન્કોની બેન્ક કહેવામાં આવે છે.
- શરૂઆતમાં રિઝર્વ બેન્કનું કેન્દ્રિય કાર્યાલય કોલકતામાં સ્થાપવામાં આવ્યું હતું, જેને વર્ષ 1937 માં સ્થાયી રૂપથી મુંબઈમાં સ્થળાંતરિત કરવામાં આવ્યું હતું.
- મુંબઈ, નવી દિલ્હી, કોલકતા અને ચેન્નાઈ એમ 4 શહેરમાં RBI ના 4 ક્ષેત્રીય કાર્યાલયો આવેલા છે. જ્યારે 22 પ્રાદેશિક કાર્યાલયો આવેલા છે.




### RBI ના કાર્યો

- ભારતીય રિઝર્વ બેન્ક ભારતમાં મૌદ્રિક સ્થિરતા પ્રાપ્ત કરવા માટે બેન્ક નોટોના નિયમન કરવાનું તથા સંચિત નિધિ (Consolidated Funds) ને જાળવી રાખવાની કામગીરી કરે છે.
- RBI નાણાકીય નીતિનું સંચાલન કરવાનું, ક્રેડિટ નિયંત્રણ, ભારતીય બેન્કિંગ અને નાણાકીય વ્યવસ્થાને કરવાનું, સરકરના બેન્કર, એજન્ટ અને સલાહકાર તરીકે, વિદેશી મુદ્રા ભંડારનું સંરક્ષણ કરવાનું અને વિદેશી વિનિમય ભંડારને નિયમન કરવાનું કાર્ય કરે છે.
- RBI નાણાકીય નીતિ દ્વારા આર્થિક નીતિના લક્ષ્યો પ્રાપ્ત કરવાના હેતુથી નાણા પૂરવઠા પર નિયંત્રણ રાખે છે અને સમગ્ર અર્થતંત્ર માટે નીતિ ઘડે છે. નાણાકીય નીતિનો ઉદ્દેશ્ય ભાવ સ્થિરતા, આર્થિક વૃદ્ધિ, પૂર્ણ રોજગારી, બચત અને નાણા સંગ્રહને વિનિર્મિત કરવાનો છે.
- ઈ–કુબેર RBI નું કોર બેન્કિંગ સોલ્યુશન સોફટવેર છે. જેના દ્વારા RBI દરેક વાણિજ્યિક બેન્કોના ચાલુ ખાતાનો વહીવટ સંભાળે છે.

## 02 - એપ્રિલ : વિશ્વ ઓટીઝમ જાગૃતિ દિવસ (World Autism Awareness Day)

- દર વર્ષે સમગ્ર વિશ્વમાં 2 એપ્રિલના રોજ વિશ્વ ઓટીઝમ જાગૃતિ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ 'Moving from Surviving to Thriving : Autistic Individuals share regional perspectives' છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય ઓટીઝમથી પીડિત લોકોને ઓટીઝમ સામે લડવા તથા તેના નિદાન માટે પ્રોત્સાહિત કરવાનો તેમજ લોકોમાં જાગૃતતા લાવવાનો છે.
- આ દિવસ ઉજવવાની શરૂઆત સંયુકત રાષ્ટ્ર સામાન્ય સભા દ્વારા વર્ષ 2007માં દર વર્ષે 2 એપ્રિલને વિશ્વ ઓટીઝમ જાગૃતિ દિવસ તરીકે ઉજવવાની સત્તાવાર ઘોષણા કરવામાં આવી હતી.




- 2 એપ્રિલ, 2008 માં પ્રથમવાર વિશ્વ ઓટીઝમ જાગૃતિ દિવસ ઉજવવામાં આવ્યો હતો.

## 05 - એપ્રિલ : રાષ્ટ્રીય દરિયાઈ દિવસ (National Maritime Day)

- ભારતમાં દર વર્ષે 5 એપ્રિલના રોજ 'રાષ્ટ્રીય દરયિાઈ દિવસ' (National Maritime Day) ઉજવવામાં આવે છે.
- આ દિવસની શરૂઆત 5 એપ્રિલ, 1919 રોજ આધુનિક ભારતીય મર્ચન્ટ શિપિંગની શરૂઆત થઈ હતી.
- સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપનીનું સૌપ્રથમ જહાજ 'એસ.એસ. લોયલ્ટી' મુંબઈથી બ્રિટન જવા રવાના થયું હતું. તેની યાદમાં વર્ષ 1964 થી દર વર્ષે 5 એપ્રિલને રાષ્ટ્રીય દરિયાઈ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- આ વર્ષે 61મો રાષ્ટ્રીય દરિયાઈ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય વિશ્વના વિવિધ ખંડોની વચ્ચે દરિયાઈ માર્ગે સલામત, સુવ્યવસ્થિત અને પર્યાવરણને અનુકૂળ વ્યાપાર કરવા માટે સમર્થન પૂરું પાડવાનો છે. તેમજ દરિયાઈ ઉદ્યોગનાં ભારતનાં અર્થતંત્રમાં યોગદાનને બિરદાવવાનો છે.
- આ વર્ષે આ દિવસની થીમ 'Navigating the Future : Safety First' છે.




## 07 - એપ્રિલ : વિશ્વ આરોગ્ય દિવસ

- દર વર્ષે 7 એપ્રિલના રોજ 'વિશ્વ આરોગ્ય દિવસ' (World Health Day) ની ઉજવણી કરવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ 'My Health, My Right' છે.
- 7 એપ્રિલ, 1948 ના રોજ વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) ની સ્થાપના કરવામાં આવી હતી, તેથી 7 એપ્રિલના રોજ વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવે છે. સૌપ્રથમ આ દિવસ વર્ષ 1950 માં ઉજવાયો હતો. વર્ષ 2024 માં 74મો વિશ્વ આરોગ્ય દિવસ ઉજવવામાં આવી રહ્યો છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય સમગ્ર વિશ્વમાં સ્વાસ્થય વિશે જાગૃતિ લાવવાનો અને ઉપચાર વ્યવસ્થાને સુદૃઢ બનાવવાનો છે.




## 10 - એપ્રિલ : વિશ્વ હોમિયોપેથી દિવસ

- સમગ્ર વિશ્વમાં દર વર્ષે 10 એપ્રિલના રોજ વિશ્વ હોમિયોપેથી દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- જર્મનીમાં ડૉ. ક્રિસ્ચિયન ફ્રેડરિક સેમ્યુઅલ હનેમને વર્ષ 1796માં હોમિયોપેથી નામની નવી ચિકિત્સા પદ્ધતિ વિકસાવી હતી.
- તેઓની યાદમાં તેમના જન્મ દિવસ 10 એપ્રિલના રોજ વિશ્વ હોમિયોપેથી દિવસની ઉજવણી કરવામાં આવે છે.




## 11 - એપ્રિલ : રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ (National Safe Motherhood Day)

- ભારત સરકાર દ્વારા દર વર્ષે કસ્તુરબા ગાંધીના જન્મદિવસે 11 એપ્રિલના રોજ રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય સગર્ભા સ્ત્રીઓની યોગ્ય આરોગ્ય સંભાળ અને પ્રસુતિ સુવિધામાં આધુનિકતા લાવવાનો છે.
- દિવસ ઉજવણીની શરૂઆત વર્ષ 2003 માં 'White Ribbon Alliance India' ની ભલામણથી શરૂ કરવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણી કરનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ છે.



## 11 - એપ્રિલ : વિશ્વ પાર્કિન્સન્સ દિવસ




- પાર્કિન્સન્સ નામની બિમારી અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 11 એપ્રિલના રોજ 'વિશ્વ પાર્કિન્સન્સ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- પાર્કિન્સન્સ એ શરીરના સંતુલન સંબંધિત ગંભીર બિમારી છે.
- આ બિમારીના કારણો વિશે હજી સુધી ચોક્કસ માહિતી ઉપલબ્ધ થઈ શકી નથી.
- ડૉ. જેમ્સ પાર્કિન્સન્સ નામના વ્યકિતએ સૌપ્રથમ વર્ષ 1817માં આ બિમારીના લક્ષણોની શોધ કરી હતી. આથી, તેઓની યાદમાં ડૉ. જેમ્સ પાર્કિન્સન્સના જન્મદિન 11 એપ્રિલને 'વિશ્વ પાર્કિન્સન્સ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

## 14 - એપ્રિલ : ભારતીય બંધારણના પિતા ડૉ. બાબાસાહેબ આંબડકરની જન્મજયંતિ




- ડો. બાબાસાહેબ આંબેડકરની આ વર્ષે 133મી જન્મજંયતી છે.
- તેમનો જન્મ 14 એપ્રિલ 1891 મધ્યપ્રદેશના મહુ ગામમાં થયો.
- પૂરું નામ – ભીમ રામજી શકયાલ
- તેમના ગુરૂ – મહાત્મા જ્યોતિબા ફૂલે, સંત કબીર અને ભગવાન બુધ્ધ
- દર વર્ષે તેમની જન્મજંયતિ ને 'સમરસતા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

❖ **મુખ્ય કાર્યો :**

- વર્ષ 1927 માં દલિતોના હિત માટે "મહાડ સત્યાગ્રહ" શરૂ કર્યો.
- ત્રણેય ગોળમેજી પરિષદમાં ભાગ લીધો.
- 1932 માં ગાંધીજી સાથે પૂના સમજૂતી કરી.
- બંધારણ સભામાં ખરડા સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા.
- દેશના વચગાળાની સરકારમાં ભારતના પ્રથમ કાયદા મંત્રી બન્યા અને તે દરમિયાન હિંન્દુ કોડબિલ રજૂ કર્યુ.
- 1924 માં બહિષ્કૃત હિતકારીણી સભાની સ્થાપના
- બહિષ્કૃત ભારત (મરાઠી), જનતા સાપ્તાહિક, મૂકનાપક જેવા પત્ર શરૂ કર્યા.
- સ્વતંત્ર મજૂર પક્ષની સ્થાપના 1936 માં કરવામાં આવી.
- વર્ષ 1952 માં 'શેડયુલ કાસ્ટ ફેડરેશન પાર્ટી' ની રચના કરવામાં આવી.

❖ **સન્માન :**

- બંધારણ તૈયાર કરવામાં અભૂતપૂર્વ યોગદાન બદલ ભારતીય 'બંધારણના પિતામહ' માનવામાં આવે છે.
- કોલંબિયા યુનિવર્સિટીએ તેઓને આધુનિક ભારતના સ્થાપક પિતા ગણાવ્યા.
- વર્ષ 1990 માં તેમને મરણોપરાંત 'ભારતરત્ન' થી સન્માનિત કરવામાં આવ્યા.

❖ **કથન :**

- મારુ સામાજીક તત્વજ્ઞાન ત્રણ જ શબ્દોમાં ગુથાયેલુ છે. સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા.
- 'શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો.'

## 17 - એપ્રિલ : વિશ્વ હિમોફિલિયા દિવસ




- World Federation of Hemophilia દ્વારા દર વર્ષે 17 એપ્રિલના રોજ 'વિશ્વ હિમોફિલિયા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ હિમોફિલિયા અને અન્ય વારસાગત રકતસ્ત્રાવ વિકૃતિઓ વિશે લોકોમાં જાગૃતિ લાવવાનો છે.
- હિમોફિલિયા એ રકતસ્ત્રાવને લગતી એક આનુવંશિક બિમારી છે.
- જેમાં લોહી ગંઠાઈ ન જવાની ક્ષમતા ગંભીર રીતે ઘટી જાય છે, જેથી નાની ઈજા પર ગંભીર રકતસ્ત્રાવનું કારણ બની શકે છે.
- ફ્રેન્ક શ્નાબેલ (Frank Schnabel) એ 'વર્લ્ડ ફેડરેશન ઓફ હિમોફિલિયા'ની સ્થાપના કરી હતી.
- આથી, ફ્રેન્ક શ્નાબેલના જન્મ દિવસ 17 એપ્રિલે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2024ના વિશ્વ હિમોફિલિયા દિવસની થીમ 'Equitable access for all : recognizing all bleeding disorders' છે.

## 18 - એપ્રિલ : વિશ્વ વિરાસત દિવસ (World Heritage Day)

- દર વર્ષે 18 એપ્રિલને વિશ્વ વિરાસત દિવસ (World Heritage Day) તરીકે ઉજવવામાં આવે છે.
- તેને 'ઈન્ટરનેશનલ ડે ફોર મોન્યુમેન્ટ એન્ડ સાઈટ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ "Discover and Experience Diversity" છે.
- આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ્ય માનવ સંસ્કૃતિ સાથે સંકળાયેલાં ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્થળોના સંરક્ષણ અંગે જાગૃતિ લાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્રની સહસંસ્થા યુનેસ્કો (યુનાઈટેડ નેશન, એજ્યુકેશનલ, સાયિન્ટફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન – UNESCO) એ વર્ષ 1983માં 18 એપ્રિલને 'વિશ્વ વિરાસત દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરી.
- વર્ષ 1972 માં યુનેસ્કો દ્વારા વિરાસત સ્થળોના સંરક્ષણ અને જાળવણી માટે "Convention Concerning the Protection of the Protection of the world cultural and Natural Heritage" સંધિ લાગુ કરવામાં આવી.




## 19 - એપ્રિલ : વિશ્વ યકૃત દિવસ (World Liver Day)

- દર વર્ષે 19 એપ્રિલના રોજ વિશ્વ યકૃત દિવસ (World Liver Day) ની ઉજવણી કરવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ "Keep your Liver Healthy and Disease Free" છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય યકૃતના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપી, યકૃત સંબધિત રોગો વિશે લોકજાગૃતિ લાવવાનો છે.
- વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) દ્વારા વિવિધ કાર્યક્રમોના માધ્યમથી યકૃતની કાર્યપ્રણાલી અંગે જાણકારી આપવામાં આવે છે.




## 21 - એપ્રિલ : રાષ્ટ્રીય સનદી સેવા દિવસ (National Civil Services Days)

- દર વર્ષે 21 એપ્રિલના રોજ રાષ્ટ્રીય સનદી સેવા દિવસ (National Civil Services Day) ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય સનદી સેવા સાથે સંકળાયેલા અધિકારીઓના કાર્યો અને યોગદાનને પ્રોત્સાહન આપવાનો છે.
- 21 એપ્રિલ 1947 ના રોજ ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલે દિલ્હીના મેટકાફ હાઉસમાં ઓલ ઈન્ડિયા એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ ટ્રેનિંગ સ્કુલના પ્રોબેશનરી અધિકારીઓને ઐતિહાસિક સંબોધન કર્યુ હતું.
- આ દિવસની યાદમાં વર્ષ 2006 થી 21 એપ્રિલના રોજ સિવિલ સર્વિસ દિવસ ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી.




- ભારતમાં સિવિલ સર્વીસનો પાયો વોરન હેસ્ટિંગ્સ દ્વારા નાંખવામાં આવ્યો હતો. પરંતુ પાછળથી કોર્નવોલિસ દ્વારા તેમાં સુધારા કરવામાં આવ્યા હતા. આથી કોર્નવોલિસને ભારતમાં સિવિલ સર્વીસના પિતા તરીકે ઓળખવામાં આવે છે.

## 22 - એપ્રિલ : પૃથ્વી દિવસ (Earth Day)

- દર વર્ષે સમગ્ર વિશ્વમાં 22 એપ્રિલને પૃથ્વી દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- વર્ષ 2024ની થીમ 'Planet Vs Plastics' છે.
- ઉદ્દેશ – વિશ્વમાં પૃથ્વી અને પર્યાવરણના સંરક્ષણ તથા જળવાયુ પરિવર્તનના સંકટ પ્રત્યે લોક જાગૃતિ લાવવાનો છે.
- સૌ પ્રથમ આ દિવસની ઉજવણી 22 એપ્રિલ, 1970 ના રોજ કરવામાં આવી.
- વૈશ્વિક સ્તરે આ દિવસનું આયોજન EARTHDAY.ORG (બિન – લાભકારી સંસ્થા) દ્વારા કરવામાં આવે છે.




- વર્ષ 2009માં સંયુકત રાષ્ટ્રએ 22 એપ્રિલને આંતરરાષ્ટ્રીય માતૃ પૃથ્વી દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી.

## 23 – એપ્રિલ : વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ (World Book and Copyright Day)




- આ દિવસ પ્રતિવર્ષ 23 એપ્રિલના રોજ ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ : "Read your Way"
- યુનેસ્કો દ્વારા વર્ષ 2024 માટે વર્લ્ડ બુક કેપિટલ સીટી તરીકે ફ્રાન્સના સ્ટાર્સબર્ગ નામના શહેરની જાહેરાત કરવામાં આવી છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય માનવજાતાના સામાજિક અને સાંસ્કૃતિ વિકાસમાં લેખકોએ આપેલા યોગદાન પ્રત્યે નવી પેઢીમાં લોકજાગૃતિ અને પુસ્તકના વાંચન, પ્રકાશન અને કોપીરાઈટને પ્રોત્સાહન આપવાનો છે.
- સંયુકત રાષ્ટ્રની સહસંસ્થા યુનેસ્કો (UNESCO) દ્વારા વર્ષ 1995માં ફ્રાન્સના પેરિસ ખાતે યોજાયેલી સામાન્ય સભામાં 23 એપ્રિલને વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ તરીકે ઉજવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.

## 24 – એપ્રિલ : રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ (National Panchayati Raj Day)




- ભારતમાં પ્રતિ વર્ષ 24 એપ્રિલના રોજ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ ઉજવવામાં આવે છે.
- પંચાયતી રાજનો 73મો બંધારણીય સુધારો 1992નો અમલ 24 એપ્રિલ 1993થી થયો. આથી 24 એપ્રિલને રાષ્ટ્રીય પંચાયતી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સૌપ્રથમ વખત આ દિવસની ઉજવણી 24 એપ્રિલ 2010માં કરવામાં આવી હતી.
- આ દિવસને રાષ્ટ્રીય સ્થાનિક સ્વરાજ્ય દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારતમાં 73મા બંધારણીય સુધારા દ્વારા બંધારણના ભાગ 9માં અનુચ્છેદ 243થી 243(O) અંતર્ગત પંચાયતી રાજ ઉમેરવામાં આવ્યું છે.

## 25 – એપ્રિલ : વિશ્વ મલેરિયા દિવસ (World Malaria Day)




- પ્રતિવર્ષ 25 એપ્રિલના રોજ વિશ્વ મલેરિયા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ : "Accelerating the fight agains Malaria for a more equitable world"
- સંયુકત રાષ્ટ્રની સહસંસ્થા વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) દ્વારા વર્ષ 2008થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય મલેરિયા જેવી ગંભીર બિમારીને નિયંત્રિત કરવાનો અને તેના પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો છે.
- 23 એપ્રિલ 2019ના રોજ આફ્રિકી દેશ મલાવીમાં વિશ્વની પ્રથમ મલેરિયાની રસી લોન્ચ કરવામાં આવી. આ રસીનું નામ RTS-S/A S01 છે. તેનું વ્યાપારી નામ Mosquirix છે.

## 26 – એપ્રિલ : વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ (World Intellectual Property Day)




- આપણા રોજબરોજના જીવનમાં બૌદ્ધિક સંપદાના પ્રદાન વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી દર વર્ષે 26 એપ્રિલના રોજ 'વિશ્વ બૌદ્ધિક સંપદા દિન'ની ઉજવણી કરવામાં આવે છે.
- World Intellectual Property Organization (WIPO) દ્વારા વર્ષ 2000માં આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- 26 એપ્રિલની તારીખ વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ તરીકે ઉજવવા માટે એટલા માટે પસંદ કરવામાં આવી છે કારણકે આ દિવસે 'વિશ્વ બૌદ્ધિક સંપદા' સંસ્થાની સ્થાપના માટેનું સંમેલન અમલમાં આવ્યું હતું.
- વર્ષ 2024ની 'વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ'ની થીમ 'IP and the SDGs : Building Our Common Future with Innovation and Creativity' છે.

# 13 Current Affairs Booster

**1. તાજેતરમાં International Astronomical Union (IAU) એ ચંદ્રયાન – 3 ના લેન્ડિંગ સાઈટના 'શિવ શક્તિ' નામને મંજૂરી આપી છે, આ IAU નુ મુખ્યમથક કયાં સ્થિત છે?**
(A) લૌસાન, સ્વિત્ઝર્લેન્ડ (B) ફલોરિડા, યુ.એસ.એ (C) **પેરિસ, ફ્રાન્સ** (D) લંડન, યુ.કે.

**2. તાજેતરમાં LCA તેજસ માર્ક 1A ફાઈટર એરક્રાફટની બેંગ્લૂરૂમાં પ્રથમ ઉડાન સફળ રહી હતી. આ એરક્રાફટ કોના દ્વારા નિર્માણ હેઠળ છે?**
(A) **હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ** (B) એરોનોટિક્લ ડેવલપમેન્ટ એજન્સી
(C) ટાટા એડવાન્સ સિસ્ટમ લિમિટેડ (D) ભારત ડાયનામિક્સ લિમિટેડ

**3. ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા (IRDAI) એ હાલમાં વીમા પોલિસીના ખરીદ, વેચાણ સર્વિસ માટે કયુ ઓનલાઈન માર્કેટ પ્લસ સ્થાપ્યુ?**
(A) બીમા સુલભ (B) બીમા અતુલ્ય (C) **બીમા સુગમ** (D) બીમા સશક્ત

**4. તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા અરુણાચલપ્રદેશ અને નાગાલેન્ડમાં આર્મ્ડ ફોર્સીસ (સ્પેશિયલ પાવર્સ) એક્ટ, 1958 (AFSPA) નુ વિસ્તરણ કરવામાં આવ્યુ આ કાયદા અંગે સાચા વિધાન પસંદ કરો.**
(1) મૂળ રૂપે આ કાયદો હિંદ છોડો ચળવળ સમયે અંગ્રેજો દ્વારા લાગૂ કરવામાં આવ્યો હતો.
(2) આ કાયદા દ્વારા 'ડિસ્ટર્બ એરિયા' ની જાહેરવ્યવસ્થા માટે વિશેષ સત્તા સશસ્ત્ર દળો ને આપવામાં આવે છે.
(3) કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર તેમના પ્રદેશના ભાગોને ડિસ્ટર્બ એરિયા તરીકે જાહેર કરી શકે છે.
(4) આ સમયે નાગરિકો પર કરવામાં આવેલ કાર્યવાહીથી સશસ્ત્ર દળો મૂકત છે.
(A) માત્ર 1, 2, 3, 4 (B) **માત્ર 1, 2, 4** (C) માત્ર 2, 4 (D) માત્ર 1, 2, 3

**5. તાજેતરમાં PSLV ઓર્બિટસ એક્સપેરિમેન્ટલ મોડયુલ – 3 (POEM – 3) ચર્ચામાં રહયુ હતુ. જે અંગે સાચા વિધાન પસંદ કરો.**
(A) આ POEM-3 ISRO દ્વારા અવકાશી કાટમાળ ઘટાડવા સાથે સંકળાયેલ છે.
(B) PSLV C -58 / XPoSat આ માટે શૂન્ય કાટમાળ છોડયાની સિદ્ધિ મેળવી છે.
(C) POEM – 3 માં PSLV ના છેલ્લા તબક્કાને ઓર્બિટલ સ્ટેશનમાં રીયુઝ કરી કાટમાળ શૂન્ય સુધી કરવામાં આવે છે.
(D) **ઉપરોક્ત તમામ સત્ય છે.**

**6. તાજેતરમાં India TB રિપોર્ટ – 2024 જાહેર કરવામાં આવ્યો જે અંગે સત્ય વિધાન પસંદ કરો.**
(1) આ રિપોર્ટ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવ્યો.
(2) આ રિપોર્ટ પ્રમાણે 2015 થી નવા કેસોમાં એકંદરે ઘટાડો જોવા મળ્યો પણ મૃત્યુદરમાં ઘટાડો નોંધાયો નથી.
(3) આ રિપોર્ટ મુજબ પાછલા વર્ષોમાં ટી.બી. ના સૌથી વધુ કેસ ઉત્તર પ્રદેશમાં નોંધાયા છે.
(A) માત્ર 1, 2, 3 (B) માત્ર 1, 2 (C) **માત્ર 1, 3** (D) માત્ર 2, 3

**7. તાજેતરમાં 'T+O' શબ્દ ચર્ચામાં રહયો હતો, તે નીચે મુજબ શા ની સાથે સંકળાયેલ છે?**
(A) ફ્રી ટુરિઝમ વિઝા (B) **ટ્રેડિંગ સેટલમેન્ટ સાયકલ** (C) ફાસ્ટ ટ્રાન્સપોર્ટ ફેસિલિટિ (D) ડેવલપડ ટેલિકોમ ટાવર્સ

**8. તાજેતરમાં સુપ્રિમ કોર્ટ દ્વારા 'ગ્રેટ ઈન્ડિયન બર્સ્ટડ' પક્ષીઓ અંગે એક સમિતિની રચના કરવામાં આવી આ અંગે કયુ વિધાન સાચુ નથી?**
(1) ગ્રેટ ઈન્ડિયન બર્સ્ટડ માટે આ સમિતિ તેમની વસતીના સંરક્ષણ અને ઊર્જાના રિન્યુએબલ સ્ત્રોતોને પ્રોત્સાહન આપવા રચવામાં આવી છે.
(2) આ પક્ષી માટે ઉચ્ચ શક્તિવાળા પાવર કેબલ અત્યંત જોખમી હોય, તેને ભૂગર્ભમાંથી પસાર કરવાની સમીક્ષા છે.
(3) આ પક્ષી IUCN રેડ લિસ્ટમાં ગંભીર રીતે જોખમમાં મુકાયેલ છે.
(4) આ પક્ષી સિક્કિમનુ રાજય પક્ષી છે.
(A) માત્ર 1, 2, 3, 4 (B) માત્ર 1, 2, 3 (C) માત્ર 3 (D) **માત્ર 4**

**9. તાજેતરમાં નેચરલ જનરલમાં પ્રકાશિત થયેલ એન્ટાર્કટિક સર્કમ્પોલર કરંગ અંગેના સંશોધન મુજબ નીચે પૈકી કયા વિધાન ખોટા નથી?**
(A) એન્ટાર્કટિક પરિભ્રમણ પ્રવાહની અસર સમસ્ત વિશ્વની આબોહવા પર પ્રભાવ પાડે છે.
(B) આ એન્ટાર્કટિક સર્કમ્પોલર કરંગ (ACC) હિંદ મહાસાગર, પેસિફિક અને એટલાન્ટિક મહાસાગરને જોડતો પ્રવાહ જેની તાજેતરમાં ઝડપ વધુ થઈ છે.
(C) ઉપરોક્ત બંને વિધાન સાચા નથી. (D) **ઉપરોક્ત બંને વિધાન ખોટા નથી.**

**10. નીચે પૈકી કયા ટાપુ પર 'સેન્ટ એન્થોની ચર્ચ' એકમાત્ર માળખુ હયાત છે?**
(A) મુપ્પલ થીવુ ટાપુ (B) શ્રીરંગમ્ ઉપ્પુતાની ટાપુ (C) કટ્ટુ કટ્ટુપલ્લી ટાપુ (D) **કાચાથીવુ ટાપુ**



Banking Academy

**11. તાજેતરમાં ભારતે IMT TRILAT-2024 માં ભાગ લીધો હતો જે અંગે સાચા વિધાન જણાવો.**
(1) આ ક્વાયત ભારત – મોઝામ્બિક અને તાજિકિસ્તાન વચ્ચે યોજવામાં આવી હતી.
(2) આ દરિયાઈ સહયોગ વધારવા નૌકાદળ વચ્ચેની ક્વાયત છે.
(3) 2024 માં આ ક્વાયત મોઝામ્બિક ખાતે યોજવામાં આવી હતી.
(4) હાર્બર તબક્કો અને સમુદ્ર તબક્કો આમ આ ક્વાયતના બે તબક્કાઓમાં યોજવામાં આવી હતી આ ક્વાયત.
(A) માત્ર 1, 2, 3, 4 (B) માત્ર 1, 2, 3 (C) **માત્ર 2, 3, 4** (D) માત્ર 2, 3

**12. પર્યાવરણમાં છોડવામાં આવતા 'માઈક્રોપ્લાસ્ટીક' વિશે શા માટે મોટી ચિંતા છે?**
(A) **તેઓ દરિયાઈ જીવસૃષ્ટિ માટે હાનિકારક છે.**
(B) તેઓ બાળકોમાં ચામડીના કેન્સરનું કારણ માનવામાં આવે છે.
(C) તે સિંચાઈવાળા ખેતરોમાં પાકના છોડ દ્વારા શોષી શકાય તેટલા નાના હોય છે.
(D) તેઓ ઘણીવાર ખોરાકમાં ભેળસેળ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.

**13. તાજેતરમાં હોકી ઈન્ડિયા એવોર્ડ–2023 સ્પોર્ટ્સ વુમન ઓફ યર કોણે જીત્યો હતો?**
(A) સવિતા પુનિયા (B) નિક્કી પ્રધાન (C) **સલીમા ટેટે** (D) બલજીત કૌર

**14. નીચે આપેલ વિધાનોમાંથી સાચા વિધાન પસંદ કરો.**
